CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૫૬
તા.૦૩-૦૪-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૩ ચૈત્ર સુદ - ૦૭
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૨ સૂર્યાસ્ત : ૦૬:૫૫

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૦ | વડોદરા | ૪૦.૬ |
| અમદાવાદ | ૪૦.૧ | સુરત | ૩૯.૨ |
| ગાંધીનગર | ૪૦.૮ | નલિયા | ૩૫.૪ |

ચાંદી : ૪૨૨૦૦ સોનું : ૨૯૦૦૦

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# સબસીડીવાળા સિલિન્ડર કિંમતમાં ૫.૫૭ રૂપિયાનો વધારો

## ગેસ સિલિન્ડરની કિંમત વધતા લોકો પર વધુ બોજ પડશે : બિનસબસીડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૪.૫૦ રૂપિયા સુધી ઘટાડો એટીએફની કિંમતમાં પાંચ ટકાનો ઘટાડો થતા વિમાની ભાડા ઘટે તેવા સંકેતો

નવી દિલ્હી

એવિએશન ટર્બાઈન ફ્યુઅલ અથવા તો એટીએફની કિંમતમાં પાંચ ટકાથી વધુનો ઘટાડો કરવામાં આવ્યો છે. વિમાની ભાડા ઘટાડવાના સંદર્ભમાં હજુ સુધી કોઈ વિમાની કંપનીએ સંકેત આપ્યો નથી પરંતુ એટીએફ અથવા તો જેટ ફ્યુઅલની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ વિમાની ભાડામાં ઘટાડો થઈ શકે છે. છેલ્લા બે મહિનામાં કિંમતમાં વધારો કરવામાં આવ્યા બાદ એટીએફની કિંમતમાં હવે ઘટાડો કરવામાં આવ્યો છે. સબસીડીવાળા એલપીજીની કિંમતમાં પ્રતિ સિલિન્ડર ૫.૫૭ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે બિનસબસીડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં આંતરરાષ્ટ્રીય પ્રવાહને ધ્યાનમાં લઈને પ્રતિ સિલિન્ડર ૧૪.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જેટ ફ્યુઅલ અથવા તો એટીએફની કિંમતમાં પ્રતિ કિલો લીટર ૨૮૧૧.૩૮ રૂપિયા અથવા તો ૫.૧ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. જેથી જેટ ફ્યુઅલ અથવા તો એટીએફની કિંમત ઘટીને પ્રતિ કિલો લીટર ૫૧૪૨૮ રૂપિયા થઈ ગઈ છે. આ કિંમતો પહેલી એપ્રિલથી અમલી કરવામાં આવી છે. ઓઈલ કંપનીઓ દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. પહેલી માર્ચ અને પહેલી ફેબ્રુઆરીના દિવસે વધારો કરવામાં આવ્યા બાદ હવે એટીએફની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આવી જ રીતે બિનસબસીડીવાળા એલપીજીની કિંમતમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. ૧૪.૨ કિલોગ્રામના ૧૨ ગેસ સિલિન્ડરના ક્વોટા બાદ જે ગેસ સિલિન્ડર ખરીદવામાં આવે છે તેની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો છે. તેની કિંમતમાં ૧૪.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આ કિંમત હવે ઘટી જતા રાહત થઈ શકે છે. પહેલી માર્ચના દિવસથી રેટમાં સિલિન્ડર દીઠ ૮૬ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. હાલના વર્ષોમાં આ સૌથી જંગી વધારો હતો. જ્યારે પહેલી ફેબ્રુઆરીએ અમલી બને તે રીતે પ્રતિ સિલિન્ડર ૬૬.૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. ઓકટોબર ૨૦૧૬ બાદથી રેટમાં સતત વધારો થઈ રહ્યો હતો. બીજી બાજુ બિનસબસીડીવાળા એલપીજી સિલિન્ડરની કિંમત દિલ્હીમાં સપ્ટેમ્બરમાં ૪૬૬.૫૦ રૂપિયા હતી. તેમાં છ ઈન્સ્ટોલમેન્ટમાં ૫૮ ટકાનો અથવા તો ૨૭૧ રૂપિયાનો વધારો થઈ ચુક્યો છે.

## અલ્હાબાદ હાઈકોર્ટના સમાપન કાર્યક્રમમાં મોદીનું વેધક સંબોધન

# એસએમએસથી કેસની તારીખ મળે તેવી વ્યવસ્થા જરૂરી : મોદી

### વીડિયો કોન્ફરન્સીંગ મારફતે કોર્ટને જોડી દેવાશે તો ખૂબ પૈસા બચશે : સાથે સાથે તકલીફો પણ ઓછી થશે : તેમની સરકારે ૧૨૦૦ કાયદાને ખતમ કર્યા

અલ્હાબાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે અલ્હાબાદ હાઈકોર્ટની ૧૫૦મી વર્ષગાંઠના સમાપન કાર્યક્રમમાં હાજરી આપવા માટે પહોંચ્યા હતા. વડાપ્રધાને આ કાર્યક્રમમાં ન્યાયપાલિકાની સમસ્યાઓ અને પડકારોનો સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો હતો. પડકારો અને સમસ્યાનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે નવી ટેકનિક અપનાવાનો સમય આવી ગયો છે. એસએમએસથી તારીખ મળે તેવી વ્યવસ્થા કરવા ઉપર ભાર મોદીએ મુક્યો હતો. મોદીએ ઉત્તરપ્રદેશની નવી યોગી સરકારને જેલ અને કોર્ટને જોડવા માટે પગલાં લેવાની આશા પણ વ્યક્ત કરી હતી. વડાપ્રધાને કહ્યું હતું કે કાયદાકીય ગૂંચવણને ઘટાડવા માટે તેમની સરકાર દરરોજ કોઈને કોઈ જૂના કાયદાને ખતમ કરી રહી છે. તેમની સરકાર આવ્યા બાદથી ૧૨૦૦થી વધુ કાયદાઓને ખતમ કરી દેવામાં આવ્યા છે જે બિલકુલ બિનજરૂરી અને જટીલ સ્થિતિ ઉભી કરે તેવા હતા. મોદીએ કહ્યું હતું કે કોર્ટ અને જેલને જો વીડિયો કોન્ફરન્સીંગ સાથે જોડી દેવામાં આવે તો ઘણો સમય બચાવી શકાય છે. તેમણે ઉમેર્યું હતું કે જેલથી કેદીઓને કોર્ટમાં લાવવાની બાબત ખૂબ જ મુશ્કેલરૂપ હોય છે અને આ બાબતથી પોલીસ અને તંત્રના આધિકારીઓ સંપૂર્ણપણે પરિચત પણ છે. આ વ્યવસ્થામાં હવે ફેરફાર કરવામાં આવે તે જરૂરી છે. રાજ્યમાં હવે યોગી સરકાર આવી ગઈ છે જેથી આશા છે કે આ તમામ બાબત બંધ થશે.

## વિચાર વૈભવ...

જાપાને અણુબોંબની ખાખમાંથી ઊભું થઈ સુનામી, વાવાઝોડા વગેરેમાં ખતરનાક આંસુ રિએક્ટરની મુશ્કેલીમાંથી પણ ઊગરીને આજે પાછું પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરી લીધુ છે, એનું રહસ્ય એ છે કે તેમની શિસ્ત અને સંસ્કારિતા... ત્યાગ ભાવના અને રાષ્ટ્રપ્રેમ.

ભારતની ટ્રેનોમાં ગીર્દી ખૂબ જ હોય છે. કુલીને 'સોપારી' આપી જગ્યા મેળવી લઈએ, બારીમાંથી થેલો નાખી 'સીટ રિઝર્વેશન' કરી લઈએ.. એક- બે સીટ વધારે રોકી 'બ્લેકમેલ' કરીએ.. પ્રવેશ મેળવવા જ ધમાચકડી થાય એનું તો વર્ણન જ અશક્ય છે.

જાપાનની લોકલ ટ્રેનમાં પણ ગીર્દી તો હોય છે જ, પણ ટ્રેન આવવાના સમય પહેલાં ડબ્બાના નિયત સ્થાન પાસે 'પ્રવેશ માટે પણ 'ક્યૂ' હોય છે. બધા ઊતરનારા ઊતરી જાય પછી જ શિસ્તબદ્ધ પ્રવાસી ચઢે છે.

ગુજરાતી પ્રવાસી મોહનભાઈ પરીખ એ લોકલ ટ્રેનમાં હતા. તેમની બાજુની સીટ ખાલી હતી. પ્રવાસી લોકલની વચ્ચે ઊભા રહેવાની જગ્યામાં હેન્ડલ પકડી ઊભાં હતાં પણ એ ખાલી સીટ પર કોઈ બેસતું ન હતું. મેં મારા પરિચિત એક જાપાનીને પૂછ્યું. આ બેઠક ખાલી છે છતાં કોઈ બેસતું કેમ નથી?

પેલા જાપાનીઝ સદ્‌ગૃહસ્થે કહ્યું, બેસવું તો બધાને છે પણ કોઈ મોટી વય, કોઈ સ્ત્રી સન્માન વગેરેનો વિચાર કરી 'ત્યાગ ભાવના' ને કારણે કોઈ બેસતું નથી. બધા બીજાને સવલત મળે એનો જ વિચાર કરે છે.. આવી ભાવના માત્ર 'ટ્રેન' માંજ નહીં, જાપાનના જીવન વ્યવહારમાં પણ છે- એટલે જ તો આ દેશ ઝડપથી ઊંચો આવી જાય છે.

- સુરેશ પ્રા.ભટ્ટ

## સામાજિક સુરક્ષા યોજના હેઠળ પગાર મર્યાદામાં વધારો થશે

# ઈપીએફઓની જાળમાં વધુ એક કરોડ વર્કરો આવરી લેવા તૈયારી

### પગાર મર્યાદાને મહિને ૧૫ હજારથી વધારીને ૨૫ હજાર કરાશે : દરખાસ્ત પર વિચારણાનો દોર જારી : વધારાનો ૨૭૦૦ કરોડ રૂપિયાનો બોજ પડશે

નવી દિલ્હી

રિટાયર્ડમેન્ટ ફંડ બોડી ઈપીએફઓ તેની જાળમાં વધુ એક કરોડ વર્કરો આવરી લેવાની તૈયારીમાં છે. આના ભાગરૂપે ઈપીએફઓ તેની સોશિયલ સિક્યુરિટી સ્કીમ હેઠળ ફરજિયાત કવરેજ માટે પગાર મર્યાદા મહિને ૧૫ હજારથી વધારીને ૨૫ હજાર રૂપિયા કરવાની તૈયારીમાં છે. ૨૫ હજારની ઉંચા પગારની મર્યાદા ધરાવનારને પણ ઈપીએફઓની જાળમાં આવરી લેવામાં આવનાર છે. હાલમાં ૧૫ હજાર રૂપિયા મહિને કમાવનાર વર્કરોને આમાં સામેલ કરવામાં આવ્યા છે. હવે ૨૫૦૦૦ મહિને આવક ધરાવનાર ફોર્મલ સેકટરના વર્કરોને પણ ઈપીએફઓની જાળમાં આવરી લેવાની તૈયારી કરી લેવામાં આવી છે. તેની સિક્યુરીટી સ્કિમ હેઠળ ફરજિયાત કવરેજમાં પગાર મર્યાદા વધારવામાં આવનાર છે. એમ્પલોઈઝ ફંડ ઓર્ગેનાઈઝેશન ટ્રસ્ટીની બેઠક ગુરૂવારના દિવસે યોજાઈ હતી. જેમાં પગાર મર્યાદાના મુદ્દા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પગાર મર્યાદાને વધારવાની આ દરખાસ્ત ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા કરાયા બાદ હવે તેને ઈપીએફઓની જાળમાં આવરી લેવામાં આવનાર છે.

## ઉત્તરપ્રદેશમાં ખુરજા પાવર પ્રોજેક્ટને કેન્દ્રની લીલીઝંડી

નવી દિલ્હી

કેન્દ્ર સરકારે ઉત્તરપ્રદેશના બુલંદશહેર જિલ્લામાં ૯૭૪૭.૫ કરોડના ખર્ચે ૧૩૨૦ મેગાવોટના કોલસા આધારીત સુપર ક્રિટીકલ ખુરજા થર્મલ પાવર પ્રોજેક્ટ સ્થાપિત કરવા માટે લીલીઝંડી આપી દીધી છે. સૂચિત પ્રોજેક્ટ ઉત્તરપ્રદેશ સરકારની સાથે સરકારી ટીએસડીસી ઈન્ડિયા લિમિટેડ દ્વારા અમલી કરવામાં આવનાર છે. ઉત્તરપ્રદેશ સરકાર ઉત્તર ભારતમાં સામનો કરવામાં આવી રહેલી વીજળીની તંગીને દુર કરવાના પ્રયાસ કરશે. ૬૬૦ મેગાવોટના બે યુનિટ સ્થાપના કરા માટેની દરખાસ્ત પણ રહેલી છે.

# ગુજરાત ચૂંટણી : ભાજપના ૪૦ ટકા ધારાસભ્યોની ટીકીટ કપાશે

### મહિલાઓ અને યુવાનોને પ્રાધાન્ય અપાશે, ૭૦ વર્ષથી ઉપરનાને ટીકીટ નહીં મળે : અમિત શાહ-આનંદીબેન ચૂંટણી નહીં લડે

અમદાવાદ

ગુજરાતમાં ક્યારે ચૂંટણી યોજાશે તે બાબતે ગાંધીનગરથી લઈને દિલ્હી સુધી અનેક પ્રકારની ચર્ચાઓ ચાલતી રહી છે. આ ચૂંટણી મે-જૂનમાં યોજાવાની વાત હતી પરંતુ મે-જૂનમાં વડાપ્રધાન ૭ દેશોના પ્રવાસે જઈ રહ્યાં છે. ભાજપ માટે અગ્નિપરીક્ષા સમી બની રહેનાર આ ચૂંટણીને લડી લેવા ભાજપને નિર્ધાર કર્યો છે અને આ માટે ૧૫૦ પ્લસ બેઠકો જીતવાનું નક્કી કર્યુ છે. આ ચૂંટણીમાં ૪૦ ટકા ભાજપના ધારાસભ્યોની ટીકીટ કપાશે, મહિલાઓ અને યુવાનોને પ્રાધાન્ય અપાશે, ૭૦ વર્ષથી ઉપરનાને ટીકીટ નહીં મળે.

અમિત શાહ તાજેતરમાં અમદાવાદ-ગાંધીનગર આવ્યા હતાં ત્યારે તેમણે તમામ પાસાઓની સમીક્ષા કરી હતી અને એવું તારણ કાઢ્યું હતું કે, નવરાત્રી-દિવાળીની વચ્ચે ચૂંટણી કરવામાં આવે તો ભાજપને જબ્બર ફાયદો થઈ શકે તેમ છે. આ બાબતની જાણ તેઓએ પીએમ મોદીને પણ કરી દીધી હોવાનું જણાય છે.

આ વખતે અમિત શાહ, આનંદીબેન પટેલ સહિતના દિગ્ગજો ચૂંટણી નહિ લડે. કેટલાક મોટા માથાઓ જેમ કે સ્પીકરને પણ ટીકીટ નહિ મળે તેવું જણાય છે. ભાજપે મુખ્યમંત્રી તરીકે ૩ નામ પસંદ કર્યા હોવાની ચર્ચા થઈ રહી છે. સૌરભ પટેલની પણ બાદબાકી થાય તેવું ચર્ચાય રહ્યું છે.

## સુરંગ લોકાર્પણના બહાને પથ્થરબાજોને બોધપાઠ ભણાવ્યો

# ખૂનખરાબાથી કોઈને ક્યારે પણ લાભ થયો નથી : મોદીનું સૂચન

### એકબાજુ ટ્યુરીઝમ છે અને બીજી બાજુ ટેરેરીઝમ છે : ૪૦ વર્ષમાં ટુરીઝમ ઉપર ધ્યાન અપાયું હોત તો કાશ્મીરનું ચિત્ર આજે અલગ જ રહ્યું હોત : મોદી

જમ્મુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જમ્મુ-કાશ્મીરના ચેનાનીમાં દેશની સૌથી લાંબી સુરંગનું લોકાર્પણ કર્યું હતું જે દરેક સિઝનમાં કાશ્મીર ખીણને જમ્મુ સાથે જોડશે. ૩૧ કિલોમીટરના અંતરને આ સુરંગ ઓછું કરશે. સુરંગના ઉદ્‌ઘાટન પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉધમપુરના બટલબાલીયામાં એક રેલીને પણ સંબોધન કર્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાને કાશ્મીર ખીણમાં સુરક્ષા દળો ઉપર પથ્થરમારો કરી રહેલા લોકોની જોરદાર ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે એકબાજુ કેટલાક ગેરમાર્ગે દોરાઈ ગયેલા યુવાનો સુરક્ષા દળો ઉપર પથ્થરમારો કરી રહ્યા છે. બીજી તરફ આજ કાશ્મીરના જવાન પથ્થરો કાપીને કાશ્મીરના ભાગ્ય બદલવામાં લાગેલા છે. મોદીએ કાશ્મીરી યુવાનોને સંદેશો આપતા કહ્યું હતું કે તેઓ પથ્થરની તાકાતને સમજે તે જરૂરી છે. સાથે સાથે કાશ્મીરમાં જોડાવવાની જરૂર છે. વડાપ્રધાને કહ્યું હતું કે તેઓ ખીણના જવાનોને બે વાતો કરવા માંગે છે. એકબાજુ ટુરીઝમ છે અને બીજી બાજુ ટેરેરીઝમ છે ૪૦ વર્ષ બાદ પણ ખૂનની રમતથી કાશ્મીરની ખીણ રક્તરંજિત થઈ છે.

# થરાદમાં કૃષિ મંત્રીનો વિરોધ કરનાર કોંગ્રેસ કાર્યકરોની અટકાયત

પ્રતિનિધિ થરાદ

થરાદ ખેતીવાડી માર્કેટમાં ઉપસ્થિત રહેલા કેન્દ્રિય કૃષિ મંત્રી પુરૂસોતમ રૂપાલાનો થરાદ તાલુકા-કોંગ્રેસ સમિતી દ્વારા આક્રોશપૂર્વક વિરોધ કરવામા આવ્યો હતો.જેમાં થરાદ તાલુકા કોંગ્રેસ સમિતીના પ્રમુખ આંબાભાઈ સોલંકી ,યુથ કોંગ્રેસ સમિતીના પ્રધાનજી ઠાકોર સહિત બહોળી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.અને સરકાર વિરોધી સુત્રોચ્ચાર કર્યા હતા.જેમને પીઆઇ જે.જી.ચાવડા સહિત પોલીસ કર્મીઓ એ અટકાયત કરી હતી.



તો બીજી તરફ સરહદી વિસ્તારમાં નર્મદાના નીર આવતા ખેડૂતોએ ખેતરમાં વસવાટ શરૂ કરી ઘાસચારાનું વાવેતર કરી પશુપાલન કરી રહ્યા છે. પરંતુ માઈનોર કેનાલમાં પાણી બંધ થતાં ખેડૂતોને પીવાના પાણીને વિકટ પ્રશ્ન સર્જાયો છે. આથી પિલુડાના પૂર્વ વિસ્તારના તેમજ ગણેશપુરા, સવપુરા, ભડોદરના ખેડૂતો આ બાબતે કૃષિમંત્રીને લેખિત રજૂઆત કરવા જતાં પોલીસે તેમને અટકાવી રજૂઆતની અરજી

# વડાપ્રધાન મોદીના નેતૃત્વ હેઠળ આગામી પાંચ વર્ષમાં દેશભરમાં ખેડૂતોની આવક બમણી કરાશે : રૂપાલા





## થરાદ મુકામે ખેડૂત શિબિર યોજાઇ

પ્રતિનિધી થરાદ

થરાદ મુકામે કેન્દ્રીય કૃષિ અને પંચાયત વિભાગના રાજયમંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાના અધ્યાક્ષસ્થાને ખેડૂત શિબિર યોજાઈ હતી. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં મંત્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનથી ભારતનું વૈશ્વિક કક્ષાએ ગૌરવ વધ્યું છે તેમણે કહ્યું કે આવા સમર્થ વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ આગામી પાંચ વર્ષમાં દેશભરના ખેડૂતોની આવક બમણી કરાશે. મંત્રીએ જણાવ્યું કે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ દેશભરના ખેડૂતોને સિંચાઈ માટે પુરતુ પાણી આપવા કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૫૦,૦૦૦ કરોડની જંગી રકમની જોગવાઈ કરવામાં આવી છે તેમજ સુદ્રઢ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાએ ઉમેર્યુ કે હિન્દુસ્તાનમાં દાડમની એક નંબરની ખેતી કરતો જિલ્લો બનાસકાંઠા છે. મંત્રીએ કહ્યું કે જેમ નેવાના પાણી મોભે ચડે તેમ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ નર્મદાના પાણી વાયા બનાસકાંઠા થઈને રાજસ્થાન સુધી પહોંચાડી મહાન કામ કર્યું છે. તેમણે ઉમેર્યુ કે નર્મદાના પાણીથી બનાસકાંઠા જિલ્લીના ખેડૂતોની આવક અને સુખાકારીમાં નોંધપાત્ર પ્રગતિ જોઈને સૌને આનંદ થાય છે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જિલ્લાકના ખેડૂતો અને પશુપાલકોએ વૈશ્વિક કક્ષાએ જિલ્લાનનું અને રાજયનું નામ રોશન કર્યું છે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જિલ્લાના ખેડૂત ગેનાજી પટેલને પદ્મશ્રી એવોર્ડ મળ્યો છે જે દર્શાવે છે કે ગુજરાતમાં ખેડૂતોએ નોંધપાત્ર પ્રગતિ કરી છે.

કૃષિ અને ઉર્જા મંત્રી ચિમનભાઈ સાપરીયાએ જણાવ્યું હતું કે મુખ્યકમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આ સરકાર પારદર્શક, સંવેદનશીલ, નિર્ણાયક અને પ્રગતિશીલને મહત્વે આપી કાર્ય કરે છે પરિણામે તમામ ક્ષેત્રોમાં વિકાસકૂચ વેગવંતી બની છે. તેમણે કહ્યું કે ખેડૂતોના હિત અને

અનુસંધાન પાના નં.૬

## કૃષિ કોલેજ અને છાત્રાલયનો શિલાન્યાસ

થરાદ મુકામે કેન્દ્રીય કૃષિ અને પંચાયત રાજયમંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાના હસ્તે રૂ. ૩૭ કરોડના ખર્ચથી નિર્માણ પામનાર અદ્યતન સુવિધા ધરાવતા કૃષિ મહાવિદ્યાલયના બિલ્ડીંગ અને છાત્રાલયનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. ઉલ્લેધખનીય છે કે થરાદ મુકામે અત્યારે કૃષિ મહાવિદ્યાયલમાં કુલ ૧૧૫ વિદ્યાર્થીઓ અભ્યાધસ કરી રહ્યા છે. નવિન બિલ્ડીગમાં બોયઝ અને ગર્લ્સ હોસ્ટ્લ પણ બનશે. નવિન કૃષિ મહાવિદ્યાલયમાં કુલ ૧૨ જેટલી ફેકલ્ટીઓમાં અભ્યાસની સુવિધા ઉપલબ્ધ બનશે.

હવે ગણતરીના દિવસો જ બાકી...
રખેવાળ વાર્ષિક લવાજમ યોજનામાં જોડાવવા માટે
ડીસા : ૯૪૦૮૮૯૫૫૧૫
પાલનપુર : ૯૪૨૭૬૪૭૪૯૬

CMYK

**સૂર્યોદય - ૬.૩૨ સૂર્યાસ્ત - ૬.૫૫**

## તિથિદર્શન

ચૈત્ર સુદ-૭ સોમવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૮, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ ચૈત્ર સુદઃ સાતમ સોમવાર નક્ષત્રઃ આર્દ્રા રાત્રે ૧૧.૫૯ પછી પુનર્વસુ યોગઃશોભન કરણઃ વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી મીથુન (ક.છ.ઘ.) સાંજે ૫.૨૨ પછી કર્ક (ડ.હ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - **જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન

**- સુરેશ પ્રા.ભટ્ટ**

### નિર્વાણ દીપે કિમ તૈલ દાનમ્ ચૌરે ગતે વા કિમ સાવધાનમ્ પયોગત કિં ખલુ સેતુ બંધઃ

દીવો રાજ થઈ જાય, ઓલવાઈ જાય, પછી એમાં તેલ પૂરવાનો શું અર્થ? ચોરના ચોરી કરી ચાલ્યા પછી સાવધાની રાખવાનો શું અર્થ? ઉંમરે વયોવૃદ્ધ થઈ ગયા પછી સ્ત્રી-સુખની પ્રાપ્તિનો શું અર્થ? પાણી વહી ગયા પછી બંધ બાંધવાનો શું અર્થ? કોઈ પણ કામ સમયસર થાય તો જ તેનું મહત્વ છે. આતંકવાદી હુમલા થાય ત્યારે પહેલેથી 'ગુપ્ત' સૂચના મળી જતી હોય છે પણ 'સરકાર'ને પોતાના તંત્ર પર જ પૂરતો ભરોસો નથી હોતો તેથી લેવાં જોઈએ એવાં તકેદારીનાં પગલાં લેવાતાં નથી. હુમલા પછી મોટી જાનહાનિ પછી 'એલર્ટ' આપવામાં આવે, એય અઠવાડિયું ટકે! એનો શું અર્થ? આપણે અનિયમિત જીવત જીવીએ, ઉજાગરા અને જંક ફૂડનું પેટને જંક્શન બનાવીએ છીએ, ડેન્ગ્યુ- ફેંગ્યુ ફટકારે ત્યારે પછી 'કસરત' કરવાનો ઉત્સાહ જાગે એનો શું અર્થ? માણસ જીવંત હોય, દર્દી- પેન્શનર-કામદાર જયારે એને જરૂર હોય ત્યારે 'નાણાકીય સહાય' મળે નહીં પણ એના મૃત્યુ પછી આપણે 'સહાય' નો વરસાદ વરસાવીએ છીએ. એનો શું અર્થ? અહીં ઓલવાઈ જતા દીવામાં તેલ, ચોરી થયા પછી પોલીસની તકેદારી, અને વયોવૃદ્ધ થયા પછી સાચવવાની ચિંતામાં શું અર્થ? આ બધું તૂટ્યા પછીના 'સંત સરોવર' જ છે, બીજું શું?!

## જાવલ પ્રા. શાળામાં ધો.૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ

ડીસા

તા. ૦૧/૦૪/૨૦૧૭ ના રોજ જાવલ પ્રા.શાળા તા.ડીસાનો ધો.૮ (આઠ) ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો જેમાં કાર્યક્રમની શરૂઆતમા સરસ્વતી, ડૉ.આંબેડકર તથા સરદાર વલ્લભભાઈ પટેલના ફોટાને કંકુ તિલક તથા દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને જાવલ ગ્રામ પંચાયતના સરપંચ ડામરાભાઈ વી.પટેલ, મુખ્ય મહેમાન પદે ડૉ.મહેશભાઈ ચૌધરી (એલ.આઈ.), અતિથિ વિશેષ પદે વિઠોદર પે.કેન્દ્ર શાળાના આચાર્ય જે.આર.સોલંકી, બુરાલ પટેલ વાસ પ્રા.શાળાના આચાર્ય ભીખાભાઈ પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને વિદાયમાન પ્રસંગે માર્ગદર્શન અને પ્રેરણા આપી હતી.

ધો.૮ (આઠ) ના બાળકો દ્વારા શાળાને વોટ-રબેગ ભેટ આપવામાં આવી. શાળા પરિવાર દ્વારા બાળકોને ફોલ્ડર ફાઈલ તથા બોલપેન ભેટ આપવામાં આવી હતી. ગ્રામજનો તથા એસ.એમ.સી.ના સભ્યો હાજર રહ્યા હતા. શાળા પરિવારે કાર્યક્રમને સફળ બનાવવા મહેનત કરી હતી. શિક્ષકો મુકેશભાઈ પરમાર, હિતેશભાઈ ચૌધરી, ઉમેદભાઈ જુડાલ, વસંતભાઈ ગેલોત તથા અસ્મિતાબેન સથવારાએ પ્રશંસનીય કામ કર્યું હતું.

## આજનો દિન મહાન

**- યશવંત કડીકર**

ભારતીય દળના જામનગરના રાજેન્દ્રસિંહજી પછીના બીજા ગુજરાતી સેનાધિપતિ જનરલ માણેકશાહની જન્મ જયંતી છે.

એમનો જન્મ તા. ૩-૪-૧૯૧૪ના રોજ અમૃતસરમાં થયો હતો.

૧૯૨૦ ના નવેમ્બરમા બદનામ થઈ ચૂકેલા લેફટેનન્ટ જનરલ કૌલ પાસેથી માણેકશાહે નેફા મોરચે કાર્યભાર સંભાળી લીધો અને હતાશ થયેલા લશ્કરી સૈનિકોને કહ્યું ' મારા ફૌજી જુવાનો ! હું આવી પહોચ્યો છું' હતાશ સૈનિકોમાં આથી નવચેતન, આવ્યું. પછી અત્યંત મકકમ અને બુલંદ અવાજે એમણે કહ્યું : જવાનો ! આપણું સૈન્ય હવે કોઈપણ હિસાબે પાછું ફરવાનું નથી. તમે સૌ યા હોમ કરીને પડો, ફતેહ આપણી જ છે'

૧૯૬૯માં ભારતના સરસેનાપતિ થયેલા માણેકશાહ હાલમાં નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશયથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

**આ સપ્તાહ દરમિયાન ધાર્મિક તેમજ માંગલિક પ્રસંગોનું આયોજન થાય. મોજ-શોખ પાછળ ખર્ચ થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે પરિવર્તનના યોગ છે. આકસ્મીક લાભ થાય. નોકરીયાત વર્ગને નાણાંકીય બાબતે ઈચ્છીત કાર્યો પૂર્ણ થાય. માતા-પિતા સાથે મતભેદ ન થાય તે જોવું. ભાઈ-બહેનનું વર્તન તમારા વિરૂધ્ધનું રહે. જીવનસાથીનો સહકાર મેળવી શકાય.**

**વૃષભ**

**આ સપ્તાહ દરમિયાન નાણાંનો દૂર વ્યય ન થાય તેની તકેદારી રાખજો. આવક-જાવકનું પાસું સરભર રહે. માનસિક ચંચળતા અનુભવાય. સગપણ-વિવાહ અંગેની સમસ્યા દૂર થાય. સંતાન સંબંધિ સમસ્યાનો ઉકેલ આવે. સાહસિક કાર્યો કરવામાં સાવચેત રહેવું. મનમાં ગુપ્ત ચિંતા અનુભવાય. ખોટું નાણાંકીય રોકાણ ન થઈ જાય તેની ખાસ સાવચેતી રાખવી.**

**મિથુન**

**આ સમય દરમિયાન લાંબાગાળાથી પરેશાન કરતી સમસ્યાનો ઉકેલ આવી જાય. સર્જનાત્મક કે રચનાત્મક કાર્યોમાં સફળતા મળે. પરિવારમાં વિશેષ આનંદનું વાતાવરણ સર્જાય. મિલ્કત અંગેના પ્રશ્નોનો ઉકેલ મળે. લાંબાગાળાની યોજના તમારા ધાર્યા પ્રમાણે પાર પડે. વિશ્વાસઘાતનો પ્રસંગ ન બને તેની તકેદારી રાખજો. આર્થિક ખર્ચનો પ્રસંગ બને.**

**કર્ક**

**આ સપ્તાહ દરમિયાન વ્યાપાર-ધંધાની કામગીરીમાં અણધારી પ્રગત્તિ થાય. આનંદ-ઉત્સાહસભર વાતાવરણ રહે. મહિલા વર્ગ માટે આ સમય દરમિયાન નવી તક મળે કે આકસ્મીક લાભ પ્રાપ્ત થાય. મકાન-વાહન કે સંપત્તિને લગતા પ્રશ્નોનો ઉકેલ મળે. આરોગ્ય બાબતે ખાસ કાળજી રાખવી. વડીલ વર્ગનો વિશ્વાસ સંપાદીત કરી શકશો. નોકરીયાત વર્ગને નવિન ઉન્નતિનો માર્ગ મળે.**

**સિંહ**

**આ સપ્તાહ દરમિયાન ચિંતા અને અશાંતિના પ્રશ્નો ધીરે-ધીરે ઉકેલાતા જાય. કૌટુંબિક મતભેદો દૂર થાય. ખર્ચ પર કાબુ રાખવો નહિંતર નાણાંકીય સમસ્યાનો સામનો કરવો પડે. પુરૂષાર્થનો વિશેષ ફળ મેળવી શકશો. માંગલિક કાર્યો સફળતાથી પાર પડે. તમારા માટે પ્રગતિકારક સમય રહે. સામાજિક માન-પ્રતિષ્ઠા સાથે આર્થિક લાભો પણ અટકી-અટકીને મળે. મુસાફરીમાં ધારી સફળતા મળે.**

**કન્યા**

**આ સપ્તાહ દરમિયાન ખોટા નાણાંકીય રોકાણ ન કરવા હિતાવહ. જોખમી કાર્યોથી દૂર રહેવું. મન અધ્યાત્મિક તરફ વળી જાય. કાલ્પનીક ચિંતાથી દૂર રહી તમારી પ્રવૃત્તિઓમાં વિશેષ ધ્યાન આપજો. આરોગ્યની સમસ્યા હોય તો તે દૂર થાય, કઠીન કાર્યો સરળ બની જાય. રોકાયેલા નાણાં છૂટા થતા જાય. નજીવા કારણોસર મનમાં ચિંતા અનુભવાય. અલબત્ત સપ્તાહના અંતે મોટો લાભ મળે.**

**તુલા**

**આ સપ્તાહ દરમિયાન નવિન યોજનાઓ કે મહત્વના કાર્યો મંદગતિએ આગળ વધશે. શત્રુપક્ષથી સાવચેત રહેવું જરૂરી છે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં ધન વ્યય થવાની સંભાવના રહેલી છે. પરોપકારીને લગતા કાર્યોમાં સાવધાની રાખવી હિતાવહ. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહવર્ધક રહે. ધાર્મિક કાર્યોમાં મન પ્રવૃત રાખવું હિતાવહ.**

**વૃશ્ચિક**

**આ સપ્તાહ દરમિયાન મોજ-શોખ તરફ વિશેષ ધ્યાન રહે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય. સ્થાન ફેરના યોગ છે. ધંધાકીય ક્ષેત્રમાં સાવધાની રાખવી. જરૂરી નાણાંકીય સમસ્યાઓ હળવી બને. રોકાયેલા નાણાં મહેનત બાદ છૂટા થાય. રાજકીય વ્યક્તિને સંઘર્ષનો સામનો કરવો પડે. અણધાર્યો પ્રવાસ નકારી ન શકાય.**

**ધન**

**આ સપ્તાહ દરમિયાન અટકેલા કાર્યો પૂર્ણ થાય. વાદ-વિવાદવાળા કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. પારિવારીક વિષમતા દૂર થાય. આ સપ્તાહ દરમિયાન વધુ પડતું ભાવુક ન રહેવું નહિં તો સમસ્યા સર્જાય. સાહસિક કાર્યમાં સફળતા મેળવી શકશો. નવિન ઓળખાણ થાય જે ભવિષ્ય માટે લાભદાયી નીવડી શકે.**

**મકર**

**આ સમય દરમિયાન માનસિક અસ્વસ્થતા અને તંગદીલી રહે. તમારા ધાર્યા કાર્યમાં સફળતા ન મળે. ધીરજ રાખવી હિતાવહ. વેપાર ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. જેથી ખર્ચ પર કાબુ રાખવો હિતાવહ. વિરોધીઓથી સાવધ રહેવું. કુટુંબ માટે ભોગ આપવો પડે તેમજ ભાતૃવર્ગથી મતભેદ રહે. પત્નીનો સહકાર મળે અને સંતાનથી લાભ થાય. ધીરે-ધીરે પરિસ્થિતિમાં સુધારો થાય.**

**કુંભ**

**આ સપ્તાહ દરમિયાન કાર્યની અધિક્તાને કારણે ખૂબ જ વ્યસ્ત રહેવાય. જીવનસાથી સાથે મનદુઃખ રહે. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. નવા આયોજનો સફળતાથી પાર પાડી શકાય. મુસાફરી પ્રાવસ-ટાળવા હિતાવહ. જામીનગીરી જેવા કાર્યથી સાવચેત રહેવું.**

**મીન**

**આ સપ્તાહ દરમિયાન તમારી માનસિક ઉદાસિનતા દૂર થાય તેવું વાતાવરણ સર્જાય. માંગલિક કાર્યોના આયોજન કે લગ્ન સંબંધી સમસ્યા હોય તો તે માટે તમારે હજુ થોડો સમય રાહ જોવી પડશે. ધીરજપૂર્વક દરેક કાર્ય હાથ ધરશો તો ધાર્યો લાભ મેળવી શકશો. જીવનસાથી કે વડીલવર્ગનો પૂર્ણ સહકાર પ્રાપ્ત કરી શકશો.**

**- કનકચંદ્ર સી. વ્યાસ**

### હડતાળના કારણે જનજીવનને પ્રતિકુળ અસર

## નરેન્દ્ર મોદીની યાત્રા સામેના વિરોધમાં હડતાળની હાકલ

જમ્મુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જમ્મુ-કાશ્મીરમાં ચેનાનીમાં દેશની સૌથી લાંબી સુરંગનું લોકાર્પણ કર્યુ હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રાજ્યની યાત્રા સામેના વિરોધમાં અલગતાવાદી સંગઠનો દ્વારા હડતાળની હાકલ પણ કરવામાં આવી હતી. જેના પરિણામ સ્વરૂપે કાશ્મીર ખીણમાં જનજીવનને માઠી અસર થઈ હતી. ચેનાની-નાસરી સુરંગનું ઉદ્‌ઘાટન કરવા માટે વડાપ્રધાન પહોંચે તે પહેલા જ અલગતાવાદીઓ દ્વારા બંધની હાકલ કરવામાં આવી હતી. અલગતાવાદીઓ હંમેશા વિકાસ પ્રવૃત્તિઓ આડે અડચણો ઉભી કરતા રહ્યા છે. શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય હાઈવે ઉપર આ સુરંગનું નિર્માણ કરવામાં આવ્યું છે. આજે બંધના પરિણામ સ્વરૂપે મોટાભાગની દુકાનો, વેપારી પેઢીઓ અને પેટ્રોલ પંપ શ્રીનગરમાં બંધ રહ્યા હતા. જોકે સન્ડે માર્કેટ તરીકે વધારે જાણીતા બજારો ખુલ્લા રહ્યા હતા. અધિકારીઓના કહેવા મુજબ બંધના પરિણામ સ્વરૂપે જાહેર પરિવહનના સાધનો પણ ઓછા દેખાયા હતા પરંતુ ખાનગી વાહનો, ઓટો રીક્ષા સામાન્ય રીતે શહેરમાં નજરે પડ્યા હતા. ખીણમાં અન્ય જિલ્લા મથકોથી પણ આવા અહેવાલ મળ્યા છે. વડાપ્રધાન આજે સૌથી લાંબી સુરંગનું ઉદ્‌ઘાટન કરવા માટે પહોંચ્યા હતા. હુર્રિયત કોન્ફરન્સના હરિફ જુથના ચેરમેન સૈયદ અલીશાહ ગિલાની, મિરવાઈઝ ઉમર ફારૂક, જેકેએલએફના વડા મોહંમદ યાસીન મલિક દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સુરંગના નિર્માણ અથવા વિકાસને લઈને તેમને કોઈ વાંધો નથી. તેમણે ઉમેર્યું હતું કે વડાપ્રધાન એવા સમયે પહોંચી રહ્યા છે જ્યારે સ્થિતિ ખૂબ ખરાબ થયેલી છે. બીજી બાજુ વડાપ્રધાને આજે સુરક્ષા દળો પર પથ્થરમારો કરી રહેલા યુવાનોને કેટલાક સૂચનો કર્યા હતા.

## મકડાલા ગામે પોલિયોની રસી પીવડાવામાં આવી




પ્રતિનિધિ મકડાલા

ગતરોજ સમગ્ર દેશમાં પોલિયો રવિવારની ઉજવણી કરવામાં આવી.જેમાં ૦ થી ૫ વર્ષના બાળકોને પોલિયોની રસીના બે ટીપાં પીવરાવવામાં આવ્યા હતાં.દિયોદર તાલુકાના મકડાલા ગામે પ્રાથમિક શાળામાં ગત રોજ પોલિયો બુથ ઉભું કરવામાં આવ્યું હતું જેમાં પ્રથમ બાળક ને ગામના સરપંચ હમીરભાઈ ચૌધરીના હસ્તે પોલિયોની રસી પીવડાવી બૂથને ખુલ્લું મુકવામાં આવ્યું હતું. ઉપરાંત વણસોરપુરા વિસ્તારમાં પણ પોલિયો બૂથ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ પ્રસંગે મકડાલા સબ સેન્ટર ના એફ.એચ.ડબ્લ્યુ સેજલબેન પંચાલ, આશાવર્કર ચતરુંબેન પટેલ,આંગણવાડી કાર્યકર મંજુલાબેન દેસાઈ સહીત ગામના અગ્રણીઓ હાજર રહ્યાં હતાં.

## આદર્શ વિદ્યાસંકુલ ડીસામાં 'શિશુ ઉત્સવ-૨૦૧૭' કાર્યક્રમ રંગેચંગે ઉજવાયો

ડીસા

મંગળદાસ પટેલ આદર્શ શિશુવાટિકા તથા સોનામા આદર્શ શિશુવાટિકા ડીસાનો ''શિશુ ઉત્સવ-૨૦૧૭'' પણ ખુબ જ રંગેચંગે ઊજવાયો હતો.

શ્રી આદર્શ વિદ્યાસંકુલ ડીસાના પટાંગણમાં તા. ૩૧/૩/૧૭ ને શુક્રવારે સાંજે ૭ કલાકે યોજાયેલા આ શિશુ ઉત્સવમાં બાળકોએ એક એકથી ચડિયાતી કૃતિઓ રજુ કરીને ઉપસ્થિત સૌને ખુશ કરી દીધા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના, સ્વાગત ગીત કરીને દીપ પ્રાગટ્ય થકી કરવામાં આવી હતી. મહેમાનોના સ્વાગત બાદ ''ધ્રુવની ભક્તિ, નચિકેતા, અને બાળક જેવું જુએ તેવું કરે.'' નાટકો યોજાયાં હતાં. ત્યારબાદ ''ફરો ફુદરડી, આંગળાનો જાદુ, છીએ અમે તો છોટાજી, આ વાત કદી ના ભૂલાય, પાપા ઓ મેરે પાપા, મારવાડ દેશના વણઝારા, મારવાડી...'' જેવા વિવિધ અભિનય સાથે ગીતો યોજાયા હતા. ઉપરાંત ''આદિવાસી નૃત્ય, દેશભક્તિ ગીત, ફાગણીયો..'' ગીતે તો ચાર ચાંદ લગાવ્યા હતા.



આ કાર્યક્રમમાં બાળકોનો ઉત્સાહ વધારવા માટે ડૉ.ભરતભાઈ મકવાણા ઉદ્‌ઘાટક તરીકે અને લાલજીભાઈ સાંખલા મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. વધુમાં કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્કાર મંડળ ડીસાના અજયભાઈ જોષી, મંત્રી રાજુભાઈ નાયી, સહમંત્રી નટુભાઈ જોષી સહિત હોદ્દેદારો, શિશુવાટીકાના વ્યવસ્થાપક મફતભાઈ મોદી, આદર્શ વિદ્યાસંકુલના વ્યવસ્થાપક ચેતનભાઈ જોષી, આદર્શ શિશુવાટીકાના પ્રધાનાચાર્ય હર્ષાબેન મોઢ, પ્રાથમિક પ્રધાનાચાર્ય હસુમતીબેન સાયતા, માધ્યમિક પ્રધાનાચાર્ય, અમૃતભાઈ અવસ્થી, પ્રાથમિક વિભાગ (ધોરણ ૧ થી ૪ ) ના સુપરવાઈઝર પ્રવિણભાઈ નાયી, વાલીમંડળના પ્રમુખ જયેશભાઈ દેસાઈ, મંત્રી પિન્કેશભાઈ સોની સહિત વાલીગણ શાળા પરિવાર હાજર રહ્યો હતો. કાર્યક્રમનું સંચાલન જીગરભાઈ ત્રિવેદી અને બીનલબેન ઠક્કરે કર્યું હતું. આભારવિધિ કપીલાબેન ઠક્કરે કરી હતી. કાર્યક્રમની વ્યવસ્થા ગોઠવવામાં સ્ટાફગણ તથા સેવકભાઈઓનો ફાળો વિશેષ રહ્યો હતો.

## મોટી ઘરનાળ પ્રા.શાળામાં પોલીયો રસીકરણ કેમ્પ યોજાયો




પ્રતિનીધિ ભીલડી

ડીસા તાલુકાના મોટી ઘરનાળ ગામે ગઈકાલે પોલીયો રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે ગામની આશાવર્કરો ભાવનાબેન ઠક્કર તેમજ કિંજલબેન ઠક્કર દ્વારા સ્કૂલના દરવાજા પર બેનરો લગાવી તેમજ પેમ્પલેટો તેમજ મોબાઈલથી વાલીઓનો સંપર્ક કરી વધુમાં વધુ બાળકો પોલીયો રસીકરણનો લાભ લે તે માટે પ્રયત્ન કર્યો હતો. આ પ્રસંગે મોટી ઘરનાળ ગામના સરતાનભાઈ દેસાઈની હાજરીમાં પોલીયોની રસી પીવડાવી શરૂઆત કરવામાં આવી હતી અને ૦ થી ૫ વર્ષના બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. આરોગ્ય ખાતા દ્વારા પણ ગામડાઓમાં લાઉડ સ્પીકરથી પોલીયો રવિવાર વિશે જાહેરાત કરાતાં ગામના ખેતરે ખેતરે રહેતા તમામ વાલીઓ પોતાના બાળકોનેરસી પીવડાવવાનો લાભ લીધો હતો.

## ગઢ કેળવણી મંડળ સંચાલિત ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ ખાતે વાર્ષિકોત્સવની ઉજવણી



પ્રતિનિધિ ગઢ

પાલનપુર તાલુકાના ગઢ ખાતે શ્રી ગઢ કેળવણી મંડળ સંચાલિત ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ ખાતે શનિવારે રાત્રે રંગારંગ કાયૅક્રમ યોજાઈ ગયો. મુખ્ય મહેમાન વાસુભાઈ રાવલ તથા અતિથિ વિશેષ મગનભાઈ બાજરીયા તથા પવનકુમાર ખંડેલવાલ તથા ટ્રસ્ટીગણની ઉપસ્થિતીમાં દિપપ્રાગ્ટય કર્યા બાદ રંગારંગ કાર્યક્રમને ખુલ્લો મુકાયો હતો. જેમાં ઈંગ્લિશ મીડિયમ તથા પ્રાથમિક શાળાના બાળકો એ તૈયાર કરેલ કાયૅક્રમ જેવાં કે ડાન્સ, ભરતનાટયમ, માઈમ જેવાં કાર્યક્રમ રજુ કરતાં ઉપસ્થિત લોકોએ બાળકોને રોકડ ઈનામ આપી પ્રોત્સાહીત કરાયાં હતાં. મોડી રાત સુધી ચાલેલા કાર્યક્રમ જોવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યાં હતાં. મંડળ દ્વારા મહેમાનોનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. આ પ્રસંગે કેળવણી મંડળના પ્રમુખ, મંત્રી, તથા ટ્રસ્ટીગણ તથા શાળા સ્ટાફ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમનું સંચાલન ઈંગ્લિશ મિડીયમ સ્કૂલના આચાર્યા જયાબેન નાયર તથા કનુભાઈ રાવલે કર્યું હતું.

## રાધનપુરમાં વાદી સમાજના પ્રમુખનું દુઃખદ અવસાન

પ્રતિ. રાધનપુર

રાધનપુરમાં જી.આઈ.ડી.સી પાસે આવેલી વાદી વસાહતના નિર્માણ માટે ધારાસભ્ય અને હાલના આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીના સહયોગથી સક્રિય પ્રયાસ કરનાર ભાજપના અગ્રણી અને વાદી સમાજના પ્રમુખ એવા ગેમરભાઈ માવજીભાઈનું શનિવારે બિમારી બાદ દુઃખદ અવસાન થતા વાદી સમાજના પરિવારો ઉપરાંત ભાજપમાં પણ શોકની લાગણી પ્રસરી જવા પામી છે. સ્વ.



ગેમરભાઈ માવજીભાઈ વાદી નગરપાલિકાના સદસ્ય તરીકે ચુંટાઈને સેવા પણ કરી ચૂક્યા છે. તેઓ ભાજપના જબરદસ્ત હમર્દદ હતાં.

## રવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પોલીયો રસીકરણ ઝુંબેશ

પ્રતિનિધિ લુદરા

દિઓદર તાલુકાની રવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડો.અમીતભાઈ મેવાડાના માર્ગદર્શન હેઠળ ઓગણીસ બુથો ઉપર ૦થી૮ વર્ષના ૩૧૯ બાળકોને રસી પીવડાવાની ઝુંબેશ હાથ ધરેલ છે. જેમાં તા.૨/૪/૨૦૧૭ ના લુદરા બુથ ઉપર ૦થી૮ વર્ષના બાળકોને રસી અપાઈ હતી. સુપરવાઈઝર હાર્દિકભાઈ ત્રિવેદી, પ્રકાશભાઈ જોષી, ઉર્મિલાબેન ભાટી તેમજ સ્ટાફ મિત્રોએ સહયોગ આપેલ.

## ગુનેગાર

### મનદર્પણ

**મંજુ પ્રજાપતિ**

રતનગઢ ખુબ નાનું ગામ જેમાં બધી જ કોમના કુટુંબો ખુબ જ સંપીને રહે. પરાગ નુરનેપરણીને આજ ગામમાં લઈ આવ્યો હતો. જેમાં એક નાની રૂમ ભાડે લઈને પોતાના લગ્નજીવનની શરૂઆત કરી હતી. નુર મુસલમાન કુટુંબની દીકરીની જ્યારે પરાગ ચુસ્ત હિંદુ કુટુંબનો એકનો એક દિકરો. ઘરથી ભાગીને લગ્ન કર્યા હતા અને પોતાના સગાવહાલાથી દુર આ ગામમાં આવીને રહ્યા. હવે સાથે લાવ્યા હતા. એ રૂપિયા ખલાઈ થઈ ગયા એટલે બંને જણની ચિંતા વધવા લાગી. નુર લોકોની વાડીઓમાં કામે થવા લાગી. પરાગ પણ નાનું મોટું કામ કરતી લેતો પરંતુ ભવ્ય જાહોજલાલીમાં રહેલા પરાગને આ જીવન ગોઠતું ન હતું. પ્રેમનો જે નશો ચડયો હતો તે કામ અને પૈસાની ચિંતામાં કયાંય ઓગળી ગયો. નુરનું રૂપ પણ અડધી ભુખી રહેવાને કારણે ઓસરવા માંડયું અને એમાંય ઓછું હતું કે, તે ગામની નર્સે જણાવ્યું કે નુરમાં પેટમાં બાળક છે તે મા બનવાની છે. પરાગ ભારે ચીંતામાં મુકાઈ ગયો. જ્યાં બે જણા પેટ નહીં ખાઈ શકતા ત્યાં ત્રણનું પુરૂં કેમ થશે ?

નુર પણ ગામના મુખીના છોકરો બે ત્રણ દિવસમાં મુંબઈ કમાવવા માટે જાય છે. તું કહે તો હું પણ જાઉં અહીં ગામમાં મને લાયક કામ મળતું નથી. મુંબઈ મોટું શહેર છે ગમે ત્યાં લાયક સારૂં કામ મળી રહેશે. તને સમયસર મળવા આવીશ. પૈસા પણ મોકલી આપીશ અને થોડા મહીના પછી તને આવીને તેડી જઈશ.

નુર ખુબ જશાંત સ્વભાવની સમજુ છોકરી હતી. એક શબ્દ પણ બોલ્યા વિના એણે હકારમાં માથું ધુણાવી દઈ સંમતિ આપી દીધી. નુર જાણતી હતી કે, પરાગના ગયા પછી પોતાનું અહીં કોઈ નથી. વળી પોતે ગર્ભવતી છે. આવા સમયે કોણ સંભાળ લેશે ? તેમ છતાં દરેક મુસીબતનો સામનો કરવા કટીબદ્ધ થઈ ગઈ.

પરાગ ચાલ્યો ગયો. નુર એકલી થઈ ગઈ. પોતાના નસીબ પર ખુબ રડી. રહી રહીને એક જ સવાલ ઉઠતો હતો પણ પાછો તો આવશે ને ?

દિવસો પર દિવસો વિતવા લાગ્યા. બે ત્રણ દિવસે નિયમીત પરાગનો પત્ર આવતો. નુર પણ સામે જવાબ આપતી. પંદર દિવસે પરાગનો મનીઓર્ડર આવતો. નુરને હવે પૈસાની બહુ ખોટ ના વર્તાતી. સ્વભાવે પરગજુ હોવાથી આજુબાજુની પડોશણોનો સહકાર એને મળતો હતો. પણ વિધિની કરૂણતા કહો કે પછી નુરના નસીબની કઠીનાઈ.. ધીરે ધીરે પરાગના પત્રો આવતા બંધ થઈ ગયા. પંદર દિવસે જ મનીઓર્ડર આવતો તે હવે મહીને બે મહીને આવતો. નુરને ત્યાં દિકરાનો જન્મ થયો. પણ પરાગ ના આવ્યો. નુર નીયમિત પત્ર લખતી. પણ પરાગનો કોઈ જવાબ મળતો નહીં. પૈસા ખુટવા લાગ્યા એટલે પોતાના નાના દીકરાને લઈને કામે જવાનું શરૂ કર્યું. એકલી બીચારી બાપડી ગણાતી એટલે લોકોની મદદ મળી રહેતી. એક વાર મુખીનો દિકરો ગામમાં એના બાપને મળવા આયો એટલે નુર પણ એને પરાગના સમાચાર પુછવા દોડી ગઈ. પણ મુખીના દીકરાનો જવાબ સાંભળી એના માથે વિજળી તુટી પડી હોય એવો વજ્રઘાત લાગ્યો. એ બેભાન થઈ ગઈ પછી તો ગામવાળા પોતાની દિકરી ગણીને રાખતા થઈ ગયા. બિચારી નસીબની મારી છે એને મદદ કરશું તો ઉપરવાળો રાજી રહેશે. પ્રેમીને ભરોસે માવતરને મુકી દીધાને લગ્ન પછી ધણી બીજી બાયડીને લઈ દુર રહેવા ચાલ્યો ગયો. નુરનો દિકરો મોટો થવા લાગ્યો. એ લોકોની વાડીઓમાં કામ કરતી, કપડા સીવતી તે દીકરાને ભણાવતી, નાના બાળકના ટ્યુશન પણ કરાવતી જેથી પોતાના વ્હાલસોયાને પણ ભણાવી શકે. એ રોજ રાહ જોતી કે એક દિવસ પરાગ પોતાને લેવા આવશે. લોકો એને ગાંડીઘેલી કહેતા. પણ નુરનો વિશ્વાસ કદી ના ડગતો. એ એના દિકરાને પણ હંમેશા કહેતી બેટા તારા પિતાજી ખુબ દુર કમાવવા ગયા છે. એ આપણને લેવા આવવાના છે. આપણે એમની રાહ જોઈશું એ જરૂરથી આવશે.

નુર માટે લોકો ઘણી જગ્યાના માંગા પણ લાવતા કે તને દિકરા સાથે સ્વીકારશે પણ નુર એકની બે ના થતી. પિતા ગરીબાઈને એકલતાએ નુરનો ભરડો લેવા માંડયો હતો. શરીર જાણે હાલતું ચાલતું હાડપીંજર થઈ ગયું હતું આંખોના ડોળા અંદર ઉતરીગયા હતા. ગામમાં પણ ઉકરડા હોય. કહેવત મુજબ કોઈ એવી બ્હેનો કે જે હંમેશા નુરને મહેણાં ટોણાં માર્યા કરતી. શું જોઈને ભાગી હશે ? ધણી તો એમનેએમ છોડી દે પણ આ બેનનાયે કંઈક અવળા ધંધા હશે ત્યારે જ ને ! કોઈ યુવાનો પણ એની એકલતાનો લાભ લેવાની તાકમાં રહેતા. કંઈ ના મળે તો બાજુમાંથી પસાર થતા બોલી જતા. એટલી હદનું ખરાબ બોલી જતા કે નુર સમસમી રહી જતી. આંખો ઉભરાઈ આવતી પણ હાય રે લાચારી ! દિકરો ના હોત તો કયારનો કુવો પુર્યો હોત પણ શું કરે ? કયા ગુનાની સજા પોતે ભોગવી રહી છે. કોને ખબર ? ઈશ્વર સામે ફરીયાદ કરતી ને પોતાની બેબસી પર રડી લેતી. દીકરો પણ મોટો થઈ ગયો. બાર ધોરણ પછી સરપંચની દુકાને મહેતાજી તરીકે નોકરીએ આવી ગયો પણ જુવાનીનું જોર એને માથે વાગતું હતું. ગામના લોકો પણ અવારનવાર નુરનેએના દિકરા અજયની ફરીયાદ કરતા નુર એને ખુબ સમજાવતી પણ અજય પર કોઈ ફેર પડતો ન હતો.

એક દિવસ એ વાડીમાંથી લાકડા કાપી એનો ભારો માથે લઈ આવતી હતી. અંધારૂં થઈ ગયું હતું. સરપંચની વાડી આગળથી પસાર થતા તેને તીણી ચીખસ સાંભળી એ થોડીક ચોંકી પડીને ઉભી રહી ગઈ.વાડીમાં બનાવેલી ડાબી માટીની ઓરડીના અધખુણાના દરવાજા પાસે જઈને અંદર નજર કરી ત્યાંએની આંખો ફાટી ગઈફ એણે ત્રાડ પાડી અજય સરપંચની દિકરી સાથેબળજબરી કરતો હતો. નુર દોડીને અંદર ગઈ અને અજયને બાવડેથી પાડી બહારની તરફ ધક્કો મારવાની કોશીશ કરી પણ હવસની આગમાં અંધ બનેલા અજયે નુરને ધક્કો મારી દુર હડસેલી દીધી. નુરે બુમાબુમ ચાલુ કરી પણ બધા માણસો વાડીએથી ઘર તરફ પાછા વળી ચુકયા હતા. કંઈ ના સુઝતાં એણે નીચે પડેલા ભારામાંથી એક કુહાડી કાઢી ખબરદાર અજય... થોભી જજે નહીં તો એક ઘાને બે કટકા કરતાં મને વાર લઈ નહીં આવે.. બોલતી નુરે દીકરા તરફ કુહાડી ઉગામી. એનો ઈરાદો પોતાના વ્હાલસોયા દીકરાને કુકર્મ કરતાં અટકાવવાનો જ હતો પણ વિધિને કંઈક ઓર મંજુર હતું. ડરાવવા માટે ઉગામેલી કુહાડી અધ્ધર હાથમાં સ્થિર ન રહેતાં સીધી વેગથી દીકરાના માથા પર જ પડી. ને માથું ફાટી ગયું. લોહીના ફુવારા છુટયા, સરપંચની દિકરી તો ત્યાંથી ભાગી ગઈ ને ઘડી બે ઘડીમાં અજયનું પ્રાણપંખેરૂં નુરની આંખો સામે ઉડી ગયું.નુરનું ચિત્ત ભ્રમિત થઈ ગયયું. પોલીસ આવી પંચનામું થયું. સરપંચની દિકરીએ બધી જ હકીકત જણાવી દીધી. પોલીસે નુરના હાથમાં હથકડી પહેરાવી દીધી. એ પોતાની સુઝબુઝ ગુમાવી બેઠી. દીકરાની લોહીથી ખરડાયેલી લાશ જોઈને એ પાગલ બની ગઈ. આખું ગામ પાદરે એકઠું થયું હતું. કોઈ સ્ત્રીઓ પડતી હતી ત્યાં ભીડને વિખેરતો વીખેરતો એક માણસ આગળ આવ્યો. સાવ લઘરવઘર હાલત ચોળાઈ ગયેલા વાળ, રૂક્ષ કાળો વાન, બોલતાં બોલતાં જીભ લોચા વાળતા હતા. એ માનવદેહ આકૃતિ જીપની સામે આવીને ઉભી રહી.

'સાહેબ ઉભા રહો, મારી નુરને ના લઈ જશો.. સાચો ગુનેગાર તો હું છું.. મારી પત્ની સાવ નીર્દોષ છે. મને લઈ જાઓ.. જીંદગી સજા ભોગવી છે.આજે મને લઈ જાઓ. મને ફાંસીને માંચડે ચડાવી દો.પણ મારી નુરને છોડી દો. હું તમને હાથ જોડું છું, પગે લાગું છું મારી નુરને છોડી દો સાહેબ.. પરાગ બે હાથ જોડી કાકલુદી કરવા માંડયો. એ જીપનીપાછળ નિસ્તેજ ઉભી એવી એની પત્ની પણ પહોંચ્યો. એના પગ પકડી લીધા. નુર હું તારો ગુનેગાર છું મને માફ કરી દે.. ઘણા વર્ષોથી પશ્ચાતાપની આગમાં બળી રહે છે પણ શું મોં લઈને તારી સામે આવું ? મને માફી માંગવાનો પણ અધિકાર નથી. મને સજા આપતો રહ્યો પણ તારી સામે આવવાની હિંમત ના કરી શકયો. પરાગ ધ્રુસકે ધ્રુસકે રડતો હતો પણ નુર નિસ્પૃહ થઈને ઉભી હતી. કોણ જાણે એના દીકરાના પ્રાણની સાથે એની સ્મૃતી પણ ચાલી ગઈ હતી. બસ શૂન્યભાવે પરાગને તાકતી રહી જીપ તેને લઈને જતી રહી.

# ચૂંટણી આવતા કોંગ્રેસના નેતાઓને સ્થાનિક વિસ્તારના પ્રશ્નોનું બ્રહ્મજ્ઞાન થયું : મફતલાલ પુરોહિત

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા વિધાનસભા વિસ્તારના તમામ મતદાર ભાઈઓ બહેનો વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે. ત્યારે કોંગ્રેસ પક્ષના નેતાઓને આપણા વિસ્તારના મહત્વના પ્રશ્નોનું અચાનક બ્રહ્મજ્ઞાન થયું છે. હવે એમની વાતમાં તો પ્રજા વિશ્વાસ મૂકે તેમ નથી એટલે જુદા જુદા લોકોને આગળ કરી હમદર્દી મેળવવા નીકળ્યા છે.

કોંગ્રેસ પક્ષે નર્મદા ડેમનું ખાતમુહૂર્ત ૧૯૬૨ માં જવાહરલાલ પાસે કરાવ્યું પછી પંચાયતથી પાર્લામેન્ટ સુધીની સત્તા ભોગવતી કોંગ્રેસ એ ખાતમુહૂર્તને જ ભૂલી ગઈ. ભાજપાની સરકાર આવી અને મા. કેશુભાઈ મુખ્યમંત્રી બન્યા ત્યારે ગુજરાતની જીવાદોરી સમાન આ ડેમનું કામ શરૂ થયું.

આપણા વિસ્તારમાં ૧૦૦ % વસ્તી ખેતી ઉપર નભે છે. ખેતી માટે પશુપાલન માટે કે બાગાયત માટે પાણી જોઈએ અને તે માટે મેં પાંચ વર્ષ સતત રજુઆતો કરી છે અને એનો અભ્યાસ પણ કર્યો છે. હજાર બારસો ફુટે પાણી ગયા છે. ખેડૂત મોટર બદલે કે કોલમ બદલે તો મોટર લોડ લે અને જી.ઈ.બી. બેફામ પણે લોડ વધારો માગે અને બીજો ચાર્જ લગાવી ખેડૂતોની મુશ્કેલીમાં વધારો કરે છે.

હમણાં એક ખેડૂતે વ્યાજે પૈસા લઈ ઉપરા ઉપરી બે બોર કરાવ્યા છતાં પાણી ન થયું ત્યારે તે રાતે તે ખેડૂતને ઘેર અનાજ નહોતું રંધાયું. ઘરના બધા સભ્યો ખૂબ રડ્યા અને ભૂખ્યા સુઈ ગયા. આ દુઃખનો અનુભવ જેને ભાવ હોય તે કરી શકે.

પાણીના પ્રશ્ને મારી વારંવાર રજુઆતના લીધે માંડલ અને વાહડા ગામ વચ્ચે ૪૮૫ લાખના ખર્ચે ચેકડેમ મંજુર થયો છે.જેના ટેન્ડર બહાર પડી ગયા છે. આ કામ જલ્દીથી ચાલુ થશે. ૬૦૦ લાખ રૂપિયાની રાજ્ય સરકારે દાંતીવાડા, ધાનેરા અને ડીસાના ગામોને કઈ રીતે પાણી આપી શકાય તેના સર્વે માટે બજેટમાં જોગવાઈ કરી છે. નરેન્દ્રભાઈએ બનાસકાંઠાના તમામ ધારાસભ્યો અને મંત્રીઓને જિલ્લાના મહત્વના ૧૦ કામોની યાદી લખીને આપવા કહેલું ત્યારે નં.-૨ ના કામમાં રેલ નદી જીવતી કરો તે કામ સર્વસંમતિથી લખીને ૨૦૧૦ માં આપેલું છે. એ કામ થઈ ન શકે તો સીપુથી રાજસ્થાનની બોર્ડર સુજલામ સુફલામ નહેર સીપુ, શીયા, પેગીયા થઈને ધરણોધર ગામે પૂરી કરો અને જો એ પણ ન થઈ શકે તો ધાનેરાના ૬૫ ગામ, દાંતીવાડાના ૩૫ ગામ, ડીસાના ૨૫ ગામ અને થરાદના પૂર્વ તરફના ૧૫ ગામોના તળાવો ઊંડા કરી આઉટલેટ ઈનલેટ બનાવી પાઈપથી ભરેલા રાખો. એના ઉપર મોટર ડીઝલ મશીન મુકવાની છુટ આપો. આ મારી રજુઆત લેખિતમાં પડેલી છે. મા.નીતિનભાઈ પટેલ અને શંકરભાઈ ચૌધરીને પણ આ બાબતે મેં વારંવાર રજુઆતો કરી છે અને એ બાબતે યોગ્ય ઉકેલ આવશે તેવો વિશ્વાસ મને આપ્યો છે. થરાદની રાહથી નીકળતી સુજલામ સુફલામ્ નહેર નેનાવા સુધી લંબાવવાની ખાતરી મને મળી છે. જલ્દીથી એ કામ પૂર્ણ થશે.

ધાનેરાના રેલ્વે બ્રીજ બાબતે પણ હરિભાઈ ચૌધરી એ કામ ગતિમાં છે અને જલ્દીથી શરૂ થશે તેવી ખાતરી આપી છે. જાગૃત અને સક્રિય જન પ્રતિનિધિ જ વિકાસના કામો કરી શકે અને સતત કામ કરતા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ અમારા આદર્શ છે. સૌનો સાથ સૌનો વિકાસ એ ભાજપનો આદર્શ છે. જાતિવાદના રાજકારણને યુ.પી.એ નકાર્યું છે. ભ્રષ્ટાચાર અને બિનસાંપ્રદાયની ભ્રામક વાતો કરી પ્રજાને ગુમરાહ કરતી કોંગ્રેસે હળાહળ કોમવાદ (લઘુમતિના) ને પોષવાનું પાપ કર્યું છે. આપણે ભારતની પ્રગટ થતી તેજસ્વી આભાનો અનુભવ કરીએ. અમિતભાઈ જેવા કુશળ સંગઠક અને યોગી જેવા સ્પષ્ટ વક્તા તપસ્વી યુગ પુરૂષ નરેન્દ્રભાઈ સાથે કાર્યરત છે. આવા તેજસ્વી સમર્પિત તપસ્વીઓથી ભારત માતા આલોકિત થઈ રહી છે. ત્યારે કોંગ્રેસીઓની કુટનીતિ ફુટનીતિથી સાવધ રહી ભારત માતાકી જય નો નારો બુલંદ કરીએ.

# વડગામમાં સોશ્યલ મીડીયાનો સદ ઉપયોગ

### ગૃપ દ્વારા સમાજના ઉત્થાનનો સરહાનીય પ્રયાસ

તા. પ્રતિ વડગામ

વડગામ ખાતે જય હો વાલ્મિકી વોટસએપ ગ્રૃપની શરૂઆત તા.૨૭/૩/૨૦૧૫ ના વાલ્મિકી સમાજના ૧૧ વ્યક્તિઓથી થઈ હતી. વાલ્મિકી સમાજમાં શિક્ષણ બાબતે જાગૃતિ લાવવા અને સામાજિક ઉત્થાન માટે ગૃપની રચના કરવામાં આવેલ જેમાં સોશ્યલ મિડીયાના માધ્યમથી દરેક ક્ષેત્રની માહિતી લોકો સુધી પહોચવા લાગી. ગૃપના માધ્યમથી સરકાર દ્વારા પડતી નોકરી પ્રવેશ ભરતી, સરકારી લાભો, ભરતીની તારીખ, સામાન્ય જ્ઞાન આરોગ્ય શિક્ષણ, જન્મદિવસ, બેસણું, સમાજમાં બનતી ગૌરવશાળી ઘટનાઓ, વિધાર્થીઓના પ્રશ્નોનું નિરાકરણ, આકસ્મીક ઘટનાઓ, વાલ્મિકી સમાજ સુધી પહોચાડવાના પ્રયત્નો કરેલ છે.

બે વર્ષની સફળતા બાદ ગ્રૃપ ત્રીજા વર્ષમાં મંગળ પ્રવેશ કરી રહ્યું છે. ગ્રૃપના માધ્યમથી વાલ્મિકી સમાજમાં સામાજિક, શૈક્ષણિક, પ્રગતિ માટેનું કાર્ય કરેલ છે. સોશ્યલ મીડીયાના આ સદ ઉપયોગનું અન્યો પ્રેરણા લઈ શકે છે.

# દાંતીવાડા તાલુકા ભાજપના પ્રમુખ ને બનાસડેરીમાં સલાહકાર સમિતિના સભ્યમાં નિમણુંક

પ્રતિનિધિ દાંતીવાડા



દાંતીવાડા તાલુકા ભાજપ પ્રમુખ નટુભાઈ ચૌધરી સહકારી ક્ષેત્રે પાંથાવાડા માર્કેટયાડેમાં ડિરેક્ટર તરીકે અને વિવિધ સહકારી મંડળીઓમાં પણ જવાબદારી નિભાવી રહ્યા છે ત્યારે બનાસડેરીના ચેરમેન અને ગુજરાત સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરીએ બનાસડેરીમાં સલાહકાર સમિતિના સભ્ય તરીકે નિમણુંક કરાતા સમગ્ર દાંતીવાડા તાલુકામાં આનંદની લાગણી જોવા મળી હતી.

# જેનાલ ગામે મોરને જીવતદાન...



બી.ટી.દરબાર

ડીસા તાલુકાના જેનાલ ગામે ગઈકાલે કુતરાઓએ રાષ્ટ્રિય પક્ષી મોરને ઈજા પહોંચાડી હતી. જે બાબતની જાણ ગામના જીવદયા પ્રેમીઓ પ્રવિણભાઈ બારોટ, લક્ષ્મણસિંહ પરમાર અને બી.ટી. દરબારને થતાં તેઓએ ઈજાગ્રસ્ત મોરને ડીસા ખાતે પશુ દવાખાનામાં સારવાર કરાવી જય જલયાણી ગૌશાળામાં મોકલી આપી જીવતદાન આપ્યું હતું.

# માંડલા પ્રા.શાળા કાંકરેજની પ્રથમ અનુપમ શાળા બની

### માંડલા શાળાના પૂર્વ આચાર્યનો વિદાય સમારંભ યોજાયો

પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાની માંડલા પ્રા. શાળામાં પૂર્વ આચાર્ય નરેન્દ્રસિંહ વાઘેલાની શિહોરી ખાતે બદલી થતાં તેમનો સત્કાર સમારંભ તેમજ ધોરણ ૮ નો સત્કાર સમારંભ યોજાઈ ગયો.ગ્રામજનો દ્વારા નરેન્દ્રસિંહની સેવા બીરદાવી ગ્રામજનોએ સાલ મોમેન્ટ આપી તેમનું બહુમાન કર્યું હતું. શાળા પરીવારે પણ તેમનું વિશેષ સન્માન કર્યું હતું.બાળકો દ્વારા સવાગતગીત તેમજ આચાર્ય નરેન્દ્રસિંહનો જન્મ દિવસ હોઈ જન્મદિનની શુભેચ્છા પણ પાઠવી હતી.



કિશોર પ્રજાપતિ

પ્રાથમિક શાળા ગુણવતા સુધારવા માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા અનુપમ શાળા પ્રોજેકટ ચલાવવામાં આવે છે. શાળામાં પ્રવેશ પાત્ર તમામ બાળકો દાખલ થાય શિક્ષણ પૂર્ણ કરે ગુણવતાલક્ષી શિક્ષણ પ્રાપ્ત કરે શાળાનું ભૌતીક પર્યાવરણ સુંદર હોય અને બાળકોમાં શ્રેષ્ઠ સંસ્કારોનું ઘડતર વિવિધ પ્રયોગોના માધ્યમથી થાય. આ માટે ૪૫૦ માર્કનું મૂલ્યાંકન માળખું વિકસાવવામાં આવ્યું છે. જેમાં માંડલા પ્રા. શાળા તમામક્ષેત્ર ગુણવતા પાસ કરતાં હવે માંડલા પ્રા. શાળાની જગ્યાએ માંડલા અનુપમ શાળા નામ થશે જે કાંકરેજની સૌ પ્રથમ શાળા હશે.

આ પ્રસંગે તા. ભાજપ મહામંત્રી કિશોર બી. પ્રજાપતિ, ગામના સરપંચ કરશનભાઈ પંડયા, નરેન્દ્રસિંહ વાઘેલા, બિન્દુબા ઝાલા, રૂપાભાઈ પરમાર, સી આર સી નારણભાઈ પટેલ, વીરાભાઈ પટેલ પ્રા. શાળા આચાર્ય ગલાજી, અજમલભાઈ દેસાઈ, અશોક પ્રજાપતિ, ગામના ડે. સરપંચ દાઝાભાઈ પરમાર, દેવાભાઈ પટેલ, દેવરાજભાઈ પટેલ જેવનભાઈ પટેલ વગેરે શિક્ષકમિત્રો તેમજ વિધાર્થીઓ હાજર રહ્યા હતા.

# ડીસામાં જશ્ને ગરીબ નવાઝની ઉજવણી કરાઈ

પ્રતિનિધી રાજપુર

ડીસામાં જશ્ને ગરીબ નવાઝની તથા વિલાદતે શૈખુલ ઈસ્લામની ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં આવી હતી.

ડીસામાં ૧ રજબ (૩૦ માર્ચ ૨૦૧૭) ના હજરત શૈખુલ ઈસ્લામના વિલાદતના મૌકા પર ''ફૈઝાને મદની અશરફ'' મદરસાની અંગે બુનિયાદ રાખી હતી. જે મદરસામાં ફક્ત છોકરીયો અને ઔરતોને તાલીમ આપવામાં આવશે. અને તાલીમ આલેમા દ્વારા આપવામાં આવશે. તથા ૨ રજબ (૩૧ માર્ચ ૨૦૧૭) ના બડાપુરા મક્કા મસ્જિદમાં હઝરત મૌલાના મુક્તિ



જમીલ મેમણ

અસગર અલી સાહબ મુફ્તીએ દાઉલ ઊલૂમ શાહે આલમ વ ખલીફાએ શૈખુલ ઈસ્લામ અમદાવાદવાળાએ ગરીબ નવાઝની શાનમાં તથા શૈખુલ ઈસ્લામનો જીંદગી પર રોશની નાંખી ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. દુઆ તથા બાદ નમાઝ પછી નિયાઝ વહેંચવામાં આવી હતી. તેવું મોહહિસે આઝમ મિશન બ્રાન્ચના તારીક સોલંકીએ જણાવ્યું હતું.

# રતનપુરા ગામના સરપંચ તથા સભ્યોનું નવયુવક મંડળ દ્વારા સન્માન

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના રતનપુરા ગામના સમરસ ગામના યુવાન અને ઉત્સાહી સરપંચ પટેલ રામસીભાઈ હીરાભાઈ તથા ઉપ સરપંચ તેમજ વોર્ડના તમામ સભ્યોનું નવયુવક મંડળ દ્વારા ફુલહાર તથા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માનસુંગભાઈ કે.પટેલ (ચેરમેન) નવીનભાઈ ધુડાભાઈ પટેલ, અરવિંદભાઈ કલ્યાણભાઈ પટેલ તથા ગામના તમામ યુવાનો અને વડીલો તથા સમસ્ત ગ્રામજનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે



જમીલ મેમણ

સરપંચ રામસીભાઈ હીરાભાઈ પટેલે જણાવ્યું કે ગામમાં સૌનો સાથ સૌનો વિકાસના સૂત્રને સાર્થક કરી ગામની કાયાપલટ કરી નાખીશ. તેવી ખાત્રી આપી હતી. આ પ્રસંગે સમગ્ર કાર્યક્રમનું સંચાલન અશોકભાઈ પટેલે કર્યું હતું.

# રતનપુરા ગામે પોલીયો રસીકરણ કેમ્પ યોજાયો



જમીલ મેમણ

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના રતનપુરા ગામે પોલીયો મુક્ત ભારત બનાવવાના ભારત સરકારના પોલીયો રવિવાર અંતર્ગત બાળકોને રસીકરણ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભીલડી નાગરિક શરાફી મંડળીના ચેરમેન માનસુંગભાઈ કે.પટેલના હસ્તે ૦ થી પાંચ વર્ષના બાળકોને પોલીયોના ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે આંગણવાડી કાર્યકર રેખાબેન દરજી, તેમજ કાળુભાઈ પટેલ, તથા સમસ્ત ગ્રામજનો તથા વડીલો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### ભારત વિકાસ પરિષદ ઉત્તર ગુજરાત પ્રાંતના હોદ્દેદારોની વરણી કરાઈ

તા.પ્રતિનિધિ ધાનેરા

સંપર્ક સહયોગ, સંસ્કાર, સેવા અને સમર્પણના પાંચ ધ્યેયને વરેલી ભા.વિ.પ. સંસ્થાના ઉત્તર પ્રાંતની બેઠક હારીજ ખાતે યોજાઈ હતી. જેમાં નવા વર્ષના હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે ધાનેરાના અરવિંદભાઈ બી. તુવરની કરવામાં આવતા ધાનેરામાં આનંદની લાગણી ફેલાઈ હતી. અરવિંદભાઈ તૂવર એલ.આઈ.સી.માં ડેવલપમેન્ટ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. ભા.વિ.પ.ગુજરાત ઉત્તર પ્રાંતના મહામંત્રી તરીકે પાટણના કમલભાઈ ચંદારાણા અને ખજાનચી તરીકે હેમંત કાટવાલાની વરણી કરાઈ હતી. જ્યારે ઉપપ્રમુખમાં ભરતભાઈ અખાણી, જે.વી.પટેલ અને સંજય પરીખ તથા સહમંત્રી તરીકે સૂર્યકાન્ત ઠક્કર, હીરાભાઈ પટેલ અને પૂર્ણિમાબેન મોદી તથા સંગઠન મંત્રી તરીકે ડાહ્યાભાઈ વાઢેરની વરણી કરવામાં આવી હતી. સાથે સાથે અન્ય સંયોજકોની નિમણુંક પણ કરવામાં આવી હતી.

# રાજયમાં કાળઝાળ ગરમીનું પ્રમાણ આંશિક ઘટ્યું

અમદાવાદ

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં છેલ્લા ચાર દિવસથી કાળઝાળ ગરમીના પ્રકોપ બાદ તાપમાનનો પારો આંશિક ઘટયો છે. જો કે, હજુ રાજયમાં ગરમીની અસર જારી રહેવાની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે. રાજયમાં આજે સૌથી વધુ ગરમી રાજકોટમાં ૪૦.૩ ડિગ્રી નોંધાઈ હતી. અમદાવાદમાં આજે બે ડિગ્રી જેટલો ગરમીનો પારો નીચે ઉતર્યો હતો. જેના કારણે અમદાવાદમાં ૩૯ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. રાજયમાં છેલ્લા ચાર દિવસથી ગરમીનો પ્રકોપ જારી રહ્યો હતો જેને લઈ પ્રજાજનો ત્રાહિમામ્ પોકારી ગયા હતા. ગરમી, લુ અને હીટવેવની અસરના કારણે નાગરિકોના સ્વાસ્થ્ય પર પણ તેની સીધી અસર પડી હતી. બળબળતી ગરમીથી ત્રસ્ત નાગરિકો ગરમીથી બચવા અને ઠંડક મેળવવા ઠંડા પીણા, વધુ પડતા પાણીના સેવન સહિતના ઉપચારો અપનાવી રહ્યા છે. છેલ્લા ચાર-પાંચ દિવસની ગરમીના પ્રકોપ બાદ આજે રાજયભરમાં ગરમીનો પારો ઘટતા પ્રજાજનોએ કંઈક અંશે રાહતનો શ્વાસ લીધો હતો. રાજયમાં આજે સૌથી વધુ ગરમી રાજકોટમાં ૪૦.૩ ડિગ્રી નોંધાઈ હતી. આટલી જ ગરમી કંડલા એરપોર્ટ ખાતે નોંધાઈ હતી. એ પછી અમરેલીમાં ૪૦.૨ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. ભુજ અને ડીસામાં ૩૯.૬ ડિગ્રી ગરમીનો પારો નોંધાયો હતો. બે દિવસ પહેલાં સુરેન્દ્રનગરમાં ગરમીનો ઉંચો નોંધાયેલો પારો આજે નોંધપાત્ર રીતે ઘટેલો જોવા મળ્યો હતો. સુરેન્દ્રનગરમાં આજે રાજયની સૌથી ઓછી ગરમી ૧૦ ડિગ્રી નોંધાઈ હતી.

હવામાન ખાતાની આગાહી મુજબ, અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ગરમીની અસર સરેરાશ રહેશે. અમદાવાદ શહેરમાં આજનું લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રી જેટલુ નોંધાયુ હતું.

અનુસંધાન પાના નં.૬

# કાંકરેજ તાલુકામાં પોલિયો રસીકરણ કાર્યક્રમનો શુભારંભ

પ્રતિ કંબોઈ

ગતરોજ સમગ્ર ભારતમાં પોલિયો રવિવાર મનાવવામાં આવ્યો હતો. જેમાં ૦ થી ૫ વર્ષ સુધીના બાળકોને પોલિયોની રસીના બે ટીપાં પીવડાવવામાં આવ્યા હતા.

ત્યારે કાંકરેજ તાલુકાના શિહોરી પી.એસ.સી અને કંબોઈ પી.એસ.સી દ્વારા પોલિયો રવિવારના દિવસે ૦ થી ૫ વર્ષ સુધીના બાળકોને રસીના ટીપા પીવડાવવામાં આવ્યા હતા. કંબોઈ ચાર રસ્તા પર કંબોઈ પી.એચ.સી મેડીકલ ઓફિસર ર્ડા. નિશાના માર્ગદર્શન હેઠળ કેમ્પ રાખવામાં



સજ્જનસિંહ સોલંકી

આવ્યો હતો. જેમાં ખાનવી વાહનો અને સરકારી બસોમાં આવતા મુસાફરોના ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને રસીના બે બે ટીપા પીવડાવવામાં આવ્યા હતા. આ બુથ પર કંબોઈ પી.એચ.સીના યશવંતસિંહ સોલંકી અને ભાવસિંહ સોલંકી દ્વારા ૦ થી ૫ વર્ષના બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી હતી.

### પ્રથમ વર્ષે સરકાર કોઈ આંચકો આપશે નહીં

# જીએસટીમાં પણ હેલ્થકેર, શિક્ષણ ટેક્સ જાળથી બહાર

નવી દિલ્હી

શિક્ષણ આરોગ્ય સંભાળ અને યાત્રા જેવી બાબતોને જીએસટી વ્યવસ્થા અમલી બની ગયા બાદ પણ સર્વિસ ટેક્સની જાળમાં રાખવામાં આવશે નહીં. આ બાબત તમામ માટે મોટી રાહત લઈને આવી છે. મળેલી માહિતી મુજબ કેન્દ્ર સરકાર જીએસટી અમલી કરવામાં આવ્યા બાદ પ્રથમ વર્ષમાં સામાન્ય લોકોને કોઈ મોટો આંચકો આપવા માટે ઈચ્છુક નથી. હેલ્થકેર, એજ્યુકેશન અને યાત્રાઓને જીએસટી વ્યવસ્થામાં સર્વિસ ટેક્સની જાળથી દુર રાખવામાં આવશે. એટલે કે ટેક્સમાંથી હેલ્થકેર, એજ્યુકેશન અને ધાર્મિક યાત્રાઓને મુક્તિ મળશે. હાલમાં કરવેરાની જાળમાં નહીં રહેલી તમામ સર્વિસને સ્પર્શ નહીં કરવા માટે જીએસટી કાઉન્સિલ સમક્ષ પણ મજબૂત કેસ રજુ કરવામાં આવી ચુક્યો છે. કેન્દ્ર સરકાર વર્તમાન સપાટી પર પરિવહન જેવી સર્વિસ માટે છૂટછાટના રેટ લાગુ કરવા માટે વિચારી રહી છે. રેવેન્યુ સેક્રેટરી હસમુખ અઢીયાએ જણાવ્યું છે કે તમામ પાસા ઉપર વિચારણા ચાલી રહી છે પરંતુ જીએસટી વ્યવસ્થામાં પ્રથમ વર્ષે કોઈ મોટો આંચકો લોકોને આપવામાં આવનાર નથી. કેન્દ્ર સરકાર દ્વારા જીએસટીને લઈને નવી પહેલ કરવામાં આવી ચુકી છે. કેન્દ્રિય નાણામંત્રી અરૂણ જેટલીના નેતૃત્વમાં જીએસટી કાઉન્સિલમાં તમામ રાજયોના પ્રતિનિધિઓને પણ સામેલ કરવામાં આવ્યા છે. આની બેઠક ૧૮-૧૯મી મેના દિવસે શ્રીનગરમાં મળનાર છે. જેના ભાગરૂપે જુદી જુદી ચીજવસ્તુઓ અને સર્વિસ ઉપર રેટ અંગે નિર્ણય લેવામાં આવશે. પહેલી જુલાઈથી જીએસટી વ્યવસ્થા અમલી કરવામાં આવી રહી છે. નવા પરોક્ષ કરવેરા વ્યવસ્થામાં ફેરફાર પણ કરવામાં આવનાર છે. તેમણે કહ્યું હતું કે નવા ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સના માળખામાં એક જ સપાટી જાળવી રાખવા માટે પણ પ્રયાસ થશે. જીએસટીના કારણે મેન્યુફેકચરીંગ ચીજવસ્તુઓ પર એક્સાઈઝ ડ્યુટી અને અન્ય સર્વિસ મર્જ થઈ જશે. તેમણે કહ્યું હતું કે જીએસટીને અમલી કરવા માટે હવે કોઈ અડચણ રહી નથી. હાલમાં સર્વિસની નકારાત્મક યાદીમાં ૧૭ વસ્તુ રહેલી છે જેના પર સર્વિસ ટેક્સ લાગુ કરવામાં આવતો નથી. ધાર્મિક યાત્રા, હેલ્થકેર, એજ્યુકેશન, સ્કીલ ડેવલોપમેન્ટ, પત્રકારત્વની પ્રવૃત્તિ જેવી ૬૦ સર્વિસથી વધારીની સર્વિસ પર સર્વિસ ટેક્સ લાગુ નથી. એટલે કે આ સર્વિસને સર્વિસ ટેક્સની જાળમાંથી મુક્તિ આપવામાં આવેલી છે. જાણકાર લોકોનું કહેવું છે કે જીએસટી અમારા દેશમાં સૌથી મોટા સુધારા તરીકે રહેશે. છેલ્લા ૫૦ વર્ષમાં સૌથી મોટા સુધારા તરીકે આને ગણવામાં આવે છે. સરકારે સર્વિસની વર્તમાન યાદી પર મુક્તિ જારી રાખવી જોઈએ જે હાલમાં સર્વિસ ટેક્સ હેઠળ નથી.

અનુસંધાન પાના નં.૬

# દિયોદર પોસ્ટ કર્મચારીનો વિદાય સમારોહ યોજાયો

ડીસા

દિયોદર પોસ્ટ ઓફીસમાં એમ.ટી.એસ.તરીકે ફરજ બજાવતા ભીખુભા સોલંકી વયમર્યાદાના કારણે નિવૃત થતાં તેમનો વિદાય સમારોહ ગતરોજ જિલ્લા અધિક્ષક હર્ષદભાઈ જોષીની અધ્યક્ષતામાં તેમજ પૂર્વ વિધાનસભા અધ્યક્ષ ગુમાનસિંહ બાપુની ઉપસ્થિતીમાં યોજાઈ ગયો. આ પ્રસંગે જિલ્લા અધિક્ષક હર્ષદભાઈ જોષીએ ભીખુભા સોલંકીની કામગીરીને બિરદાવી તેમનુ નિવૃત જીવન સુખમય નિવડે તેવી શુભકામના પાઠવી હતી. આ પ્રસંગે ઈન્સ્પેક્ટર ઓફ પોસ્ટ એસ.આર.રાજપુત,



શિહોરી એસ.પી.એમ.પી.કે.નાઈ, દિયોદર એસ.પી.એમ. એમ.એસ. પુરોહિત થરા એસ.પી.એમ., ડી.આર.સુથાર સહિત મોટી સંખ્યામાં પોસ્ટના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મેલઓવરસીયર એન.એસ. મોગલ, પી.એ. સંજયભાઈ સુથારે ભારે જહેમત ઉઠાવી હતી.

# આકોલી ગામે સધી સિકોતર માતાની રમેલ યોજાઈ

પ્રતિનિધિ કંબોઈ

કાંકરેજ તાલુકાના આકોલી ખાતે શિહોરી દિયોદર રોડ પર આદ્યશક્તિમા સધી સિકોતર માતાજીની રમેલનું માતાજીના ભુવાજી વાઘેલા રણધીરસિંહ રોથુભા દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં મોટી સંખ્યામાં ભક્તો દર્શન કરવા અને માનતા પૂર્ણ કરવા ઉમટ્યા હતા. આ માતાજીની રમેલમાં નામાંકિત કલાકાર મંગળસિંહ ઝાલા,



સજ્જનસિંહ સોલંકી

ચંદુ રાવળે રેગડીની અને માતાજીના ગરબાની રમઝટ બોલાવી હતી. આકોલી સરપંચ ગાડાજી, ભારૂભા વાઘેલા અને મોટી સંખ્યામાં ભુવાજીઓ ઉપસ્થિત રહી સત્વરે માતાજીને ફૂલ ચડાવ્યા હતા.


## જુન-૨૦૧૭ થી શિક્ષકો જોઈએ છે
## શ્રી ભગવતી એજ્યુ. એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ (સુચિત)
## ધ નેશનલ સ્કૂલ, ધાનેરા

| ક્રમ | વિભાગ | વિષય | લાયકાત | જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | ધોરણ ૧થી૫ | તમામ | પી.ટી.સી. અથવા બી.એ બી.એડ | (બહેનો-૩) |
| | ધોરણ ૬થી૧૦ | સા.વિ. | બી.એ બી. એડ | ૧ |
| ૨ | ધોરણ ૬થી૧૦ | અંગ્રેજી | બી.એ બી. એડ | ૨ |
| ૩ | ધોરણ ૬થી૧૦ | ગણિત/વિજ્ઞાન | બી.એસ.સી. બી.એડ | ૨ |
| ૪ | હોસ્ટેલ | ગૃહપતિ | બી.એ બી.એડ, પી.ટી.સી (ગૃહપતિ / ગૃહમાતા (કપલ)) | ૨ |

નોધ : ઉપરોક્ત લાયકાત ધરાવનાર ઉમેદવારોએ જરૂરી પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલ અને રૂબરૂ અરજી સાથે હાજર રહેવુ. ઈન્ટરવ્યુમાં હાજર રહેવાની તારીખ અને સમય : ૧૬/૦૪/૧૭ સવારે ૧૦:૦૦ કલાકે

નોંધ : સંસ્થામાં નિમણુંક આપ્યા બાદ સંતોષકારક પગાર આપવામાં આવશે.

-: સ્થળ :-

ધ નેશનલ સ્કૂલ
થરાદ રોડ, ધાનેરા જિ.બ.કાં. - ૩૮૫૩૧૦
ફોન નં - (૦૨૭૪૮) ૨૨૨૯૨૫

## તંત્રી સ્થાનેથી ...

**જેના માથે દેવું નથી એ પૈસાદાર છે.**

# અમદાવાદને ઝુંપડપટ્ટી મુક્ત શહેર બનાવવાની યોજના નિષ્ફળ

મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યમાં ઝુંપડપટ્ટી વિસ્તારમાં વધારો થતો જાય છે. ઘરવિહોણા લોકોને મકાન આપવાની યોજના પુરી રીતે સફળ નિવડી શકી નથી. ત્યારે અમદાવાદને ઝુંપડપટ્ટી મુક્ત શહેર બનાવવાના આયોજનના અમલીકરણમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સદતર નિષ્ફળ નિવડ્યું હોવાનું વિધાનસભામાં એક અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો.

શહેરી વિકાસ યોજના હેઠળ ૧૪૯ સ્લમ વિસ્તારમાં વિકાસ કોઈ કામ જ હાથ પર લેવામાં આવ્યા નથી. ત્યારે આવાસ અંગેની વિકાસની વાતો પોકળ સાબિત થઈ રહી છે.

ઝુંપડપટ્ટી મુક્ત શહેરની યોજના હેઠળ ૨૦૧૩ થી ૨૦૧૫ના ગાળામાં ૩૧,૫૭૮ ઝુંપડાવાસીઓનું પુનઃવસન કરાવવાના લક્ષ્યાંક સામે અમદાવાદ મ્યુ.કોર્પોરેશન માર્ચ ૨૦૧૬ સુધીમાં માત્ર ૧૦,૧૫૧ લાભાર્થીઓનું જ પુનર્વસન કરાવવામાં અ.મ્યુ. કોર્પોરેશન સફળ નિવડેલ છે.

શહેરી વિસ્તારમાં ગરીબજનો માટે બીએસયુપી યોજના હેઠળ ૧૭૯૧૫ આવાસો માટેની લાભાર્થીઓ પાસેથી સત્તાવાળાઓ ૧૯ કરોડ જ વસુલ કરી શક્યા છે. ત્યારે નરોડામાં સેન્ટ મેરીઝ સ્કૂલ પાસે તૈયાર કરવામાં આવેલા આવાસો જર્જરીત હોવાથી ૧૯૨ લોકોને જ ફાળવવામાં આવ્યા છતાં કોઈ મકાનોનો કબજો લેવા કોઈ આવ્યું નથી. જર્જરીત મકાનમાં લોકોનો ભય એ જણાય છે કે મકાન ધરાશાયી થશે તો? ભૂકંપ આવે તો શું પરિસ્થિતિ સર્જાય? આ બાબતે રાજ્ય સરકારે વિચારવું જોઈએ.અમદાવાદને ઝુંપડપટ્ટી મુક્ત શહેર બનાવવા મકાનો બનાવવામાં આવી રહ્યા છે. પરંતુ તે જર્જરીત થઈ જતાં સરકારને ત્યાં ઘરજમાઈ બનીને રહી જવા પામેલ છે. અમરાઈવાડી જેવા વિસ્તારમાં તૈયાર અવાસો હોવા છતાં કોઈ લાભાર્થી કબજો લેવા માટે આવેલ નથી.

ડીસેમ્બર ૨૦૧૬ સુધીમાં બીએસપીયુ યોજના હેઠળ બાંધવામાં આવેલા ૨૦૧૧૨ એકમોમાંથી કેટલાક એકમો ખાલી પડી રહ્યા છે. કહેવાય છે કે ૨૧૯૭ એકમો બંધ હાલતમાં છે. ઝુંપડાવાસીઓના પુનર્વસન માટે રૂા. ૧૮૪.૪૩ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી. પરંતુ આ મકાનો બાંધનારાઓને ઊંચા મકાનોના બદલે નીચા મકાનો બાંધવાની મંજુરી અમદાવાદ મ્યુનિસિપલ સત્તવાાળાઓએ આપી તેને પરિણામે રૂા. ૩૨.૬૨ કરોડની મહેસુલી આવકનું નુકસાન થયું છે.

રાજ્યમાં ગરીબો માટે ઘર બાંધી આપનારાઓને એકમ દીઠ રૂા. ૪.૩૯ લાખની સરેરાશ કિંમત સામે ટેન્ડરમાં રૂા. ૭.૯૬ લાખની કરી હોવાથી સ્લમ વાસીઓ માટે ઘર બનાવનારાઓને રૂા. ૧૦૬.૧૨ કરોડનો મોટો નાણાંકીય લાભ કરાવવામાં આવ્યો હતો. તેવું વિધાનસભામાં જણાવવામાં આવ્યું હતું.

ગુજરાતમાં સરકારી આવાસોની ગુણવત્તા યોગ્ય રીતે તપાસવામાં આવે તો તેમાં ક્યાંક ગેરરીતિ થયા વિના રહી નહિં હોય. વર્તમાન સંજોગોમાં રાજ્યમાં અમદાવાદ મ્યુ.કોર્પોરેશન સિવાય કયા શહેરમાં સરકાર દ્વારા કેટલા આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું હશે. તે બાબતે ગંભીરતાપૂર્વક તપાસ ચલાવવી જોઈએ. ગુજરાતના કચ્છ, ભુજ વિસ્તારમાં વિનાશક ભૂકંપ બાદ ત્યાં આવાસો બનાવવા માટે સરકારના અબજો રૂપિયાનો ખર્ચ થયો હોવા છતાં પણ હજુ આવાસ નિર્માણ માટે લાભાર્થીઓની સંખ્યામાં વધારો થયા કર્યો છે.

# ચૂંટણી પતી ગયા બાદ નેતાઓ પ્રજાને આપેલા વચનો ભૂલી જાય છે

પ્રાથમિક શાળાઓમાં આપણને શીખવવામાં આવે છે કે ભારત એ ખેતી પ્રધાન દેશ છે. પરંતુ આપણી ન્યુઝ ચેનલોને જોતાં એવુ લાગે છે કે ભારત એ ખેતી પ્રધાન નહી પરંતુ ખુરશી પ્રધાન અથવા ચૂંટણી પ્રધાન દેશ છે. કારણ કે આટલા મોટા દેશમાં કોઈને કોઈ રાજ્યમાં સતત ચૂંટણીઓ ચાલ્યા જ કરતી હોય છે અને આપણા લોક લાડીલા નેતાઓની ઉડાઉડ સતત જ ચાલુ હોય છે. ઠેરઠેર ચૂંટણીઓ અને તેની સભાઓ અને ઉદાર હાથે કરવામાં આવતી વચનોની લહાણી જેમ ખેતરમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવે તે રીતે વચનોનો પ્રજા ઉપર છંટકાવ કરવામાં આવે છે જેનાથી દેશની પ્રજા એક જાતના ઘેનમાં સરી પડે છે અને હાડમારીથી ત્રાસેલી પ્રજા નેતાના વચનમા એક આશ્વાસન શોધે છે અને સમય પ્રસાર થયા કરે છે. નવા નવા સમાચારો આવ્યા કરે છે અને નવી નવી ઘટનાઓ બન્યા કરે છે અને પ્રજા વચનોની માયા ભૂલી જાય છે અને પછી તો વચનોને પૂરા નહી કરી શકવાના કારણો અપાય છે અને "જો તમે અમને બીજી વખત ચૂંટશો તો આ વચનો ચોક્કસ પૂરા થશે" એવા વચનોની લહાણી કરીને પ્રજાને ફરીવાર ઘેનમાં નાખવામાં આવે છે. અને ફરીવાર ચૂંટણીનો જ માહોલ ઘડવામાં આવે છે. આ પ્રક્રિયા સળંગ ચાલ્યા કરે છે. પરિણામે પ્રજા ઠેરની ઠેર જ રહે છે અને રાષ્ટ્રનો વિકાસ થવાને બદલે રાશ પકડનારનો (નેતાનો) વિકાસ થયા કરે છે. હદતો ત્યાં થાય છે કે આ ચક્ર એવું સિફત પૂર્વક ચલાવવામાં આવે છે કે આમાંથી પારંપરિક રાજકારણ પણ ઉચું થઈ જાય છે. અર્થાત્ બાપ મંત્રી બને પછી તે જ ખુરશી પર બેટો આવે અર્થાત્ જેની ડાળ ડાળ પર સોનાની ચિડીયા છે તેવા દેશનું બધું જ એક ઘરમાં આવે.

**કર્દમ. ર.મોદી**
**પાટણ**

### આત્મચિંતન

## ચૈત્ર નવરાત્રિ વિશેષ - ઈશ્વરનું વિધાન

વિશ્વ વિધાનની માંગ છે કે પ્રત્યેક જીવ, પદાર્થ, વસ્તુ, વિશ્વની વિકાસ યાત્રામાં પોતાનું યોગદાન આપે, વિકાસના કાર્યક્રમમાં પોતાને ખપાવી દે, બીજ પોતાને મીટાવી દેશે, વિશાળ વૃક્ષના નિર્માણ માટે વૃક્ષ પોતાની જીવનશકિત અસંખ્ય બીજામાં છોડીને વિકાસના માર્ગમાં ખપી જાય છે.

સૃષ્ટીનું સૌંદર્ય જાળવી રાખવું એ પુણ્યનું જીવન છે. પ્રકૃતીનો એક એક નાનો મોટો ઘટક સૃષ્ટીનો વિકાસ, સત્ય,સૌંદર્ય, ઉન્નતીના માર્ગે આગળ વધવામાં પોતાનું પુરેપુરૂં યોગદાન આપી રહ્યો છે. એમાં જ એનું મહત્વ અને શકિત સમાયેલા છે.

જડ અથવા જીવ જગતના બધા પદાર્થો વિશ્વની વિકાસ યાત્રામાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. ઉત્સર્ગ કરીરહ્યા છે, આ વાત મનુષ્ય પર પણ લાગુ પડે છે. મનુષ્ય સૃષ્ટીનું સર્વશ્રેષ્ઠ પ્રાણી છે. એ દ્રષ્ટીએ વિશ્વની વિકાસ યાત્રામાં મનુષ્યની વધારે જવાબદારી છે. જે મનુષ્ય એને સમજે છે. એક સમૃદ્ધિ માટે પોતાનો ઉત્સર્ગ કરે છે, એના વિકારો આપમેળે ઓગળવા લાગે છે અને નવજીવન, સ્ફૂર્તી, સામર્થ્ય પ્રાપ્ત કરે છે તેને જીવનમાં અહર્નીશ સંતોષ, શાંતી અને પ્રસન્નતાનો અનુભવ થાય છે.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# "મા" ના જીવનમાંથી નાપાસ થઈએ પછી કોઈની તાકાત નથી કે આપણને પાસ કરી શકે.. "મા" નો પ્રેમ અજોડ છે

**સંવેદના**
**પ્રવિણ એમ. નાઈ**

શાસ્ત્રમાં એવું કહ્યું છે કે, તેત્રીસ કરોડ દેવી દેવતાઓ છે.બ્રહ્માને અહિ એકલું રહેવું ગમ્યું નહી એટલે અલગ અલગ નામ રૂપે અવતર્યો. આપણે ગાઈએ છીએ કે ,"હરી તારા નામ છે હજાર..ક્યા નામે લખવી કંકોતરી." આ એ જ કહેવા માગે છે કે આ સૃષ્ટિમાં પરમાત્મા વિવિધ રૂપે જોવા મળે છે. પણ આ બધામાં પરમાત્માનું આબેહૂબ,અજોડ કોઈ રૂપ હોય તો તે છે"મા" નું રૂપ. અવધૂત યોગી શંકરનાથના પરમશિષ્ય પ્રજ્ઞાવાન શ્રી આનંદમૂર્તિજી મહારાજે કહ્યું છે કે પુત્રનો સંબંધ માતા સાથે સીધો હોય છે તેમ ભક્તનો સંબંધ ભગવાનને મા રૂપે જોવે તો સીધો થઈ જાય છે. વિષ્ણુ રૂપે ભજ્યા તો તે ભક્તો વૈષ્ણવ કહેવાયા શંકરરૂપે ભજ્યા તો શૈવ કહેવાય અને મા ના રૂપે ભજ્યા તો શાક્યો કહેવાયા. આ દરેકમાં જેને જેને શાક્યો ભાવથી ભગવાનની ભક્તિ કરી છે તેનું નામ નીતિ નિયમો નહી હોય તો પણ ચાલશે. ગંદુ બાળક હોય તો પણ "મા" તેને ઉંચકી લે છે.. માને પોતાના બાળકો ઉપર સરખો પ્રેમ હોય છે.. કોઈક હોશિયાર હોય, અભણ હોય, ગાંડુ હોય.. પણ માતાને બધા જ બાળકો ઉપર સરખું વાતસલ્ય હોય છે.. તેવી જ રીતે જેવા ભાવથી મા ને પોકારે છે તેની પાસે મા તુરંત આવી જાય છે.

જગતમાં મા રીઝે તો પછી પૂછવું જ શું..! બેડો પાર થઈ જાય. અને મા રૂઠે તો પણ કંઈ બાકી રહે નહી. મા એના જીવનમાંથી આપણને નાપાસ કરી દે પછી કોઈની તાકાત નથી કે આપણને પાસ કરી શકે. પણ અહિ કમનસીબી કહો કે ગમે તે જેમ જેમ લક્ષ્મી વધે છે તેમ તેમ માનો પ્રેમ ભૂલાતો જાય છે. પોતાના સુખ ખાતર મા ને ઘરડા ઘરમાં મુકવા જાય તેવા કપુત્રો પણ અહિ ક્યાંક ક્યાંક જોવા મળે છે.વૃધ્ધાશ્રમમાં નિરીક્ષણ કરતાં એક વાત ચોક્કસ ઉડીને આંખે વળગે તેવી જરૂર હોય છે, અને એ છે કે વૃધ્ધા-શ્રમમાં જે ઘરડા માણસો આવે છે તે મોટે ભાગે સુખી ઘરમાંથી આવે છે. જેમ જેમ ઘરમાં પૈસા વધે છે. તેમ તેમ મા તરફની પ્રેમભાવના ઘટતી જાય છે. પણ બધા જ અહિ એવા છે એવું પણ નથી. અર્વાચીન કથા મુજબ શ્રવણે પોતાના માતાપિતાને તીર્થ યાત્રા કરાવી.. જેને આપણે માતા પિતાની ભક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ આપી શકાય. વર્તમાનમાં આવી હકારાત્મક બાબત ક્યાંક ક્યાંક જરૂર જોવા મળે છે. ખુબ જ ઉંચાઈના સ્તરે પહોંચ્યાં બાદ વર્તમાનમાં રહેનારા નરેન્દ્રભાઈ મોદીએ માતાની ગરીમા જાળવી રાખી છે. અને એમના એ માતા તરફની પ્રેમભાવનાનું લોકો અનુકરણ પણ કરે છે..ખૂબ જ સરાહનીય બાબત કહેવાય. વિશ્વવિભૂતીની ગરજ સારતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી માતાના. આશીર્વાદથી જ આટલી બધી ઉંચાઈ પ્રાપ્ત કરી હોય તોય શી ખબર.! હજારો માણસોને વ્યાસપીઠની સામે શાંત ચિતે રહીને કથાનું શ્રવણ કરાવતા આનંદમૂર્તિજી જ્યારે જ્યારે રામકથા ભાગવત કથા કરાવતા હોય ત્યારે પોતાની મા નંદુબાને જ બાજુમાં બેસાડીને જ ભગવાનના ગુણ ગાય છે. ભલે સામે હજારો માણસો બેઠા હોય પણ નંદુબા મારફતે જ જગતને કંઈક છૂપુ રહસ્ય કહેતા હોય તેવું લાગે. સત્સંગની ધારામાં પણ જયારે જ્યારે વચ્ચે કંઈકનું નામ લેવાની જરૂર પડે ત્યારે નંદુબાને ઉદેશીને જ બોલતા હોય છે. તેઓ જ કહે છે કે આ જગતમા દરેકનું ઋણ ચૂકવી શકાશે પણ માના ઋણમાંથી આપણે બહાર આવી શકતા નથી. તેઓ ઘણીવાર મા ને કહેતા હોય છે કે બા, ભગવાનની વાતો મારા મારફતે આવી રહી છે,તેને હું પણ સાંભળું અને તું પણ સાંભળ. ઘડીક પળ તો એવું લાગે કે આનંદમૂર્તિજી પોતાની માતાને પરમપદે પહોંચાડવાનો પ્રયત્ન જાણે ન કરાવતા હોય..!

શ્રધ્ધા જો હોય વિષયમાં તો પુરાવાની શી જરૂર.. પંક્તિ અનુસાર પથ્થરની મૂર્તિ હોય તો પણ તેને મળવા આપણે હજારો કિલોમીટર ચાલતા જતા હોઈએ છીએ. આ એ જ બતાવે છે કે આપણી શ્રધ્ધા તે મૂર્તિમાં છે. પણ ખરૂ કહીએ તો હજારો કિલોમીટર મૂર્તિમાં રહેલાં "દેવી" નાં દર્શન કરવા જરૂરી છે પણ એનાથી વધુ જરૂરી ઘરે રહેલી "મા" ની સંભાળ રાખવી તે છે. જનમ દેનાર "મા" ને તરછોડીને જો આપણે પેલી દેવી માના દર્શન કરવા જઈશું તો અહિ નવ માસ જેને પેટમાં રાખીને પોતે ભીનામાં સૂઈને આપણને સૂકામાં સુવડાવનાર એ મા તો કદાચ માફ કરી દેશે પણ પેલો હજારો હાથવાળો ઉપર બેઠો બેઠો જોઈ રહ્યો છે તે માફ નહી કરે. ઘડીક પળ આપણને જરૂર લાગશે કે મે દેવીમાતાનાં દર્શન કર્યો પણ ઉંડે ઉંડે આપણને ભય જરૂર સતાવશે કે,મેં કંઈક ખોટું કર્યું છે.એટલે જ કહેવાયું છે કે,"સમજ્યા વગર ભટકો નહી.જો ખબર પડી જશે તો બહાર નથી કંઈ." અને વળી, આપણે ઘરે જેને પૂજીએ છીએ એ બરાબર છે. બહાર જવાની શું જરૂર..!

દરેકમાં ઈશ્વરી તત્વ વિદ્યમાન જ છે. પછી જેની જેવી શ્રધ્ધા તે મુજબ થાય. ખરૂ કહીએ તો ઘરે નાનકડા મંદીરમાં બેસાડેલી "મા" અને હજારો કીલોમીટર દૂર બેઠેલ એ "દેવી માતા." બધુ જ સરખું છે. હા જનમ દેનારા મા તમારા વર્તનથી રાજી હોય, ઘરે પૂજતા હોય તે માતામાં પૂર્ણ શ્રધ્ધા હોય અને પૈસે ટકે બરાબર હોઈએ તો તે દૂર બેઠેલ દેવીમાતાને મળવા જઈ શકાય. સાથે તે જનમ દેનારા માને પણ સાથે લઈ જાઓ.. મા વધુ રાજી થશે.

કહેવાયા છે કે પરમતત્વની ઉપાસના કોઈ પણ સંબંધ રાખીને થઈ શકે છે, એ માનેલા સંબંધ વગર ઉપાસનાનું વિજ્ઞાન ટકી શકતું નથી. એ પરમાત્મા સાથે કોઈએ પ્રિયતમનો સંબંધ, કોઈ પ્રિયતમાનો સંબંધ, કોઈએ સખાનો સંબંધ, કોઈએ ગુરૂનો સંબંધ રાખીને ઉપાસના કરી છે, આવી ન શૃંખલામાં કોઈએ તેની સાથે "મા" નો સંબંધ રાખીને ઉપાસના કરી છે.

આ ઉપાસના પધ્ધતિમાં મજાની વાત એ છે.કે તમે જેવા સંબંધની ઉપાસના કરો છો તો પરમાત્મા તમારા માટે તેવા જ થઈ જાય છે. આ આ ઉપાસનાપધ્ધતિમાં"મા"તરીકેની ઉપાસના શ્રેષ્ઠ માનવામાં આવી છે. કારણ કે જ્યારે તે પરમ તત્વને "મા"કહીને ઉપાસના કરતાં "મા" જેમ પોતાની જાતને બાળક સામે પોતાને લાંબો સમય છૂપાવી શકતી નથી તે જ રીતે તે પરમાત્મા સર્વ શક્તિમાન હોવાથી તે ઉપાસકના હૃદયમાં પ્રગટ થઈ જાય છે.. અને "મા"આપણી ઉપર પ્રસન્ન થઈ જાય પછી તો પુછવું જ શું.!બેડો પાર થઈ જાય છે. એટલે આવો, આપણે પણ આ પવિત્ર દિવસોમાં પરમતત્વ રૂપી "મા" ને યાદ કરીએ. એના ગુણ ગાઈએ અને અંતમાં એક માતા ઘણા પુત્રને સાચવે છે, ૧

ણ ઘરની એક "મા" ને આપણે સાચવી શકતા નથી. બહાર જ ભટકીએ છીએ. ઘરે આવવાનો થોડોક પ્રયત્ન કરીએ અને "મા" ને ખુશ કરીને આશીર્વાદ મેળવીએ. આ લેખ અંગે અભિપ્રાય મોબાઈલ નંબર ૯૪૨૭૯ -૦૩૨૬૨ (વોટશોપ) ઉપર આપી શકો છો..

**પ્રવિણ એમ.નાઈ**
**રતનગઢ**
**(તા.કાંકરેજ)**

# સમયનો તકાજો છે કે કેન્દ્ર સરકાર લોકપાલની નિમણુંક કરે

સામાજીક કાર્યકર અન્ના હજારેએ ૨૦૧૦થી લોકપાલની નિમણુંક માટે દિલ્લી ખાતે એક મોટું આંદોલન ચલાવ્યું હતું. તે સમયે યુ.પી.એ. સરકાર પર સારું એવું દબાણ તેમણે ઊભું કર્યું હતું. ઉપવાસ, સત્યાગ્રહ અને ધરણાના આંદોલન દ્વારા સરકારને ફરજ પાડી હતી કે, લોકપાલનું બિલ લાવીને ટુંક સમયમાં જ લોકપાલનો કાયદો ઘડશે. આ કાયદો ૧૬-૧-૨૦૧૪ના રોજ અમલમાં પણ આવી ગયો. નરેન્દ્ર મોદીની એનડીએ સરકાર આવવા છતાં આજે ત્રણ વર્ષે પણ લોકપાલની નિયુક્તી થઈ શકી નથી. અન્ના હજારેના તે વખતના આંદોલનમાં તેમને ભાજપે તન,મન અને ધનથી સાથ સહકાર આપેલો તે જગજાહેર વાત છે.

આજે ત્રણ વર્ષે લોકપાલનો કાયદો હોવા છતાં તેનું અમલીકરણ થયું નથી ત્યારે દુ:ખી એવા અન્ના હજારે ફરીથી આંદોલન છેડવાની વાત કરતા કહે છે કે, ''આ સરકારને સત્તા પર આવ્યાને ત્રણ વર્ષ થઈ ગયા, તેમ છતાં ભ્રષ્ટાચાર પર કાબુ મેળવી શકાયો નથી, ભ્રષ્ટાચાર ડામવાનું નરેન્દ્ર મોદીએ જનતાને આપેલું આશ્વાસન પોકળ સાબિત થયું છે, કેન્દ્ર સરકારને લોકપાલની નિયુક્તી કરવાની કોઈ ઈચ્છા જણાતી નથી. જે રાજ્યોમાં ભાજપની સત્તા છે ત્યાં લોકાયુક્તની નિયુક્તી કરવામાં શેની અડચણ આવે છે ? લોકપાલ કે પછી લોકાયુક્તની જો નિયુક્તી કરવામાં આવશે તો પોતાની સત્તા હાથમાંથી ચાલી જશે તેવો ભય સરકારને સતાવી રહ્યો છે, આને કારણે જ તેઓ નિયુક્તી કરવાનું ટાળી રહ્યાં છે.''

અન્ના હજારેને હરહંમેશ ૨૦૧૦ના લોકપાલ આંદોલન કે જે તેમણે આવશ્યક પણે જ આપણા દેશને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા છેડ્યું હતું તેના પ્રતિક અથવા મહાનાયક તરીકે પીછાણે છે. પરંતુ, નાતો અન્ના હજારે ખુદ અથવા અન્ય કોઈપણ વ્યક્તિ ઈનકાર કરી શકે છે કે, તેમની સાથે જાહેરમંચ પર શોભાવનારા અને જેઓએ તેમના આંદોલનના છત્ર તળે, અગ્રણી ભૂમિકા ભજવી હતી તેઓએ રાજકીય સત્તા હાંસલ કરવાના વ્યક્તિગત ઉદ્દેશ સિધ્ધ કર્યા છે. સર્વ શ્રી અરવિંદ કેજરીવાલ, મનિષ સિસોદીયા, વી.કે.સિંઘ, કિરણ બેદી અને કિરણ ખેર વગેરે તેઓ પૈકીના ઉદાહરણ છે. નરેન્દ્ર મોદી સુધ્ધા કે જેઓ, તે સમયે ગુજરાતના મુખ્યમંત્રી હતા તેમણે પણ અન્નાને તથા તેમના આંદોલનને ટેકો આપ્યો હતો. તે સમયગાળા દરમ્યાન લોક સમુદાયમાં છવાઈ ગયેલા અન્નાની છાપ અથવા છબીની મદદ થકી જ આ લોકોએ રાજકીય સત્તા ગ્રહણ કરી. પરંતુ વર્તમાન દિશા અને દશા જોતાં એમ પ્રતિત થાય છે કે, જમીની સમુદાય - આમ આદમી અને ખાસ કરીને યુવકો, જેઓ વિવિધ રાજ્યોમાંથી તેમના નેતૃત્વ તળેના આંદોલનને ટેકો આપવા ચોમેરથી ઉમટી પડ્યા હતા. આ બધ્ધા જ આજે સંપૂર્ણ પણે નિરાશ થાય છે, કારણકે, તે આંદોલને જન્માવેલી તમામ આશા - અપેક્ષાઓ મરી પરવારી છે. તેનું ઉત્તમ ઉદાહરણ નરેન્દ્ર મોદી, છેલ્લાં ત્રણ વર્ષથી વડાપ્રધાન પદુ ભોગવી રહ્યા હોવા છતાં પણ તેમણે લોકપાલની જગ્યા ખાલી રાખી છે.

સુપ્રિમ કોર્ટમાં અરજી કરનાર એનજીઓ કોમનકોઝે આ અંગે એમ કહ્યું છે કે, આજની તારીખમાં લોકસભામાં કોઈ વિપક્ષી નેતા નથી તેથી લોકપાલની નિમણુંક થઈ શક્તી નથી. તે વાત બહુ માનવા લાયક જણાતી નથી. ૧૯૭૭ના સંસદના એક કાયદામાં સ્પષ્ટ કરાયું હતું કે, ગૃહમાં સૌથી મોટી વિપક્ષી પાર્ટીના નેતાને જ આ દરજ્જો આપી શકાય છે. કાયદા પ્રમાણે લોકપાલની નિમણુંક, વડાપ્રધાન, લોકસભાના અધ્યક્ષ, વિરોધ પક્ષના નેતા, સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા તેમણે નિયુક્ત કરેલા ન્યાયાધીશની પેનલ દ્વારા કરવામાં આવશે. હવે સરકાર કોંગ્રેસના લોકસભાના નેતા મલ્લિકાર્જુન ખર્ગેને સાથે લઈને આમાંથી રસ્તો કાઢી શકે તેમ છે. આમ કરવામાં આવતું નથી અને લોકપાલની નિમણુંક થઈ શક્તી નથી.

આ અગાઉ સી.બી.આઈ.ના નિયામક અને મુખ્ય માહિતી કમિશ્નરની નિમણુંક કરવામાં વિપક્ષી નેતાની ભૂમિકા હોવાથી તે કરવામાં પણ આવી ગઈ છે. મોદી સરકારે ભ્રષ્ટાચાર સામે અભ્યાન છેડ્યું છે

ત્યારે લોકપાલની નિમણુંક તેઓ સહેલાઈથી કરી શકે તેમ છે. આશા રાખીએ કે, આગામી દિવસોમાં કેન્દ્ર સરકાર લોકપાલની નિમણુંક કરીને પ્રજાની આશાઓ અને અપેક્ષાઓને અમલમાં મુકશે.

**(લેખક:- ગૌતમ ઠાકર)**
**(હિં.સ.)**

# પશ્ચિમના દેશોની વ્યક્તિ સ્વતંત્રતા ભલે વખણાતી હોય પરંતુ ભારત જેવી આઝદી વિશ્વમાં ક્યાંય નથી

વિશ્વના દરેક દેશનું સંચાલન તથા વહીવટી સરળતા માટે દરેક દેશ પોતાની ભૌગોલિક પરીસ્થિતિઓ તથા તે દેશમાં વસતા લોકોની સંસ્કૃતિ તથા સગવડોને ધ્યાનમાં રાખીને પોતપોતાના બંધારણની રચના કરીને તેના આધારે દરેક દેશનો વહીવટ ચાલતો હોય છે. અત્યારે વિશ્વમાં વિકસીત અને વધુ વ્યક્તિ સ્વતંત્રતાવાળા દેશોમાં અમેરિકા, બ્રિટન, ફ્રાંસ, રસીયા,યુ.કે, જર્મની વગેરે દેશોની ગણના થાય છે. ત્યાંના લોકોને બંધારણમાં વ્યક્તિની સ્વતંત્રતા તથા સગવડો પર વધારે ભાર આપવામાં આવતો હોય છે. એટલે આ બધા દેશો ઘણાં વિકસીત અને શિક્ષીત તથા વધુ સ્વતંત્રતાવાળા દેશો ગણાય છે. ભારત દેશ ભલે આ દેશોની સરખામણીમાં પાછળ હોય અને ભલે આ દેશના લોકો જેટલી સ્વતંત્રતા વ્યક્તિઓને ન મળી હોય તો પણ હાલના તબક્કે ભારતના લોકોને જેટલી આઝાદી મળી છે કે જેટલી આઝાદી લોકો ભારતમાં ભોગવી રહ્યા છે તેટલી આઝાદી કોઈ દેશના વ્યક્તિઓને વિશ્વમાં ક્યાંય મળતી હોય એવું લાગતું નથી.કારણ કે ઉપરોક્ત વિકસીત દેશોમાં સામાન્યમાં સામાન્ય ગુનો કર્યો હોય, ટ્રાકિકના નિયમોનો સામાન્ય ભંગ થયો હોય તો તે દેશની સરકાર તેમને દંડ અથવા સજા કર્યા વગર છોડતી નથી તેની સામે ભારત દેશમાં તમે રાષ્ટ્રદ્રોહ સિવાયનો ગમે તેવો ગંભીર ગુનો કર્યો હોય તો પણ બંધારણની છટકબારીનો લાભ લઈ છૂટી શકો છો તથા ભારતના બંધારણમાં મોટા ભાગના એટલે કે મર્ડર, લૂંટ, ચોરી, મારામારી વગેરે ગમે તેવા ગુનામાં સમાધાનની જોગવાઈ છે. બે પક્ષકારો વચ્ચે સમાધાન થાય તો કોર્ટ તેમને સમાધાનના બેજ પર છોડી દે છે. બીજા દેશોમાં આવુ નથી. સાઉદી અરેબીયા, કુવેત, પાકિસ્તાન, યુ.એ.ઈ જેવા ઈસ્લામિક દેશોમાં તો ગુનાની સજા એટલી ક્રૂરતા પુર્વક આપવામાં આવે છે કે ચોરી કરનાર આરોપીના હાથ કાપી નાંખવા, જાહેરમાં ફાંસીની સજા આપવી, કોરડા ફટકારવા તથા, પત્થર મારીને ગુનેગારને મારી નાખવો આવી કાતીલ સજાઓ છે.એટલે તો કહેવાય છે કે પાકીસ્તાન ઈસ્લામીક રાષ્ટ્ર હોવા છતાં ત્યાં વસતાં મુસ્લીમો કરતાં ભારતમાં વસતા મુસ્લીમો વધુ સુખી અને વધુ આઝાદી ભોગવી રહ્યા છે. ભારત દેશ આર્યોના સંસ્કારો તથા દેવભુમી તરીકે ઓળખાય છે.અને તેની સંસ્કૃતિમાં ક્ષમા વિરસ્ય ભુષણમાં માનનારો દેશ હોવાથી ગમે તેવાને ક્ષમા તથા માફી મળી જાય છે. એટલે જ તો દેશની તમામ વિધાનસભા અને લોકસભામાં ૩૦ થી ૪૦ ટકા ક્રીમીનલ નેતાઓ ચુંટણી જીતીને દેશના કાયદ ઘડવા બેઠા છે.

**- દિલીપ પુરોહીત (લાખણી)**

# વૈષ્ણવ વેલનેસ ફાઉન્ડેશન દ્વારા વલ્લભી બ્રાન્ડથી આયૂર્વેદિક અને હર્બલ પ્રોડેક્ટનું લોકાર્પણ




આયુર્વેદ એટલે શાસ્ત્રમાં આયુષ્ય અને રોગ તથા શરીરની સારસંભાળ રાખવાનુંજ્ઞાન આપવામાં આવે છે. આયુર્વેદ અને હર્બલને અનુસરવાથી દિર્ઘ આયુષ્ય અને શરીરનું જતન થાય છે.આયુર્વેદ અને હર્બલ તે એક નિર્દોષ કે જેના ઉપયોગથી કોઈ આડ-અસર થતી નથી. અને એટલે જ આયુર્વેદ અનેહર્બલ દવાનો ઉપયોગ પ્રાચીનકાળથી થઈ રહ્યો છે આયુર્વેદએ સૌથી શ્રેષ્ઠ પ્રાચીન વિજ્ઞાન છે અને આજે તમામલોકો તેની તરફ વળ્યાં છે. આ વાતને ધ્યાનમાં રાખીને વૈષ્ણવ વેલનેસ ફાઉન્ડેશન એલએલપી દ્વારા ગુજરાતમાંઆયુર્વેદિક પ્રોડેક્ટમાં વલ્લભી બ્રાન્ડની વલ્લભી આયુર્વેદિક સોપની રજૂઆત સાથે પ્રવેશ કર્યો છે.અમદાવાદના સેટેલાઈટ વિસ્તાર ખાતે ૩૦૦૦થી વધુ વૈષ્ણવ સમુદાયની હાજરીમાં વૈષ્ણવ વેલનેસ ફાઉન્ડેશનદ્વારા વલ્લભી બ્રાન્ડની રજુઆત કરવામાં આવી હતી. આ બ્રાન્ડ અંતર્ગત પ્રથમ સોપ(સાબુ)ની રજુઆત કરી છે.

આ વિશેષ રજુઆત પ્રસંગે શ્રી વૈષ્ણવાચાર્ય શ્રી પ.પુ.ગો.શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી(કડી – અમદાવાદ), શ્રીવૈષ્ણવાચાર્ય શ્રી પ.પુ.ગો.શ્રી યદુનાથ મહોદયશ્રી(કડી – અમદાવાદ), શ્રી જીતુભાઈ વાઘાણી(ભાજપ પ્રદેશપ્રમુખ - ગુજરાત), શ્રી જયરાજસિંહ ગોહિલ(ભાવનગર યુવરાજ), શ્રી હેંતભાઈ કોશીયા(કમિશનર – ફુડ એન્ડડ્રગ, ગુજરાત), શ્રી પ્રવિણભાઈ કોટક(ઈસ્કોન ગ્રુપ), શ્રી સુધીરભાઈ નાણાવટી(એડવોકેટ અને પ્રેસીડેન્ટ જીએલએસ યુનિ.), શ્રી અશોકભાઈ શેઠ(શેઠ બ્રધર્સ) વગેરેએ ઉપસ્થિત રહીને સમારંભની શોભામાં અભિવૃદ્ધીકરી હતી.અમે વર્ષ ૨૦૧૭-૧૮માં ગુજરાતમાં રૂ. ૧૦ કરોડનું રોકણ કરાવાના છે. અનેટુંક સમયમાં ગુજરાતમાં ૧૦૮ આઉટલેટ શરૂ કરવાનું આમારું લક્ષ્ય છે. અમારા નવા સોપાન થકી પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદીની મેક ઈન ઈન્ડિયા, મેડ ઈન ઈન્ડિયાની યોજનામાં એક કદમ અમે પણ સાથે ચાલીશું.

આ શુભ પ્રસંગે વૈષ્ણવ વેલનેસ ફાઉન્ડેશનનાં આધ્યાતમીક દ્રષ્ટા એવા શ્રી પ.પુ.ગો.શ્રી યદુનાથ મહોદ્યે જણાવ્યુંહતું કે આયુર્વેદ અને હર્બલ એ ભારતની ઓળખ છે. અને ૧૦૦ ટકા વેજીટેરિયન, ગુણવત્તાયુક્ત અને શુદ્ધપ્રોડેક્ટ લોકોને મળે તે અમારો મુખ્ય ઉદ્દેશ છે. સાથે – સાથે વધારે માં વધારે રોજગારીનું સર્જન કરીશું.ભારતમાં મહાન પ્રાચીન સંસ્કૃતિ અને આયુર્વેદ તથા હર્બલ પ્રોડેક્ટનો લાભ વધુમાં વધુ લોકો લે તે હેતુથી આપ્રોડેક્ટને નવા અવતારમાં રજુ કરવામાં આવી છે. આ વૈષ્ણવ વેલનેસ ફાઉન્ડેશન અંતર્ગત ભારતભર તથા વિદેશમાં પણ વલ્લભી પ્રોડેક્ટનાં સ્ટોર ખોલવામાં આવશે.

## નોટબંધીની કોઈ અસર નહીં : ગુજરાત કો.ઓ.મીલ્ક માર્કેટીંગ ફેડરેશને ૧૮ ટકાના વૃદ્ધિદરથી રૂા.૨૭૦૦૦ કરોડથી વધુ ટર્નઓવર હાંસલ કર્યું

અમદાવાદ

ગુજરાત કો.ઓપ.મીલ્ક માર્કેટીંગ લી.કે જે અમુલ બ્રાન્ડ હેઠળ દુધ અને દુધની બનાવટોનું વેચાણ કરે છે તેના દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન રૂા.૨૭.૦૮૫ કરોડનું પ્રોવિઝનલ ટર્નઓવર હાંસલ કરવામાં આવેલ છે કે જે ૨૦૧૫-૧૬ દરમ્યાન હાંસલ કરવામાં આવેલ ટર્નઓવર કરતાં ૧૮ ટકા વધારે છે. જીસીએમએમએફે પાછલા ૭ વર્ષમાં ટર્નઓવરમાં ૩.૫ ગણો વધારો હાંસલ કરેલ છે. અમુલ ગ્રુપ હેઠળ આવતા તમામ દુધ સંઘો અને જીસીએમએમ એફનું કુલ ટર્નઓવર અંદાજીત રૂા.૩૮,૦૦૦ કરોડ થયેલ છે. અહીં એ નોંધવું પડે કે જીસીએમએમએફ દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ સુધીમાં રૂા.૫૦,૦૦૦ કરોડનો ટર્નઓવર હાંસલ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. સતત દુધ સંપાદનમાં વધારો, દુધ અને દુધની નવી બનાવટો નવા બજારમાં મુકવાની પહેલ અને નવા મીલ્ક પ્રોસેસીંગ પ્લાન્ટમાં રોકાણ કરવાની નીતીને કારણે જીસીએમએમએફ દ્વારા પાછલા ૩ વર્ષથી દર વર્ષે ૨૦ ટકા જેટલો સુચીત સરેરાશ વૃદ્ધિદર હાંસલ કરવામાં આવેલ છે. દુધ અને દુધની બનાવટો દુરના માર્કેટમાં પહોંચાડવાના હેતુસર જીસીએમએમએફ દ્વારા પાછલા ચાર વર્ષમાં ૧૪ નવી વેચાણ માટેની શાખાઓ ભારતભરમાં ખોલવામાં આવી છે.

જીસીએમએમએફ દ્વારા ૧૮ દુધ સંઘોના ૩૬ લાખથી પણ વધુ દુધ સભાસદો દ્વારા સંચાલીત ૧૮,૭૦૦ થી વધુ ગામડાઓમાંથી અંદાજીત રોજનું ૧૭૭ લાખ લીટર દુધ સંપાદીત કરવામાં આવે છે.આઈએફસીએન દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ અહેવાલ મુજબ દુધ પ્રોસેસીંગને ધ્યાનમાં રાખવામાં આવે તો જીસીએમએમએફ (અમુલ) વિશ્વની ૧૩ મા નંબરની કંપની છે.

# મ્યુઝિક થેરેપીથી દૂર કરી શકાય છે શ્વાસની બીમારી

સંગીત સાભળવાથી મન પ્રફુલિત થઈ જાય છે. જો કે સંગીતનાં ફાયદો માત્ર આટલા પૂરતો મર્યાદિત નથી. સંગીત કેટલીક બીમારીઓનાં ઉપચાર તરીકે પણ અસરકારક સાબિત થઈ શકે છે. શ્વસન સબંધી કેટલીક ગંભીર બીમારીઓમાં મ્યુઝીક થેરાપી ખૂબ જ અસરકારક સાબિત થાય છે. સંગીત ક્રોનિક ઓબ્સ્ટ્રેક્ટિવ પલ્મોનરી ડિજીજ (સીઓપીડી)ની સારાવાર માટે અસરકારક સાબિત થઈ શકે છે. સીઓપીડી એક લાંબાગાળાની સંગીત સબંધી બીમારી છે. જેમાં વ્યક્તિને શ્વાસ લેવામાં તકલીફ, ઘભરામણ, ખાંસી, શરદી અને છાતીમાં દુ:ખાવો જેવી સમસ્યાનો સામનો કરવો પડે છે. દિવસેને દિવસે આ સમસ્યાઓ વધતી જાય છે.

મ્યુઝીક થેરાપી આ બીમારીની સારવાર માટે પંરપરાગત ચિકીત્સા ઉપચારો કરતા પણ વધારે અસરકાર સાબિત થઈ શકે છે. અમેરિકાનાં ન્યુયોર્કમાં માઉંટ સિનાઈ બેથ ઈઝરાઈલ (એમએસબીઆઈ) હોસ્પિટલમાં સંશોધન રિપોર્ટનાં સહ લેખક જોનાથન રસ્કિનનાં જણાવ્યા મુજબ શ્વાસને સબંધી રોગોની સારવારમાં મ્યુઝીક થેરાપી અંગે ૬૮ લોકો પર અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં છ સપ્તાહ સુધી રોગિયાની ટુકડીને મ્યુઝીક થેરાપીથી સારવાર આપવામાં આવી હતી.

# ઉનાળાની ખાસ દવાઓ

**હોમીયોપેથીક એક સરળઉપાર** — **ડૉ. જગદીશ ધોળકીયા**

**જીજ્ઞાસુ મિત્રો,**

અત્યારે ચૈત્રમાં મહીનામાં વૈશાખમાં જે કાળઝાળ ગરમી હોય તેવી પડી રહી છે. આકાશમાંથી અગનગોળા વર્ષી રહ્યા છે. ગુજરાતની પ્રજા ગરમીથી ત્રાહીમામ છે. તેમાં પણ ગઈકાલે ડીસામાં ગરમીનો પારો ૪૪ સુધી ઉંચો ગયો હતો. કાલે ઘણા લોકોને સનસ્ટ્રોકની અસર થઈ હતી.

હોમિયોપેથીમાં અસહ્ય ગરમી પડે ત્યારે ઘણી દવાઓ ઉપયોગમાં આવે છે. એસીડ ફ્લોર, ગ્લોનોઈન જેલ્સેમીયમ, પલ્સાટીલા સલ્ફર,કલ્કેરીયા સલ્ફ, સાઈલીશીયા વિગેરે દવાઓ લક્ષણ પ્રમાણે આપવામાં આવે છે. આજે આપણે ખુબ જ ઉપયોગી દવા વિશે માહિતી મેળવીશું.

૧. એસીડ ફ્લોરીકમ : ઉનાળાની અસહ્ય ગરમીમાં લુ લાગે (સનસ્ટ્રોક) થાય, ગરમીને લીધે મગજનો તાવ આવે (મેનીન્જાઈટીસ) થાય ત્યારે આ દવા ઉપયોગી બને છે. હોટ બ્લેડેડ દર્દીની આ ખાસ દવા છે. તડકો સહન થાય નહીં, ઉનાળામાંદર્દી પાંચ મીનીટ માટે પણ બહાર જાય કે તુરંત જ આખું શરીર ગરમ થાય ચામડી બળવા લાગે, દર્દીને એટલી ગરમી લાગે કે વારંવાર ઠંડા પાણીથી નહાવાનું મન થાય, ઉનાળામાં પથારી પણ ગરમ લાગે, ચાદર ઓઢીને દર્દી સુવે તો પણ ચાદરની બહાર રાખે.

આખા શરીરમાં અગ્નિનો ગોળો ફરતો હોય તેવી બળતરા થાય,શરીરના અંદરથી તેમજ બહારથી ભયંકર બળતરા થાય, ચા કે કોફી પીવે તો તો મોંઢાથી શરૂ કરી સંડાસ સુધીના પાચનતંત્રના અવયવોમાં બળતરા થાય.

ચામડીના રોગોમાં આ દવા ખુબ જ ઉપયોગી છે. માથામાં ખોડો થાય, ફોતરીઓ નીકળે, શરીરમાં ચામડીમાં ફોતરીઓ થાય, ખુજલી આવે, માથાના વાળમાં પહેલાં ચીકણો પદાર્થ નીકળે પછી ફોતરી થાય. બધા વાળ ચોંટી જાય અને વાળનો ગુચ્છો ખરી પડે, ટાલ પડે, ઉંદરી થાયતેમાં આ દવા ખુબ જ ઉપયોગી બને છે. શરીર ઉપર થતા મસા (વાર્ટસ) ની પણ આ અકસીર દવા છે.

૨. સલ્ફર : ઉનાળાની ગરમીમાં થતાં ગુમડાં ખસ, ખુજલી, ધાધર બધા માટે સલ્ફર દવા ખુબ જ ઉપયોગી છે. તડકામાં જઈનેઆવે એટલે ખુબ જ પરસેવો થાય, પરસેવો ગંધાય પછી ખુજલી આવે, ગુમડાં થાય, ગુમડામાં રસી થાય, રસી ખુબ જ વાસ મારે, ચામડીના રોગને જેમ જેમ ખણવામાં આવે તેમ તે ભાગ લાલ થાય, બળતરા થાય, દર્દી પથારીમાં સુતો હોય તો પથારીની ગરમીથી પણખુજલી તેમજ બળતરા થાય, દર્દીને એટલી બધી ખુજલી આવે કે જેમ જેમ ખણતો જાય તેમ તેમ ચામડી ખરબચડી થાય, જેમ જેમ ખણે તેમ ચામડીમાંથી લોહી નીકળે, તેની આ ખાસ દવા છે. દર્દીને ચહેરા ઉપર બળતરા થાય, ગરમીને લીધે મોંઢામાં બળતરા થાય, ચામડીમાં બળતરા થાય, સંડાસમાં બળતરા થાય, મસામાં બળતરા થાય, હાથ પગના તળિયામાં બળતરા થાય.

તડકામાં જવાથી માથાનો દુ:ખાવો થાય, ગરમીમાં ઝાડા થાય ત્યારે આ દવા ઉપયોગી બને છે.

દર્દીને ગરમીને લીધે તરસ બહુ લાગે, પેટમાં ભુખ પણ લાગે પણપાણીથીપેટ ભરી લે. ચામડી તંદુરસ્ત ન લાગે, દર્દી ગમે તેટલી વાર સ્નાન કરે પણ હંમેશા ગંદો લાગે.

૩.પલ્સાટીલા : ઉનાળામાં બહેનોને તકલીફ થાય, ત્યારે આ દવા ઉપયોગમાં લેવામાં આવે છે. તડકો, સહન થાય નહીં,બહેનો તડકામાંથી આવે એટલે થાકી જાય, ઉદાસ થઈ જાય, કોઈ બોલાવે તોગમે નહીં, રૂમમાં આવે તો રૂમ પણ ગરમ લાગે, દર્દીને એટલી ગરમી લાગે કે રૂમમાં પણ પરસેવે રેબઝેબ થાય.

બહેનોને ગરમીને લીધે માસીક ધર્મમાં પણ તકલીફ પડે,

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# ચૈત્ર આવ્યો , અલૂણા અપનાવો

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

ચૈત્ર મહિનો આવતા જ કાળઝાળ ગરમી શરુ થઇ ગઈ છે. આકાશ માં થી અંગારા વરસી રહ્યા છે. હજુ તો આ શરૂઆત છે. આગે આગે દેખતે જાઓ.... આપણે આડેધડ સંહાર કરેલા વૃક્ષો અને ગાય, ભેંસ, બકરી જેવા નિર્દોષ પ્રાણીઓ ની હત્યા નું આ પરિણામ. વૈશ્વિક સંતુલન ખોરવવાનું પરિણામ. માણસ એ સહજ પ્રકૃતિ પ્રેમી છે, છતાં તે પ્રકૃતિ નું હનન શા માટે કરતો રહ્યો છે તે ઈશ્વર ને ય કદાચ નહિ સમજાતું હોય. ઈશ્વર એટલે સ્વાર્થ વિનાનો પ્રેમ અને સ્વાર્થ વિના ની કૃતિ. વૃક્ષ- વનસ્પતિ, પશુ-પક્ષી પ્રત્યે તેમાં પ્રભુ બેઠો છે તે ભાવના થી જયારે આપણે સંબધ રાખીશું ત્યારે જ સાચું પ્રકૃતિ નું જતન થશે. તેટલા માટે જ ઋષીઓ એ આપણને ધર્મ આપ્યો. ધર્મ કહે તેમ કરો. સમગ્ર માનવ જાત ને જીવન જીવવાની પદ્ધતિ જે શીખવે તે ધર્મ. તેથી ધર્મ માણસ માત્ર ને માટે એક જ હોય. આપણે જે ફાંટા પાડ્યા છે તે સંપ્રદાય ના છે. જે સૌની રૂચી પ્રમાણે ના અલગ અલગ હોઈ શકે.

જવા દ્યો..... આપણે અહી અલૂણા વિશે વાત કરવી છે... ચૈત્ર, વૈશાખ, જેઠ ની ગરમી થી શરીર, મન ની તંદુરસ્તી જાળવવા ઋષિ ઓ આપણ ને ચૈત્ર માં અલુણા.. નમક વિનાનું ભોજન કરવાની અને તીખું, તળેલું, દહીં, ડુંગળી, લસણ, રીંગણ, બાજરી નહિ ખાવાની સલાહ આપેછે અને દૂધી, દૂધ, ઘી, ભાત, ભાત નું ઓસામણ, પરવળ, કાકડી, ભીંડા જેવા ઠંડા અને ગરમ ના પડે તેવા શાક ભાજી નો ઉપયોગ વધુ કરવો જોઈએ.

આ ગરમી ના મહિના ની જે શરૂઆત થઇ છે તેમાં પિત્ત પ્રકૃતિ થી શરીર માં ભેગું થાય છે. આ દિવસો માં નમક, તીખું, તળેલું બંધ થાય તો જ પિત્ત વધે નહિ અને પિત્ત ના રોગો થાય નહિ. આ દિવસો માં વિશેષ કરીને બહેનો ને ગરમી ના રોગો....માસિક વધુ આવવું, ગર્ભાશય માં ચાંદી પડવી, હાથ-પગ ના તળિયા માં બળતરા થવી, અશક્તિ રહેવી, ઝીણો ઝીણો તાવ રહેવો, સ્વભાવ ઉગ્ર રહેવો, ચક્કર આવવા જેવી તકલીફ થી બચવા માટે ચૈત્ર મહિના માં અલુણા કરવા અને અન્ય ગરમી ના દિવસો માં પણ નમક ખુબજ ઓછું લેવું જેથી સ્વાસ્થ્ય જળવાઈ રહે.

માત્ર બહેનો જ શા માટે.. ભાઈઓ ને પણ આ ગરમી ના દિવસો માં નમક ઓછુ ખાવું જરૂરી છે.. કારણકે અધિક ગરમી થી પિત્ત વધવા થી ને ગરમી મગજ માં જવાથી, તડકા માં બહાર ફરવાથી હાઈ-બીપી, બ્રેઈન હેમરેજ, હાર્ટ એટેક, ચામડી ના રોગો, આંખ ના રોગો, મગજ ના રોગો ને ગરમી ના રોગો થવાના તેથી સૌએ અત્યારે ચૈત્ર માં નમક ઓછું લેવું ને ક્ષાર જેમાં આવતો હોય તેવી ચીજ વસ્તુઓ ખાવી નહિ.

છાસ, લીંબુ, આમળાં નું સરબત આ ઋતુ માં વધુ લઈ શકાય. દ્રાક્ષ, દાડમ ને શેરડી ગરમી માં બહુ સારી. પરંતુ જેમને ચામડી ના રોગો હોય તેમણે આ બધું ના લેવું. લીમડા નો મોર નો રસ તો સૌને માટે અત્યારે ખુબજ ઉપયોગી, જેમને અશક્તિ હોય તેમણે તે ના લેવો. લીમડા ના મોર થી તાવ, ચામડી ના રોગો, ગરમી ના રોગો થતા નથી ને થયા હોય તો મટે છે. એવું જરૂરી નથી કે લીમડા નો મોર માત્ર ચૈત્રી નવરાત્રી માં જ લેવો. પરંતુ તે દિવસો માં વિશેસ મળે છે. તે પછી પણ ચૈત્ર માં લીમડા ના પાન સાથે સાકર કે ખાંડ લેવાથી ગરમી ના રોગો થતા નથી. આ ધાર્મિક પ્રથા સ્વરૂપે મહારાષ્ટ્ર માં જોવા મળે છે. આ દિવસો માં આપણા વડાપ્રધાન પણ ઉપવાસ અને પ્રવાહી જ લ્યે છે. જે આપણા માટે માર્ગદર્શક છે.


**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**

**કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)**

**મો.૯૪૨૬૩૯૯૧૨૫**


# ટી.બી.: લક્ષણો અને સારવાર

**સાઈકોથેરાપીસ્ટ**

બે સપ્તાહ કરતાં વધારે ઉધરસ રહેતી હોય, સાંજના સમયે તાવ આવવો, છાતીમાં દર્દની સમસ્યા, ભૂખ ના લાગવી, વજન ઓછું થઈ જવું, વારંવાર શ્વાસની સમસ્યા વગેરે ટીબીના લક્ષણો છે. આ રોગમાં શરીરની રોગપ્રતિકારક શક્તિ ઓછી થઈ જાય છે

ટીબીની બીમારી ધીમે ધીમે વધે છે. તેના લક્ષણો એક સાથે નહીં પરંતુ ધીમે ધીમે શરીરમાં જોવા મળે છે. તેથી શરૂઆતના સમયમાં કોઈને જાણ થતી નથી કે આ વ્યક્તિને ટીબીની બીમારી છે. જ્યારે શરીરની રોગ પ્રતિકારક શક્તિ ઘટે છે ત્યારે તેના લક્ષણો સંક્રમિત થઈને રોગમાં બદલાય છે. છેલ્લા પાંચ-છ વર્ષથી આ બિમારી ઉચ્ચ, મધ્યમ વર્ગ અને સામાન્ય પરિવારના વ્યક્તિઓને ભરડામાં લઈ રહી છે. ડોક્ટર આ બીમારી વિશે જણાવે છે કે ખરાબ જીવનશૈલીને કારણે ટીબીની બીમારી થાય છે. સ્મોકિંગ કરવાથી ટીબીનું સંક્રમણ વધી જાય છે. ભારતમાં ટીબીને કારણે થતાં મૃત્યુમાં સ્મોકિંગ મુખ્ય ભૂમિકા ભજવે છે. અત્યારે યુવતીઓ ફિટનેસ અને ફીગર બાબતે સજાગ થઈ હોવાથી તેઓ યોગ્ય આહાર ન લેતા ડાયટિંગ કરવાનું પસંદ કરે છે. જેના કારણે શરીરની બેક્ટેરિયા સામે લડવાની ક્ષમતા ઓછી થઈ જાય છે અને તે ટીબીની બીમારીનો શિકાર બને છે. તેથી મહાનગરોમાં અસ્વસ્થ જીવનશૈલી જીવી રહ્યાં લોકોએ પોતાના ખાનપાનમાં ધ્યાન રાખવાની જરૂર છે.

બે સપ્તાહ કરતાં વધારે સમય સુધી ઉધરસ રહે, છાતીમાં દુ:ખાવો થાય છે, વજન ઓછું થઈ જાય છે તો તુર્ત જ ડોક્ટર પાસે જઈને ટીબીની તપાસ કરાવો. ઉધરસને ક્યારેય સામાન્ય બિમારી ન સમજશો. ટીબીની બિમારી મટાડવા માટે સૌથી જરૂરી બાબત એ છે કે તમે શરીરને નિરોગી રાખવા માટે પોષક તત્વોથી ભરપૂર ખોરાક ખાવ. આ બાબતે જાણકારી સૌથી સારો ઉપાય છે. તમે ટીબીની બીમારીથી સંક્રમિત થઈ ચૂક્યા છો તો ડોક્ટરની સલાહ અનુસાર પ્રાથમિક શ્રેણીની સારવાર કરાવો. આ કોર્સ અવશ્ય પૂરો કરો. નહીંતર તમને એમડીઆર ટીબી થઈ શકે છે. આ ટીબીની સારવાર વધારે ખર્ચાળ અને કષ્ટદાયક છે.

પ્રથમ સારવાર આઠથી દસ મહિના સુધી ચાલે છે. ડોક્ટરની દેખરેખમાં તમારે ગોળીઓ ખાવાની હોય છે. જે લોકોની રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોય છે તેમણે ભીડભાડવાળી જગ્યાએ જવું ના જોઈએ. ટીબી એક સંક્રમક બિમારી છે. જે માઈક્રો બેક્ટેરિયમ ટ્યૂબરક્લોસિસ નામના કીટાણુથી થાય છે. ટીબી વધારે ફેંફસાને અસર કરે છે. તેને પલ્મનરી ટીબી કહેવાય છે. આ સિવાય પણ શરીરના કોઈ પણ અંગ પર અસર કરે છે. તેથી તેને એક્સ્ટ્રા પ્લમનેરી ટ્યૂબરક્લોસિસ કહેવામાં આવે છે. હવાના માધ્યમથી આ રોગ એક વ્યક્તિમાંથી બીજા વ્યક્તિમાં દાખલ થાય છે. ડ્રગ રેજિસ્ટેંટ પણ ટીબીનો એક પ્રકાર છે. જે પ્રથમ શ્રેણીની દવાઓં કોઈ પ્રતિક્રિયા જોવા મળતી નથી. આ બીમારીમાં જ્યારે યોગ્ય દવા આપવામાં ન આવે તો બીમારી ઝડપથી વધે છે. અથવા દર્દી દવાનો કોર્સ પૂરો ના કરે તો પણ બીમારી મટી શકતી નથી. મલ્ટી ડ્રગ રેજિસ્ટેંટ ટીબી બે સામાન્ય દવાઓ, આઈસિનયાજિડ અને રિફામ્પિસિનને પ્રતિરોધ કરે છે. કેટલીક વાર દવા પ્રતિરોધની સ્થિતિમાં વધારે ગંભીર બની જાય છે જેને એક્સટેન્સિવલી ડ્રગ રેજિસ્ટેન્ટ ટીબી કહેવામાં આવે છે. આ ત્યારે થાય છે જ્યારે સેકન્ડ લાઈન ડ્રગ્સનો ખોટી રીતે ઉપયોગ કરવામાં આવે છે. આ ટીબીની ઉપલબ્ધ દવાઓમાં સૌથી ઓછી પ્રતિક્રિયા કરે છે. ટીબીના લક્ષણો બે સપ્તાહ કરતાં વધારે ઉધરસ રહેતી હોય, સાંજના સમયે તાવ આવવો, છાતીમાં દર્દની સમસ્યા, ભૂખ ના લાગવી, વજન ઓછું થઈ જવું, વારંવાર શ્વાસની સમસ્યા થતી હોય, ટીબીમાં દસ્ત થઈ શકે છે તથા શરીરના સાંધામાં દુ:ખાવો થઈ શકે છે. શરીરની રોગપ્રતિકારક શક્તિ ઓછી થઈ જાય છે. ટીબીની બીમારી બે ટેસ્ટ કરવાથી જાણી શકાય છે જેમાં પ્રથમ સ્પ્યૂટમ માઈક્રોસ્કોપી ટેસ્ટ અને જીન એક્સપર્ટ ટેસ્ટ. સ્પ્યૂટમ માઈક્રોસ્કોપી ટેસ્ટ તેમાં માઈક્રોસ્કોપના ઉપયોગથી વ્યક્તિના ગળફાની

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# સફળતા માટેના ચાર પાયાના તત્વો

**મન બિલોરી કાચ** — **મંજુ પ્રજાપતી**

દરેક માનવીને જીવન પર્યંત સફળ રહેવું છે. સફળ થવું છે, કોઈને નિષ્ફળતા ગમતી નથી, નિષ્ફળ માનવીનો કોઈ ભાવ પણ પૂછતું નથી, સફળ માનવીની બોલબાલા છે, અને હોય જ ને ! સફળતા કોને ન ગમે ? પણ સફળતા દરેકને વરતી નથી, એના માટે હૃદયમાં આત્મવિશ્વાસ અને સપના બંનેનું હોવું ખૂબ જરૂરી છે.

જીવનના કોઈપણ ક્ષેત્રમાં સફળ થવા માટેના ચાર પાયાના તત્વો છે, જેમાં પ્રથમ છે સ્પષ્ટ ધ્યેય , બીજું છે હકારાત્મક ચિંતન , ત્રીજું છે કલ્પનામાં, સપનામાં પણ પરિણામ જોવા , અને ચોથું અને સૌથી મહત્વનું તત્વ છે દ્રઢ વિશ્વાસ, દ્રઢ મનોબળ.

કોઈપણ સ્થળે પહોચવાનું સ્થળ નક્કી હોય તો એને નિશ્ચિતગતિ કહેવાય પણ ક્યાં જવું છે એ નક્કી ના હોય તો એને ભટકવું કહેવાય. એટલે કે માનવીનું પ્રથમ તો ધ્યેય નિશ્ચિત હોવું જોઈએ, પોતાને શું જોઈએ છે, શું કરવાનું છે, ક્યાં પહોચવાનું છે, એ સ્પષ્ટ હોવું જરૂરી છે, પહેલા લક્ષ્ય નક્કી કરો, અને માત્ર લક્ષ્ય નક્કી કરી લેવું એટલું જ નહીં પણ એની સાથે ગમે તેટલી મુશ્કેલીમાં પણ એને વળગેલા રહો, લક્ષ્ય નિર્ધારીત થયા પછી ત્યાં પહોચવાના રસ્તા નક્કી કરો,તમામ રસ્તામાંથી પોતાને અનુકુળ અને સરળ રસ્તો ક્યો છે એ નક્કી કરો ત્યારબાદ એ માર્ગ પર આવનારી મુશ્કેલીઓનો સામાન્ય અદેશો કાઢો. એનો સામનો કરવા કટિબંધ્ધ બનો, છેક અંત સુધી શરૂઆતના જૂસ્સાને જાળવી રાખો.

બીજું તત્વ છે હકારાત્મક ચિંતન પોઝીટીવ થિંકીંગ... પોતાના લક્ષ્યને પામવા માટે નીકળી પડ્યા, મુશ્કેલીઓનો સામનો પણ કર્યો છે. હાર્યા, થાક્યા, નિરાશ થવાનો સમય આવ્યો, પ્રતિકૂળ સંજોગો ઉભા થયા તો એવે સમયે નકારાત્મક વિચારો હતાશા , દુ:ખને ફગાવી દો,નબળા વિચારોને મગજમાંથી દૂશ્ર કરી દો, હૃદયમાં શ્રધ્ધાના દીપને હોલવવા ના દો, મુશ્કેલીઓ તો નડવાની જ છે, એથી દુ:ખી થઈ બીજાના દોષ દેવા કે નસીબનો વાંક કાઢવો કે ઈશ્વર તરફ ફિટકાર વરસાવવો નહી વિકટ પરિસ્થિતિમાંથી પાર થવા હકારાત્મક વિચારો શરૂ કરો, હકારાત્મક વિચારો તમને નવી પ્રેરણા આપશે, કોઈપણ ઘટનાને કારણે તમને ઠેસ પહોચી હોય તમે સાવ હતાશ થઈ ગયા હોય તો હકારાત્મક વિચારો તમને એ નિરાશા, નિષ્ફળતામાંથી પણ આશાનો તંતુ શોધી આપશે, કંઈક બોધપાઠ મળશે નિષ્ફળતામાંથી શું કરવાનું અને શું નહી કરવાનું શું બરાબર યોગ્ય છે એની પ્રેરણા મળે છે, જો તમે નિષ્ફળતા મળશે અને હારી જશો કે નકારાત્મક વિચારશો કે હવે શું કરવાનું ? ગમે તે પ્રયત્ન કરો પણ કંઈ વળવાનું નથી જવા દો, આપણા નસીબમાં જ નહી હોય, અથવા ઈશ્વરને મંજુર નહી હોય વગેરે વગેરે... આવા નેગેટીવ વિચારો તમારી કામ પ્રત્યેની ઈચ્છાશક્તિઓને મારી નાખે છે, અને તમારી સફળતા પર પહેલો ફટકો ત્યાંથી જ પડવાની શરૂઆત થાય છે, નકારાત્મક વિચારો તમને સ્વયંને પરાજિત કરી નાખે છે, જ્યારે હકારાત્મક વિચારો તમને ફરીથી બેઠા કરે છે, તમારામાં નવી શક્તિનો સંચાર કરે છે.

સફળતા માટેનું ત્રીજું મહત્વનું તત્વ છે, કલ્પનાઓ કરો, સપનાઓ જુઓ અને તેમાં સચોટ પરિણામને જૂઓ,હંમેશા દરેક માનવીએ જીવનમાં કંઈકને કંઈક સપના સેવવા જોઈએ જો સપના હશે તો એને સાચા પાડવા માટે પ્રયત્ન કરીશું, વળી આપણે લક્ષ્ય નિર્ધારીત કરી તેના પર હકારાત્મક ચિંતન કરતા પ્રયાણ આદર્યું છે, એ લક્ષ્યને આપણે મેળવી જ ચૂક્યા છીએ, સિધ્ધિ હાંસલ કરી ચૂક્યા છીએ એવી હંમેશા કલ્પના કરો, ડૉ જીતેન્દ્ર અઢિયાના લખાણ લગભગ છેલ્લા વર્ષોથી વધુ પ્રકાશમાં આવ્યા છે, પરંતુ માણસ જે કલ્પના કરે છે તે હંમેશા સાચી પડે છે. એનું સચોટ ઉદાહરણ હું પોતે જ છું, ડૉ. જીતેન્દ્ર અઢિયા સાચું જ કહે છે કે માણસ જે કલ્પનાઓ મેળવે છે અને કલ્પના એ ક્યારેક સાચી પડશે એવી એને શ્રધ્ધા છે,

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# ડિહાઈડ્રેશનથી બચવા આટલું કરવું...

**આરોગ્ય સંહીતા**

કિડની બગડવાના કારણોમાં લોહીનું ઊંચુ દબાણ, ડાયાબિટીસ, એનેમિક કન્ડિશન, પેશાબમાં પ્રોટીન જવું સહિતના અનેક કારણો જવાબદાર છે

ડિહાઈડ્રોશન શું છે? પાણી એ શરીરનું મુખ્ય તત્વ છે અને પાણીની માત્રા જો યોગ્ય હોય તો જ આપણું શરીર બરાબર કામ આપી શકે છે. આપણુ શરીર આશરે ૭૪ ટકા પાણીથી નેલું છે. ડિહાઈડ્રોશન ત્યારે થાય છે જ્યારે પાણી યોગ્ય માત્રામાં પીવામાં નથી આવતું એટલે પાણીનો શરીરમાંથી નિકાલ વધતો જાય છે અને પાણીની આવક શરીરમાં વધતી નથી. પાણીના નિકાલ સામે શરીરમાં પાણીની યોગ્ય માત્રા જાળવવા માટે માણસે પૂરતા પ્રમાણમાં પાણી પીવું જોઈએ અને કેટલું પાણી પીવું એ આપણા વજન પર આધાર રાખે છે. આશરે દરેક માણસે દિવસમાં ૨થી ત્રણ લીટર પાણી પીવું જોઈએ. જેમ વજન વધારે એમ વધારે પાણી પીવુ જોઈએ, પરંતુ આ માત્રામાં અણુક સમયે વધારો પણ કરવો પડે છે. જ્યારે વાતાવરણનું તાપમાન વધારે હોય છે, અથવા જ્યારે તમે બિમાર પડો છો અને કસરત કરો છો અથવા તો તાવ આવે છે ત્યારે પાણીની માત્રા ચારથી પાંચ લીટર જેટલી કરવી જોઈએ.

ડિહાઈડ્રોશન થવાના કારણો - ડાયેરિયા અને ઊલટી દરમ્યાન પાણીની માત્રા શરીરમાંથી પુષ્કળ પ્રમાણમાં ઓછી થઈ જાય છે. એક સર્વે મુજબ આખી દુનિયામાં ૪ મિલિયન જેટલા નાના બાળકો ડિહાઈડ્રોશનને લીધે મૃત્યુ પામે છે અને એ પણ ડાયરિયાને લીધે જ. - વધારે પડતો પરસેવો થવાથી પણ ડિહાઈડ્રેશન થઈ શકે છે. જ્યારે શરીરનું તાપમાન વધી જાય છે ત્યારે શરીર પોતાને ઠંડુ પાડવા માટે પરસેવા દ્વારા પાણીનો નિકાલ કરે છે, પરંતુ જો ગરમ વાતાવરણમાં કસરત કરવામાં આવે છે કે ગરમીમાં વધારે પડતું કામ કરવામાં આવે છે અથવા તો ઈન્ફેક્શનને કારણે શરીરમાં તાવ આવે છે તો વધારે પડતો પરસેવો થાય છે અને એ દૂર કરવા માટે વધારે પાણી પીવું જોઈએ.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# વિભાજન દુ:ખ તણાવ ઈર્ષાનું જનક છે મન: તેની ભ્રામકતા મિટાવો, પામો આત્માનંદ...!

**માનસ** — **ડૉ. પ્રવીણ પટેલ**

**ગતાંકથી ચાલુ**

જ્યારે તમે અન્ય ઉપર આધાર રાખો છો ત્યારે તમે એ શક્તિ ગુમાવો છો, તમારૂં મગજ જન્મ્યા ત્યારથી પરંપરા દ્વારા ધર્મ દ્વારા, તમે જે સાહિત્ય વાંચો છો તે દ્વારા, છાપાઓ દ્વારા, માતા પિતા દ્વારા બંધનયુકત પ્રતિબદ્ધ થયેલું છે. લાખો વર્ષથી મગજ જીવતું આવ્યું છે. તેણે ઘણા ઘણા અનુભવો મેળવેલા છે. તેણે યુદ્ધો જોયાં છે. મજાઓ, વેદનાઓ, ચિંતાઓ, મોટા અખતરાઓનો અનુભવ કરેલો છે.તે હિંદુ, શીખ, ઈસાઈ, ખ્રિસ્તી, મુસ્લિમ તરીકે પ્રતિબદ્ધ બંધન ભોગવી ચુકયું છે. આપણે પ્રબયાસ કરવો જોઈએ જો તમે તેનાથી સજાગ હો તો શું તે પ્રતિબદ્ધતા ઉકલી શકે તેમ છે. ! વળી પ્રતિબદ્ધ થયેલું તમારૂં અસ્તિત્વ યંત્રવત્ બની જાય છે ! આપણે સાચે જ વિચારવું જોઈએ કે આપણાં મસ્તિષ્કને મુસ્લિમ, ખ્રિસ્તી, હિંદુ, શીખ કે માર્કસવાદી જેવાંલેબલોથી મુક્ત કરવું, આપણા માટે શકય છે ખરૂં ? આપણે મનુષ્ય છીએ, લેબલ નથી..!

જ્યાં પ્રતિબદ્ધતા છે ત્યાં શાંતિ નથી. ત્યાં પ્રેમ કે અનુરાગ હોઈ શકે નહીં.આપણું પ્રતિબધ્ધ મગજ એ ચોક્કસ છે, જડ છે અને રેઢીયાળ છે..! આવા બંધનયુકત પ્રતિબધ્ધ મગજની માનસીકતાથી મુકત થવા માટે શું કરવું જોઈએ ? આનાં માટે પહેલાં તો તમારે હિંદુ, મુસ્લિમ, શીખ બન્યા જેની સાથે માનવજાતની ચિંતા, વેદના, અચોક્કસતા, દુખ અને પીડાની ગાઢતા છે તેવો સમાજ, નીતિ નિયમો, બાહ્ય જગત.. બધું જ તમારાથી ભિન્ન છે તેની સમજ કેળવો. તમે જેવા છો તેવા તમને તપાસો. તમે તમારા પ્રત્યાઘાતો અને પ્રતિભાવો નિહાળો, તમારા પ્રત્યાઘાતો અને પ્રતિભાવો તે જ તમે છો. અન્ય સાથે તમારો સંબંધ કેવો છે, તેની તપાસ કરો. તમે શૈશવકાળથી આઘાત પામ્યા છો અને માનસિક રીતે દુભાયેલા છો. આ આઘાત અને પીડાઓનાં કારણે તમે તમારા મનને એટલું સંકુચિત બનાવી દો છો કે જેથી અન્ય સાથે તમારો સંબંધ ખુબ જ સાંકડો છે અને મર્યાદિત બની રહે છે.

વાસ્તવમાં આપણે બધા જ આવા તકલાદી આધારો પામેલા છીએ. સમાજમાં બધે જ સરખામણીએ થાય છે. બાળક સ્કૂલમાં ભણતું હોય ત્યારે તેને હોંશિયાર બાળક સાથે સરખાવવામાં આવે છે અને તે હોંશિયાર બાળકની સરખામણીથી તેનું માપ કાઢીને તેના ઉપર લેબલ લગાડવામાં આવે છે. જુદા જુદા વિદ્યાર્થીઓ આવા જુદાં જુદાં લેબલ ધરાવે છે.જેમ કે એ ગ્રેડ, બી ગ્રેડ, સી ગ્રેડ અને ફેઈલ..!આ રીતે સમાજમાં રહેતા માણસો કમાણીના મુદ્દે અલગ અલગ લોકો ઉપર તરેહ તરેહનાં લેબલ લગાડે છે. માણસ પર તેની ઈજ્જત, પ્રતિષ્ઠા માટેનાં લેબલો, કોઈ સંસ્થામાં કામ કરતો હોય તો ત્યાંના લેબલો, ઉપરાંત માણસ જેટલાં ક્ષેત્રો સાથે સંકળાયેલો હોય તેટલા ક્ષેત્રોમાં, આવડત, કુશળતા, વ્યવહાર પ્રમાણે જુદાં જુદાં માપ

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# વિટામિન ઈ હાડકાઓ માટે ખુબ નૂકસાનકારક : રિપોર્ટ

**આરોગ્ય**

વિટામિન ઈ ટાળવા માટે અભ્યાસમાં સલાહ

તાજેતરમાં જ કરવામાં આવેલા એક મહત્વપૂર્ણ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વિટામિન ઈ શરીરના હાડકાઓને નબળા બનાવે છે. જાપાનમાં કરવામાં આવેલા વ્યાપક અભ્યાસ બાદ સંશોધકોએ કહ્યું છે કે વિટામિન ઈની દવા અથવા તો વિટામિન ઈ સાથે સંબંધિત અન્ય ચીજવસ્તુઓનો ઉપયોગ કરવાથી સમય કરતા પહેલા શરીરના હાડકા નબળા પડી જાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું કે પ્રાણીઓ ઉપર આ અંગે અભ્યાસ કરવામાં આવ્યા બાદ આ મુજબના તારણો સપાટી પર આવ્યા છે. આમાં જણાવાયું છે કે વિટામિન ઈ શરીરના હાડકાઓને ૨૦ ટકા વધારે નબળા બનાવી દે છે. બ્રિટનના જાણીતા અખબાર ડેઈલી મેલે સંશોધકોને ટાંકીને કહ્યું છે કે સૌથી ચિંતાજનક બાબત એ છે કે માત્ર આઠ સપ્તાહના ગાળામાં જ આની પ્રતિકુળ અસર દેખાવા લાગી જાય છે. વૈજ્ઞાનિકોએ સંશોધન કરતી વેળા ઠેરવ્યું છે કે વિટામિન ઈ સપ્લીમેન્ટસનો વધારે પ્રાથિકતા આપતા લોકોને સાવધાન થઈ જવાની જરૂર છે. લોકો પર વ્યાપક અસરની પણ હવે ચકાસણી કરવામાં આવી રહી છે. આ વિટામિન મોટા ભાગે અનાજ, અખરોટ , ઓલિવ ઓઈલ અને ઈન્ડામાં હોય છે. વિટામિન ઈના કેટલાક ફાયદા પણ છે પરંતુ તેનાથી શરીરના હાડકા નબળા પડે છે. વિશ્વભરમાં મોટી સંખ્યામાં લોકો વિટામિન ઈનો ઉપયોગ કરે છે. અમેરિકામાં દસ પુખ્તવયના લોકો પૈકી એક વિટામિન ઈની દવાઓનો ઉપયોગ કરે છે. નવેસરના અભ્યાસમાં જણાવાયું છે કે વિટામીન ઈની અસર આડકા ઉપર વધારે થાય છે. આલ્ફા ટોકોફેરોલની અસરને જાણવાના પણ પ્રયાસ થયા છે. પુખ્ત વયની વયમાં હાડકાઓ સામાન્ય રીતે નબળા પડે છે. જાપાની અભ્યાસમાં જાણવા મળ્યું છે કે,

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## હોમીયોપેથીક

### અનુસંધાન ૫ નુ ચાલુ...

માસિક નિયમિત આવે નહીં, દર પંદર દિવસે માસિક આવે, માસિક કોઈ વાર ઓછું આવે, કોઈ વાર વધારે આવે, બહેનો ઘડીક આનંદમાં રહે, ઘડીક ગુસ્સો કરે, દીવસમાં દૈનિક ક્રીયા વ્યવસ્થિત ચાલે નહીં, મુડ બદલાયા કરે,કોઈ વાર ખુબ ખાવાનું મન થાય, કોઈ વાર ભુખી રહે.

બહેનોને એટલી બધી ગરમી લાગે કે આખો દિવસ ઠંડુ પાણી, બરફ, કોલ્ડડ્રીંકસ કે આઈસ્ક્રીમ ખાવાનું મન થાય ઠંડા પાણીના ટબમાં કલાકો સુધી બેસવાનું મન થાય.બહેનોને જમવા બેસે એટલે ખાવાનું માપ રહે નહીં, ખાધા પછી બધી જ તકલીફો વધી જાય.

ઉનાળામાં ચામડી લાલ થાય, ગરમ થાય, કપડાં પણ સહન થાય નહીં, આખો દિવસ સ્નાન કરવું ગમે, કાનમાંથી ગરમીને લીધે રસી આવે ત્યારે આ દવા ઉપયોગી બને છે.`.રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે શનિવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે. દર રવિવારે અમદાવાદમાં અક્ષત કોમ્પલેક્ષ ગુરુકુળ મેમનગર ખાતે મળશે.

**ડૉ. જગદીશ ધોળકિયા**
**ડૉ.આલાપ ધોળકિયા ડીસા**

## સાઈકોથેરાપીસ્ટ

### અનુસંધાન ૫ નુ ચાલુ..

તપાસ કરવામાં આવે છે. આ ટેસ્ટ દરેક લેબમાં કરવામાં આવે છે પરંતુ કેટલીક વાર આ ટેસ્ટમાં કોઈ ભૂલ રહેતી જોવા મળે છે. જીન એક્સપર્ટ ટેસ્ટ આ મોલિક્યુલર ટેસ્ટ છે. તેમાં સ્પ્યૂટમ નમૂનાનો ઉપયોગ કરવામાં આવે છે અને બે કલાક કરતાં ઓછા સમયમાં રિપોર્ટ આવી જાય છે. આ દવા રિફામ્પિસિનના પ્રતિરોધ સાથે જોડાયેલ જેનેટિક મ્યુટેશનને ઓળખે છે તેથી તેમાં એમડીઆર ટીબીની તપાસ થઈ શકે છે. આ ટેસ્ટ સરકારી હોસ્પિટલ અને ચિકિત્સા કેન્દ્રોમાં ઉપલબ્ધ નથી. ટીબીની બિમારી શરીરના હાડકાં, માંસપેશીઓ અને તંત્રિકાઓને પ્રભાવિત કરે છે. તેથી સૌ પ્રથમ અસર ફેફસાં પર થતી હોય છે.

## મન બિલોરી કાચ

### અનુસંધાન ૫ નુ ચાલુ...

એ માણસની એ કલ્પના , એ સપના અવશ્ય સાચા પડે છે. માટે જ વ્યક્તિએ હંમેશા કલ્પનામાં પોતાની સફળતાને જોવી અને માણવી આમ કરવાથી તમારા જૂસ્સાને વેગ મળશે, તમારી કાર્ય કરવાની શક્તિમાં બમણો વધારો થશે, તમને એ સત્ય સમજાઈ જશે કે સમસ્યાઓ જીવનનો એક ભાગ છે, પીડા કે સહન કરવું એ સફળતાનું સત્ય છે, કલ્પનાઓ તમારી આંતરિક ઈચ્છા વધારશે અને કાર્યની સિધ્ધિ માટે પ્રબળ આંતરિક ઈચ્છા અનિવાર્ય છે.

અને છેલ્લે સફળતા પ્રાપ્ત કરવાનું મહત્વનું પાસું દ્રઢ વિશ્વાસ

માનવીનું જીવન અનેક પ્રકારની મુશ્કેલીઓથી પીડાથી અને સમસ્યાઓથી ભરેલું છે તો એનાથી ડરી શા માટે જવું ? પણ મનોબળને મજબૂત રાખવું, વિશ્વાસને જરા પણ ડગવા દેવો નહી, દરેક વિપરીત સંજોગો હંમેશા આંતરખોજ માટેની તક આપે છે. જીવનમાં ધાર્યું પરિણામ મેળવવા માટે દ્રઢ વિશ્વાસ રાખવાનો છે, અને બીજો ઈશ્વરની શક્તિ પર વિશ્વાસ રાખવાનો છે, ઈશ્વરિય શ્રધ્ધા શરીરના રોમેરોમમાં અનેરી શક્તિનો સ્ફૂતિનો સંચાર કરે છે, અને પોતાની જાત પરનો વિશ્વાસ વ્યક્તિને ધાર્યુ પરિણામ મેળવવામાં સફળતાના શિખરો સર કરવામાં ગજબનો ભાગ ભજવી જાય છે, પોતાની જાત પ્રત્યેના વિશ્વાસ એટલે કે માણસને પોતાની શક્તિ પોતાના સામર્થ્ય પોતાની કાબેલિયત, પોતાની કૌશલ્ય શક્તિ, પોતાની આવડત, આપસૂઝ પરનો વિશ્વાસ પોતાની અદમ્ય ઝંખના પરનો વિશ્વાસ હું આ કાર્યકરી શકીશ જ એવો આત્મ વિશ્વાસ માણસને સફળ બનાવે છે, હું કરી શકીશ કે નહી કરી શકું ? ના ના કદાચ મારા માટે આ શક્ય નથી આવા નબળું વિચારવાળાના મન ડગુ મગુ થતા હોય છે અને જેના મન ડગુ મગુ થતા હોય તે ક્યારેય જીવનમાં કંઈ જ મેળવી શકતા નથી, દ્રઢ વિશ્વાસ એ માણસની અંદર રહેલી દીવ્યતાને પ્રગટ કરે છે.

આ ચાર પાયાના તત્વો ઉપરાંત વ્યક્તિએ પોતાની જાતને કેળવવાની છે, કુશળતા પ્રાપ્ત કરવાની છે જે તે કામમાં સફળ થવા માટેનું આવશ્યક અદ્યતન જ્ઞાન હાંસલ કરવાનું છે અને એ માટે નિરંતર શીખતા રહેવું અનિવાર્ય છે.જો તમારી ઈચ્છાશક્તિ પ્રબળ હશે, કંઈક પ્રાપ્ત કરવાની અદમ્ય ઝંખના હશે તો તમે આ ચાર બાબતો સફળતા સિધ્ધ કરવા મહત્વની અતિ મહત્વની બની રહેશે.-**મંજુ પ્રજાપતી**

## માનસ..

### અનુસંધાન ૫ નુ ચાલુ...

પ્રમાણેનાં અસંખ્ય લેબલો ચોંટાડી દેવાય છે.

તમારો કહેવાતો હું આ લેબલોનો સરવાળો છે અને આ લેબલોનો સરવાળો, ઢગલો તેને એક જ 'સર્વાંગી સ્વ ઈમેજ' કે મુખ્ય લેબલ આપે છે. ત્યારબાદ તે આ બે મુખ્ય લેબલ જ પોતાની સાચી જાત છે એવું માનવા લાગે છે. મનુષ્ય આવાં લેબલોથી જીવનભર મુકત થતો નથી. જો આ લેબલગ્રસ્ત બનવાની સર્વે ક્રીયાનું માત્ર તટસ્થતાથી નિરીક્ષણ પણ કરવામાં આવે તો આ લેબલોમાંથી થોડે ઘણે અંશે મુકત થઈ શકાય છે. લેબલ સંકુચીતતા અપાવે છે. પરિણામે તે વિરાટને પામી કે સમાવી શકતો નથી. જો તે દરેક લેબલને આત્મ નિરીક્ષણ કરીને છોડી દે તો તે લેબલોથી મુકત થઈ જાય છે. સર્વ લેબલો જતાં તેનો 'હું' પણ વિલય પામી જાય છે તે કયાંય કહેતો નથી.

આ 'હું' ફરતે 'હું' ની વાડ ન રહે, તો પછી આવો માનવ કદાપિ પોતાના પૂજ્ય નહીં માને ! તે સમસ્ત સાથે એકત્વનો અનુભવ કરશે અને આ એકત્વની અવસ્થા જ પરમ આનંદમય અવસ્થા છે. તે પરમ તત્વને પામી જવું નહીં, પરંતુ પરમતત્વ જ છે. ત્યાં માત્ર હોવું હોય છે.મનનાં બધાં લેબલો, આધારો, નામો, વૃત્તિઓ સર્વ ખરી પડતાં મન કયાંયનું નથી રહેતું, તે અદ્રશ્ય થાય છે અને તે અદ્રશ્ય થાય કે તરત જ એકત્વ સધાય છે. મનનાં વિભાજનો, સંકુચીત વાડા અને લેબલોનાં લીધે જ અત્યાર સુધી એકત્વ સાધ્ય બની શકયું નથી. **ડૉ. પ્રવિણ પટેલ**

## આરોગ્ય

### અનુસંધાન ૫ નુ ચાલુ...

ઉંદરો અને અન્ય પ્રાણીઓ ઉપર તેની અસર જોવામાં આવ્યા બાદ જાણવા મળ્યું કે ઉંચરો જીનેટીકલી રીતે તેમના લોહીમાં વિટામીનની નીચી સપાટી ધરાવે છે. જ્યારે વિટામીન ઈ પ્રાણીઓની ડાઈટમાં ઉમેરવામાં આવે છે ત્યારે તેની અસર સ્પષ્ટપણે જોવા મળે છે. પ્રયોગના ભાગ રૂપે ઉંદરોને આલ્ફા ટેકોફેરોલની દવા આપવામાં આવી હતી. જે દવા લોકો વાપરે છે. આનાથી બે મહિનાના ગાળામાં જ હાડકાઓ નબળા પડ્યા હતા. ઉંદરો અને પ્રાણીઓમાં એકસમાન લક્ષણ દેખાયા હતા. અભ્યાસના તારણેને લઈને કેટલાક લોકો સહમત દેખાઈ રહ્યા નથી.

અભ્યાસ શુ કહે છે......

વિટામિન ઈ શરીરના હાડકાઓને નબળા બનાવે છે

વિટામિન ઈ સાથે સંબંધિત અન્ય ચીજવસ્તુઓનો ઉપયોગ કરવાથી સમય કરતા પહેલા શરીરના હાડકા નબળા પડી જાય છે

` પ્રાણીઓ ઉપર આ અંગે અભ્યાસ કરવામાં આવ્યા બાદ આ મુજબના તારણો સપાટી પર આવ્યા છે

વિટામિન ઈ શરીરના હાડકાઓને ૨૦ ટકા વધારે નબળા બનાવી દે છે તેવા તારણ જારી કરાયામાત્ર આઠ સપ્તાહના ગાળામાં જ આની પ્રતિકુળ અસર દેખાવા લાગી જાય છે. જો કે કેટલાક લોકો નવા અભ્યાસની સાથે સહમત દેખાઈ રહ્યા નથી.

# જૂજ લોકો જ જાણતા હશે લોહી સાથે સંબંધિત આ તથ્યો વિશે...

લોહી વિશે આપણને જૂજ જ માહિતી છે. કેટલાક લોકોને જ ખબર હશે કે લોહીનું વર્ગીકરણ ચાર ભાગમાં થાય છે. ?જ્યારે આપણા કોઇને પોતીકાને લોહીની જરૂર હોય છે કે આપણે કોઇ માટે રક્ત દાન કરીએ છીએ ત્યારે અમુક માહિતી હોય છે. ટેસ્ટ ટ્યૂબમાં ટપકતી આ જીવનરક્ષક ફ્લૂઇડના ટીપાં કે નળી દ્વારા દરદીને ચઢાવવામાં આવતા પ્લેટલેટ ઉપરાંત પણ લોહી ઘણું બધુ છે

લોહીને 'એ', 'એબી', 'બી' અને 'ઓ' ગ્રુપમાં વહેંચવામાં આવ્યું છે. આ ઉપરાંત લોહીમાં પ્લેટલેટ, વ્હાઇડ બ્લડ સેલ્સ, રેડ બ્લડ સેલ્સ નામક કોમ્પોનેન્ટ્સ પણ હોય છે. ઓક્સિજનને સમગ્ર શરીરમાં પહોંચાડવા ઉપરાંત જરૂરી રસાયણ પણ તેની સાથે જાય છે. આ ઉપરાંત શરીરના વિભિન્ન અવયવોમાંથી કચરાને પણ સાફ કરી યોગ્ય સાથે પહોંચાડે છે. આવો સમજીએ તેના કેટલાક છૂપાયેલા રહસ્યો અંગે.

૧. શરીરના વજનનું ૮ ટકા લોહી હોય છે વૈજ્ઞાનિકોએ અનુમાન વ્યક્ત કર્યું છે કે, માનવ શરીરના વજનનો આઠ ટકા ભાગ લોહી હોય છે. અમેરિકન સોસાયટી ઓફ હિમેટોલોજી અનુસાર બાળકોમાં આ ટકાવારી વધારે હોય છે. ૨. લોહીમાં હોય છે ગોલ્ડ માનવ શરીરમાં ગોલ્ડ હોય છે પરંતુ એટલું નહીં કે કોઇ તેને કાઢી પૈસાદાર બની જાય. મોટાભાગે ગોલ્ડ લોહીમાં પ્રવાહિત રહે છે. અનુમાનતઃ ૦.૨ મિલિગ્રામ ગોલ્ડ લોહીમાં પ્રવાહી રૂપમાં હોય છે. જો ૮ ગ્રામ સોનાનો સિક્કો બનાવવો હોય તો ૪૦ હજાર લોકોનું સમગ્ર લોહી કાઢવું પડશે. ૩. બ્લડ પ્લાઝ્મા એક અત્યંત જરૂરી કોમ્પોનેંટ છે જે ગંભીર રોગીઓને ચઢાવવામાં આવે છે. એવો વિશ્વાસ કરાય છે કે બ્લડ પ્લાઝ્માના સૌથી નજીક માત્ર નારિયેળનું પાણી છે. નારિયેળના પાણીને ડિહાઇડ્રેશન થતા પીવડાવવામાં આવે છે. નારિયેળ પાણીમાં ઇલેક્ટ્રોલાઇટ્સ હોય છે જેનું સપ્લાય જરૂરી હોય છે. અમેરિકન જર્નલ ઓફ ઇમરજન્સી મેડિસિનના એક સંશોધન અભ્યાસમાં નોંધવામાં આવ્યું હતું

જેમાં સોલોમ આઇલેન્ડના દરદીઓના શરીરમાં નારિયેળ પાણી સલાઇન ટ્યૂબ દ્વારા ચઢાવવામાં આવ્યું હતું. ૪. ગર્ભવતી મહિલાઓના શરીરમાં ગર્ભનો ગાળો ૨૦ સપ્તાહ સુધી પહોંચવા સુધી લોહીમાં ૫૦ ટકાનો વધારો થાય છે. તેનાથી યુટ્સને સપોર્ટ મળે છે. પ્લેસેન્ટા અને યુટ્સને જરૂરિયાત મુજબ લોહી પહોંચતું રહે એ સુનિશ્ચિત કરવા માટે આટલી માત્રામાં લોહીની જરૂર હોય છે. ૫. બ્લડ ગ્રુપથી વધી શકે છે યાદદાશ્ત સંબંધી સમસ્યાઓ કારણ કે મગજના કાર્યો પર લોહીની સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા છે.

ન્યુરોલોજી જર્નલમાં પ્રકાશિત એક સંશોધન લેખમાં કહેવામાં આવ્યું છે કે એબી બ્લડ ગ્રુપના લોકોને ઓ ગ્રુપના લોકોની તુલનામાં સ્મરણશક્તિ સંબંધી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આ બ્લડ ગ્રુપના લોકોના લોહીમાં ગાંઠો જામવાની અને હાર્ટ એટેકની ફરિયાદો પણ વધારે હોય છે. ૬. જેમ્સ હેરિસન નામના એક વ્યક્તિને 'ધ મેન વિથ ધ ગોલ્ડન આર્મ' કહેવામાં આવે છે

કારણ કે તેનો લોહીનું બંધારણ અત્યંત વિચિત્ર છે. તે રક્ત દાન થકી બે લાખ બાળકોના જીવ બચાવી ચૂક્યો છે. આ વ્યક્તિના લોહીમાં રો ઇમ્યુન ગ્લોબલીન નામક એન્ટીબોડી છે જે રેહસસ રોગને દૂર કરવામાં ઉપયોગમાં લેવાય છે.

આ રોગમાં ગર્ભવતી માતાનું શરીર પોતાના જ બાળકના બ્લડ સેલ્સને ખતમ કરવા લાગે છે. જેમ્સ હેરિસન અત્યાર સુધી ૧૦૦૦ હજાર કરતાં વધુ વખત રક્ત દાન કરી ચૂક્યો છે અને ૨ લાખથી વધુ બાળકોના જીવ બચાવી ચૂક્યો છે.

# ફક્ત એક ઉપાય અને અઠવાડિયામાં દૂર થશે ડાયાબિટીસની સમસ્યા

ડાયાબિટીસની સમસ્યા આજકાલ ખૂબ વધી રહી છે. દર ૧૦માંથી ૬ લોકો આ બીમારીના શિકાર છે. આ સમસ્યામાં રોકથામ માટે આમ તો ડાક્ટરી ઈલાજ કરાવવો ખૂબ જરૂરી છે. પણ કેટલાક ઘરેલુ ઉપાયો અપનાવીને પણ આ પરેશાનીમાંથી મુક્તિ મેળવી શકાય છે. આજે અમે તમને એક એવો ઉપાયો બતાવીશુ જેનાથી એક અઠવાડિયામાં દૂર થશે ડાયાબિટીસ.

**ડાયાબિટીસનો ઉપાય** -

આંકડાના છોડના પાનને ઉંધા કરીને પગના તળિયાને ચિપકાવીને મોજા પરી લો. તેને આખો દિવસ આમ જ રહેવા દો અને રાત્રે સૂતી વખતે કાઢી લો. એક અઠવાડિયામાં તમારુ શુગર લેવલ સામાન્ય થઈ જશે. સાથે જ બહાર નીકળેલુ પેટ પણ ઘટી જશે.

## આરોગ્ય સંહીતા

### અનુસંધાન ૫ નુ ચાલુ..

- ડાયાબિટીસના દરદીઓને જ્યારે સુગર લેવલ વધી જાય છે ત્યારે યુરીન મારફતે શરીર સુગરને બહાર કાઢે છે જેને લીધે પાણીનો પણ નિકાલ વધી જાય છે. એટલે જ ડાયાબિટીસના દરદીમાં પહેલુ લક્ષણ એ વધારે પડતો મૂત્ર ત્યાગ અને વધારે પડતી તરસ લાગવી એ છે. - જ્યારે કોઈ વ્યક્તિ દાઝી જાય છે અને એ પણ વધારે પ્રમાણમાં ત્યારે તેને વધારે પ્રમાણમાં ડિહાઈડ્રેશન થાય છે, કારણ કે ચામડીને નુકસાન થવાથી તે પાણીના નિકાલની પ્રક્રિયાને રોકી શકતી નથી. - ઘણા સમયે વ્યક્તિ પાણીના અભાવમાં અથવા શારીરિક ક્ષમતા ઘટવાને કારણે બરાબર પાણી પી શકતી નથી.

ડિહાઈડ્રેશનના લક્ષણો - ગળુ સૂકાવું, પરસેવો ન થવો, આંખમાંથી આંસુ ન નીકળવા, સ્નાયુઓમાં ધ્રુજારી, નોઝીયા અને વોમિટિંગ થવી, છાતીમાં દુ:ખાવો થવો, થોડું માથુ દુ:ખવું, નબળાઈ લાગવી અને યુરીનની માત્રામાં ઘટાડો થવો. જો વધાર`પડતું ડિહાઈડ્રેશન થાય તો મજગમાં લોહીનો પ્રવાહ ઘટે છે અને અવયવોમાં લોહી પહોંચતુ નથી જેને લીધે કોમા અને વ્યક્તિનું મૃત્યુ પણ થઈ શકે છે. ડિહાઈડ્રેશનની સારવાર માટે શું કરવું?

પહેલા તો મોઢેથી પાણી આપવાનો પ્રયત્ન કરવો, પરંતુ જો એમાં સફળતા ન મળે તો ઈન્ટ્રાવીનસ દ્વારા પણ એટલે કે બાટલા દ્વારા પણ ડિહાઈડ્રેશનને દૂર કરી શકાય છે. જ્યારે યુરીનની માત્રા બરાબર થાય ત્યારે દરદીને સારૂ થયું કહેવાય. જો સાથે-સાથે કોઈ બીજા ઈન્ફેક્શન કે વોમિટિંગ કે ડાયેરિયા જેવા રોગો હોય તો તેની પણ દવા સાથે-સાથે આપવી જોઈએ. - ઋતુ મુજબના પાણીવાળા ફ્રૂટ્સ અને લીલા પાંદડાવાળા શાકભાજી ખાવા જોઈએ. દિવસમાં ઓછામાં ઓછુ એક વખત લીંબુ પાણી પીવું જોઈએ. (વાચક મિત્રોને કોઈ પણ સવાલ હોય તો ડોક્ટરના ફોન નંબર ઉપર પૂછી શકે છે) મો.ન. ૯૪૦૯૪૦૪૯૮૯ ડો. પૂજા વિઠલાણી ફિઝિયોથેરાપીસ્ટ એન્ડ ડાયેટિશ્યન

## વડાપ્રધાન...

### પાના નં.૧ ચાલુ

કલ્યાણ માટે મુખ્યવમંત્રી વિજયભાઇ રૂપાણીના શાસનમાં સંખ્યાબંધ મહત્વરના નિર્ણયો લેવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે ખેડૂતોને પોષણક્ષમ ટેકાના ભાવો આપવા સરકાર કટીબધ્ધલ છે એટલે રાજય સરકાર દ્વારા આગોતરૂ આયોજન કરીને દેશમાં સૌથી વધુ મગફળી ટેકાના ભાવે ગુજરાતમાં સરકાર દ્વારા ખરીદવામાં આવી છે. મંત્રીએ કહ્યું કે ખેડૂતોને વીજ કનેકશન આપવા અંગે ગુજરાતમાં સરકાર દ્વારા ઉદાર નિર્ણયો લેવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે સમગ્ર દેશમાં ગુજરાત એકમાત્ર એવુ રાજય છે જેણે ઓર્ગેનીક યુનિવર્સિટી સ્થોપવા નિર્ણય લીધો છે.

સ્વાગત પ્રવચન કરતાં ધારાસભ્ય પરબતભાઇ પટેલે જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર ભાઇ મોદીના પ્રયાસોથી અહી નર્મદાના નીરની પધરામણી થતાં હવે દુષ્કાકળે અહીંથી દેશવટો લીધો છે અને ખેડૂતો સુખી થયા છે. તેમણે કહ્યું કે થરાદ મુકામે કૃષિ મહાવિધાલય શરૂ થવાથી વિશેષ કરીને આ વિસ્તારના વિધાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી બનાવવાની ઘરઆંગણે સુવર્ણતક ઉપલબ્ધિ બની છે.

આ પ્રસંગે સામાજિક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગોનું કલ્યાવણ વિભાગના રાજયમંત્રીશ્રી કેશાજી ચૌહાણે જિલ્લા પંચાયતના પ્રમુખ દિનેશભાઇ દવે, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યધવહાર નિગમના ડિરેકટર દિનેશભાઇ અનાવાડીયા, ડીસા માર્કેટયાર્ડના અધ્યક્ષ માવજીભાઇ દેસાઇ, થરા માર્કેટયાર્ડના અધ્યક્ષ અણદાભાઇ પટેલ, વડગામ માર્કેટયાર્ડના અધ્યક્ષ કેશરભાઇ ચૌધરી, બનાસ બેંકના ચેરમેન એમ.એલ.ચૌધરી, પૂર્વમંત્રી હરજીવનભાઇ પટેલ, પૂર્વ ધારાસભ્ય, વસંતભાઇ ભટોળ, રાજય રજીસ્ટ્રાર નલિન ઉપાધ્યાય, દાંતીવાડા કૃષિ યુનિ. ના વી.સી. ર્ડા.અશોક પટેલ, રજીસ્ટ્રાર એચ. એન. ખેર, અગ્રણીઓ સર્વશ્રી ઉમેદદાન ગઢવી, જીવરાજભાઇ પટેલ, બાબરાભાઇ ચૌધરી, પદ્મશ્રી એવોર્ડ વિજેતા ખેડૂત ગેનાજી પટેલ, આસી. કલેકટર રાજેન્દ્ર પટેલ સહિત અગ્રણીઓ અને વિશાળ સંખ્યોમાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## થરાદમાં ...

### પાના નં.૧ ચાલુ

છીનવી લીધી હતી. આ બાબતે ભડોદરના ખેડૂત દેવાભાઈ કમાભાઈ પટેલે જણાવ્યું હતું કે ખેડૂતો માટેની શિબિરમાં જ ખેડૂત સાથે અન્યાય થઈ રહ્યો છે અને આ શિબિર ચૂંટણીલક્ષી હોવાનો આક્ષેપ કર્યો હતો.

## દીઓદર તાલુકા...

### પાના નં.૮ ચાલુ

દેખોના દર્શ્યો રોજે રોજ અહીં ભજવાઈ રહ્યા હોવાનું મહેસુસ થાય છે.

તેમાંય વિસ્તરણ અધિકારી એક સરકારી કર્મચારી છે છતાં સવારે માદરે વતન વડગામ તરફથી પર્સનલ ગાડી - ડ્રાયવર સાથે લઈ આવવાનું આખો દિવસ ગાડી-ડ્રાયવર પડી રહી ત્યારે પ્રશ્ન થાય છે કે આ વિસ્તરણ અધિકારીની માસીક આવક કેટલી હશે ? કે દરરોજ ગાડી દોડાવી શકે છે ? આને પણ વિકાસ જ કહી શકાય કે શું ? જિલ્લા વિકાસ અધિકારીશ્રી દીઓદર તાલુકામાં થયેલા વિકાસના કામોનું ગુણવત્તાની ચકાસણી ખાસ ટીમ દ્વારા કરાવે તો સરકારના લાખો રૂપીયાનું રાઈતું થઈ ગયું હોવાનું બહાર આવે તેમ છે.મલાઈ ઉતારવામાં ચતુર ચાલાક અને ચબરાક અધિકારીઓ ઉપરથી તપાસ આવે ત્યારે કામો થયેલ હોવાનું બતાવી દે છે.અને પતાવટ પણ કરાવી દેતા હોય છે.ત્યારે આ પંથકના વિકાસના કામોની ગુણવતાની ચકાસણી થાય તેવી જન માંગણી છે.

## છાપી હાઈવે ઉપર...

### પાના નં.૮ ચાલુ

ભારે સમસ્યા ઉભી થતાં કોમ્પલેક્ષમાં ધંધા રોજગાર કરતા પચાસ જેટલા વેપારીઓ દ્વારા આ દબાણ તેમજ અન્ય દબાણો દુર કરવા જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી સહીત એસ.પી.બનાસકાંઠાને લેખીત રજુઆત કરી હોવાનું જાણવા મળે છે. ડાયમંડ કોમ્પલેક્ષમાં બેંક ઓફ ઈન્ડીયાની શાખા પણ આવેલી છે જેથી બેંકીંગ કામ અર્થે આવતા ગ્રાહકોને આ દબાણને લીધે વાહનો પાર્ક કરવાની ભારે સમસ્યા ઉભી થઈ હોવાનું જાણવા મળે છે. વધુમાં દબાણ કરનાર ઈસમ માથાભારે હોવાનું પણ આ લેખીત અરજીમાં જણાવેલ છે. અરજી કરતાઓએ આ દબાણ તાત્કાલીક દુર કરી પાર્કીંગની જગ્યા ખુલ્લી કરવા માંગ કરી છે.

## દાંતીવાડાના...

### પાના નં.૮ ચાલુ

આ વિસ્તારના ખેડૂતો પહેલા તો પાણીના તળ ઊંચા હોવાથી ખેડૂતોને પાણી મળી રહેતું હતું. પરંતુ છેલ્લા કેટલાક વર્ષો થી ડેમમાં પાણી નથી અને જમીનમાં પાણી ના તળ નીચે ગયા હોવાથી આ વિસ્તારના ખેડૂતોની હાલત કફોડી બની છે. જેથી આ વિસ્તારના ખેડૂતો તેમને પાણી મળી રહે તે માટે માંગ કરી રહ્યા છે.

આ વિસ્તારના ખેડૂતોની માંગ છે કે આ વિસ્તારના ખેડૂતોની મહામુલી જમીન ડેમ જયારે બન્યો ત્યારે ડૂબમાં ગઈ. જે બાદ પણ આ વિસ્તારના ખેડૂતોને આશા હતી કે તેઓને પાણી મળશે. પરંતુ તેમની આશા નઠારી નીવડી છે. આજે દાંતીવાડા, ધાનેરા અને ડીસા વિસ્તારના ખેડૂતોએ પાણી માટેની ઉગ્ર માંગ કરી છે. તેઓએ પાણી માટેની માંગ કરી છે. તેઓએ આજે મીટીગ દરમ્યાન ખેડૂતોએ એક સાથે ઉચ્ચાર કર્યો છે કે જો પાણી મુદ્દે સરકાર દ્વારા યોગ્ય કાર્યવાહી નહિ કરવામાં આવે તો આગામી સમયમાં પદયાત્રા કરી કલેકટરને આવેદનપત્ર આપવામાં આવશે. જો તો પણ માંગણી નહી સંતોષાય તો આગામી સમયમાં વિધાનસભાનો ઘેરાવ કરવામાં આવશે. જયારે ખેડૂતોએ આ મુદ્દે સ્થાનિક ખેડૂતોએ આવનારી વિધાનસભાની ચૂંટણીનો પણ બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે.

બનાસકાંઠા જીલ્લામાં દાંતીવાડા ને સીપુ બે મુખ્ય ડેમ છે. આ બંને ડેમ દાંતીવાડા તાલુકામાં જ આવેલા છે. પરંતુ આ ડેમનો સ્થાનિક લોકોને જ લાભ મળતો નથી. ગુજરાતી સાહિત્યની કહેવત "દીવા તળે અંધારું" અહી યથાર્થ સાબિત થઈ રહી છે.

## શિહોરી જીઆઈડીસીમાં...

### પાના નં.૮ ચાલુ

વગેરેના કામમાં ગુણવત્તો જળવાતી નથી. આ ઉપરાંત ગટરના નાળા પણ તકલાદી છે. વળી જીઆઈડીસીમાં આવેલા ત્રણ ગેટ પૈકી બે બંધ કરી દેવાતા આકસ્મિક સંજોગોમાં મુશ્કેલી ઉભી થઈ શકે તેમ છે. જેથી આ બાબતે પ્લોટ ધારકોએ મુખ્યમંત્રી સહિત ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી તપાસની માંગ કરી છે.

આ બાબતે જીઆઈડીસીમાં પ્લોટ ધરાવતા પ્રવિણભાઈ કકાણીએ જણાવ્યું હતુ કે સરકાર દ્વારા જીઆઈડીસીના વિકાસ માટે મોટી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. પરંતુ કોન્ટ્રાક્ટરો તેમાં ગેરરિતી આચરી સરકારને બદનામ કરે છે. જેથી તપાસ થવી જરૂરી છે.

## વડગામના પીરોજપુરાના...

### પાના નં.૮ ચાલુ

દુકાન ચલાવતા અને ઈમરાન ફીરોજભાઈ તથા ઈમ્તીયાઝ ફીરોજભાઈ રહે. વેસાવાળાઓ દલાલી કરતા હોવાનું જણાવી ફરીયાદીએ પોતાને જાનથી મારી નાખવાની ધમકી સહિત પોતાના વાહનમાં ગેરકાયદેસર પદાર્થ મુકી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકીની આશંકા હોઈ ડી.એસ.પી.ને લેખીત રજુઆત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરવા માંગ કરી હોવાનું જાણવા મળે છે.

## પાલનપુર પાલિકાની...

### પાના નં.૮ ચાલુ

રહી કૉંગી તરફેણમાં મતદાન કરાવતા નજરે પડ્યા હતા. આમ, ભાજપ અને કૉંગ્રેસ દ્વારા આ પેટા ચૂંટણી જીતવા એડી ચોટીનું જોર લગાવવામાં આવ્યું હતું. વોર્ડ નં.૭ ની પેટા ચૂંટણીમાં મતદારોના નિરુત્સાહ વચ્ચે અંદાજે ૩૮.૨૩% મતદાન થયું હોવાના અહેવાલ સાંપડ્યા છે. ત્યારે મતદારોના અકળ મૌન વચ્ચે પાંગળા મતદાનને પગલે જીતનો દાવો કરનાર બંને ઉમેદવારોના જીવ તાળવે ચોટયા છે. ત્યારે હવે સૌની મીટ મતગણત્રી સામે મંડાઈ છે.

## આજથી જિલ્લાની ...

### પાના નં.૮ ચાલુ

સમય સવારનો હતો. જેથી આજે સોમવારના રોજ રાબેતા મુજબ શાળાનો સમય સવારનો થયો હોવાથી વિદ્યાર્થીઓને પણ બપોરની પડતી ધગધગતી ગરમીમાંથી મુક્તિ મળશે. પ્રાથમિક શાળાઓમાં શરૂ થનાર છે. જ્યારે ઉનાળુ વેકેશન ૨૯/૪/૨૦૧૭ થી શરૂ થશે એટલે કે પ્રાથમિક શાળાઓનો આ સત્રનો અંતિમ દિવસ ૨૯ મી એપ્રિલ છે અને ત્યારબાદ ૩૫ દિવસ ઉનાળુ વેકેશન પડનાર છે. ત્યારે શાળાનો સમય સવારનો થતાં વિદ્યાર્થીઓ સહિત વાલીઓમાં પણ ખુશી જોવા મળી રહી છે.

## ડીસા પંથકના...

### પાના નં.૮ ચાલુ

વિભાગ દ્વારા તપાસ હાથ ધરી ખેડૂત વેપારી સહિત કોલ્ડ સ્ટોરેજ સંચાલકો ખોટી રીતે હેરાન પરેશાન કરવામાં આવી રહ્યાં છે. સરકાર દ્વારા ખેડૂત વર્ગને અનેક રીતે છુટછાટો આપવામાં આવી છે.ત્યારે ખેડૂતો દ્વારા ભેળા મળી બટાટા મુકવા માટે બનાવેલ કોલ્ડ સ્ટોરેજની સરકાર દ્વારા તપાસનો મુદ્દો ચર્ચાસ્પદ બન્યો છે. રાજ્ય સહિત દેશભરમાં અનેક ઉદ્યોગપતિઓ રાજકીય આગેવાનોને ત્યાં સરકાર દ્વારા ઊંડી તપાસના બદલે ખેડૂતોનું હિત ગણાતા કોલ્ડ સ્ટોરેજમાં તપાસ કરાવી શું સાબિત કરવા માગે છે. ખેડૂતો, વેપારીઓ અને કોલ્ડ સ્ટોરેજના સંચાલકો પાસે સરકારી લોનના નાણાં ભરપાઈ કરવા પણ મુશ્કેલી પડી રહી છે. તેવા સમયે કોલ્ડ સ્ટોરેજમાં આઈટીની તપાસ કરવાના બહાને અધિકારીઓ દ્વારા હેરાન કરવામાં આવી રહ્યા છે.

## ધાનેરા પોલીસે ...

### પાના નં.૮ ચાલુ

ધનરાજભાઈ, અ.પો.કો. પ્રકાશભાઈ ભીખાભાઈ તથા અ.પો.કો.કરણસિંહ જવાનજી સાથે વાસણ ઓપી વિસ્તારના શેરા ત્રણ રસ્તા પર નાકાબંધી કરતાં રાજસ્થાન તરફથી એક બોલેરો ગાડી નં.જીજે.૮.એફ.૯૪૧૬ ને ચેક કરતાં તેમાં પરપ્રાંતીય દારૂ પેટી નં.૧૫ તથા બીયર પેટી નં-૨ મળી કુલ રૂા.૭૪.૪૦૦/- નો મળી આવ્યો હતો. આથી પોલીસે ગાડીની કિ.રૂા.૩,૦૦,૦૦૦/- મળી કુલ મુદ્દામાલ રૂા.૩,૭૪,૪૦૦/- નો મુદ્દામાલ સાથે આરોપી ભાવાજી વનાજી ઠાકોર રહે.મોટી ડુગડોલ તા.ધાનેરા વાળાને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## જીએસટીમાં પણ...

### પાના નં.૩ ચાલુ

નિષ્ણાતોની એવી પણ રજુઆત છે કે જો આ સર્વિસને જીએસટીમાંથી મુક્તિ રાખવામાં આવશે તો સામાન્ય લોકોને રાહત થશે. નિષ્ણાતોનું કહેવું છે કે જ્યારે પણ મુક્તિની યાદી તૈયાર કરવામાં આવે ત્યારે જીએસટી કાઉન્સિલ સમક્ષ આની રજુઆત કરવામાં આવશે. પ્રથમ વર્ષમાં કોઈ મોટો આંચકો આપવામાં આવનાર નથી. મુખ્ય સર્વિસ ટેક્સ રેટ ૧૮ ટકાનો સ્ટાન્ડર્ડ રેટ તરીકે રહેશે. જીએસટી કાઉન્સિલ દ્વારા ૫, ૧૨, ૧૮ અને ૨૮ ટકાના ચાર રેટના ટેક્સ માળખાને મંજુરી આપેલી છે. જીએસટીમાં ટેક્સ પાંચ ટકાના બ્રેકેટમાં નક્કી કરવામાં આવશે.

## રાજયમાં કાળઝાળ...

### પાના નં.૩ ચાલુ

સૌરાષ્ટ્ર, કચ્છ તથા ગુજરાત પ્રદેશમાં તીવ્ર ગરમીનું મોજુ હાલમાં યથાવત રહે તેવી શક્યતા છે. રાજ્યના અન્ય ભાગોમાં પણ તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. સૌરાષ્ટ્રના કચ્છમાં લોકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. પાણીજન્ય રોગના કેસોમાં વધારો થવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. તંત્ર દ્વારા વિવિધ પગલાં લેવાઈ રહ્યા હોવા છતાં પાણીજન્ય રોગના કેસો વધી રહ્યા છે. હિટવેવની ચેતવણી હવામાન વિભાગ તરફથી જારી કરવામાં આવી નથી પરંતુ ગરમીનું પ્રમાણ વધી શકે છે. જેથી તંત્રની ચિંતા અકબંધ રહી છે. તીવ્ર ગરમીની સીઝનમાં પાણીજન્ય રોગના કેસમાં વધુ વધારો થવાના સંકેત છે. ગરમી, લુ અને હીટવેવની અસરના કારણે નાગરિકોના સ્વાસ્થ્ય પર પણ તેની સીધી અસર પડી રહી છે. સરકારી હોસ્પિટલોમાં હીટવેવની અસર અને લુ લાગવાના કિસ્સાનું પ્રમાણ વધી રહ્યું છે.

બીજીબાજુ, બળબળતી ગરમીથી ત્રસ્ત નાગરિકો ગરમીથી બચવા અને ઠંડક મેળવવા ઠંડા પીણા, વધુ પડતા પાણીના સેવન સહિતના ઉપચારો અપનાવી રહ્યા છે. જો કે, છેલ્લા બે દિવસથી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓ અને વિસ્તારોમાં ગરમીની સૌથી વધુ અસર જોવા મળી છે. આજે બપોરના ગાળામાં રસ્તા સુમસામ બન્યા હતા.નિષ્ણાતો દ્વારા આપવામાં આવેલી સૂચના મુજબ જ લોકો કામ વગર હવે બહાર નીકળી રહ્યા નથી. જેથી બપોરે રસ્તા ઘણી જગ્યાએ સુમસામ પણ બની રહ્યા છે.

રખેવાળના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

હેપી બર્થ ડે ટુ - શિવાંશી



પિતા : ધવલકુમાર ત્રિવેદી
માતા : અલકાબેન ત્રિવેદી
બહેન : પ્રિયાંશી (ઢીંગુ) ત્રિવેદી
દાદા : મહેન્દ્રકુમાર ત્રિવેદી
દાદી : અરૂણાબેન ત્રિવેદી
ફઈ : દર્શના બહેન તથા પ્રિયંકાબહેન ત્રિવેદી
મામા : ચેતનકુમાર ત્રિવેદી
ફુઆ : ભાવિનકુમાર વેદિયા
વડદાદી : ભીખીબેન ત્રિવેદી
જન્મ તા.૩-૪-૨૦૧૬ (ઉંમર વર્ષ - ૧)
ઠે.બ્રાહ્મણવાસ ઢાળ ઉપર દીઓદર

# રાધનપુરમાં દેવ ગામે હિમજા માતાજીને શ્રૃંગાર




પ્રતિ. રાધનપુર

રાધનપુર તાલુકાના દેવ ગામે હિમજા માતાને ચૈત્ર સુદ છઠ્ઠ ના રોજ નવરાત્રિના પવિત્ર પર્વ પ્રસંગે માતા રાની શ્રૃંગાર કરવામાં આવ્યો હતો. પૂજારી મૌલિકભાઈ ત્રિવેદીના જણાવ્યા મુજબ હિમજા માતાને મહારાની માફ શણગારવામાં આવ્યા હતા.ભાવિક જનોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# વિસનગરમાં કપાસીયા ખોળની ૫૫૦ બોરીના નાણાં ન આપતાં ફરિયાદ

મહેસાણા

વિસનગરમાં કમાણા રોડ પર આવેલી ઓમકાર ઓઈલ ઈન્ડસ્ટ્રીઝમાંથી કપાસીયા ખોળ બોરી નંગ-૫૫૦ (કિ.રૂા. ૬.૮૨ લાખ) નો મુદ્દામાલ ભાલુસણાના ઈસમે ખરીદ્યો હતો. અને તે પેટે ચેક આપ્યો હતો. તે માલની ઉઘરાણી કરતા આરોપીએ ધમકી આપી હતી. આ બાબતે વિસનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. જાણવા મળતી વિગતો અનુસાર કમાણા ચાર રસ્તા પાસે શીવમ ટાઉનશીપમાં હેતા મહેશ ભગવાનદાસ પટેલ તથા ભાલુસણાના મહેશભાઈ ચૌધરી સામે ફરિયાદ દાખલ થઈ હતી.

# ભારતીય મૂળના બિઝનેસમેન આફ્રિકાની બ્રિક્સના કાઉન્સિલના પ્રમુખ બન્યા

દ.આફ્રિકા

ભારતીય મૂળના દક્ષિણ આફ્રિકી અબજોપતિ બિઝનેસમેન ઈકબાલ સુર્વેની આફ્રિકાના બ્રિક્સ બિઝનેસ કાઉનેસિવના પ્રમુખ તરીકે નિમણુક કરવામાં આવી છે. સુર્વેએ ભારત અને ચીન જેવા દેશો સાથે વેપાર સંબંધો મજબૂત કરવા માટેની જરૂરીયાતો પર ભાર મુક્યો છે. દક્ષિણ આફ્રિકા સરકાર દ્વારા તેમની નિમણુક બાદ સુર્વેએ બ્રૉઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના અન્ય દેશોની બ્રિક્સ કાઉનેસિલની મધ્યસત્ર બેઠક માટે નવી દિલ્હી આવી રહ્યા છે, તેમણે ચીન અને બારતના સંબંધોને મજબૂત બનાવવાનું મહત્વ સમજાવ્યું છે. સુર્વે કહ્યું કે ટ્રમ્પ સંરક્ષણવાદ અને બ્રેક્ઝિટસને જોતા આપણે પૂર્, ખાસ કરીને ચીન અને ભારતન્માં વેપાર સાથે સંબંધો મજબૂત કરવા પડશે.

# કપિલ શાર્માને નોટિસઃ શો લોકપ્રિય બનાવો નહી તો હકાલપટ્ટી

મુંબઈ

દેશના લોકપ્રિય હાસ્યકલાકાર કપિલ શરમાએ ક્યારેય વચાર્યું નહી હોય કે વિમાન તેના ધ કપિલ શર્મા શોના સાથીઓ સાથે થયેલ ઝગડો આટલો મોઘો પડશે, તેના ધ કપિલ શર્મા શોનો આ મહિને ફરીથી કરાર થવાનો છે અને કરાર ૧૦૬ કરોડ રૂપિયાનો માનવામાં આવે છે. જો કે હવે માનવામાં આવે છે કે આ શોનો કરાર રિન્યુ થવાનો નથી. મીડિયા અહેવાલ મુજબ કપિલ શર્મા શોને સોની ચેનલ દ્વારા એક મહિનાનો વધારાનો સમય આપવામાં આવ્યો છે. સૂત્રોના કહેવા મુજબ ચેનલે કપિલ શર્માને બધુ પહેલાના જેવું કરવા માટે એક મહિનાનો વધારાનો સમય આપવામાં આવ્યો છે.

જો તે આમ કરવામાં સફળ રહેશે તો ચેનલ તેના શોને જારી રાખવા અંગે વિચાર કરશે. સુનિલ ગ્રોવર, ચંદન પ્રભાકર, અલી અસગર તથા સુગંધા મિશ્રા જેવા કલાકારોએ શો છોડી દીધા બાદ શોની ટીરાપીમાં મોટો ઘટાડો થયો છે. આ કલાકાર વગર શોને ફરીથી પાછો લોકપ્રિય બનાવવો કપિલ માટે શક્ય હોય તેવું લાગી રહ્યું છે. સુનિલ કપિલ શર્મા શોમાં પાછા આવવાની કે અનય કોઈ શો શરૂ કરવાના અહેવાલને ફગાવી દીધા હતા. હાલમાં તે લાઈવ શોમાં વ્યસ્ત છે. મળતી માહિતી મુજબ કપિલ અને લુનિલ મેલબોર્ન અને સિડનીમા સ્ટેજ શો કરીને ઓસ્ટ્રેલિયાથી ભારત પરત ફરી રહ્યા હતા ત્યારે બન્ને વચ્ચે તકરાર થઈ હતી. કપિલે દારૂના નશામાં સુનિલ સહિત તેમની ચીમને અપશબ્દો કહ્યા હતા અને તેમનું અપમાન કર્યું હતું.

# અમદાવાદમાં રોગચાળાના નિયંત્રણ માટે મ્યુ.કોર્પો.એ રૂા.૧૪ લાખ દંડ વસૂલાયો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં મ્યુનિ. કોર્પો. દ્વારા રોગચાળાના નિયંત્રણ માટે મ્યુ. હેલ્થ ખાતાએ આવશ્યક પગલાં ભરીને માર્ચ માસ દરમિયાન આરોગ્ય નિયમન હેઠળ હેલ્થ અને સેનેટરી મોબાઈલ કોર્ટ દ્વારા ૩૮૩૮ ફરિયાદોના કેસોનો નિકાલ કર્યો હતો. તેમજ રૂા.૨ લાખથી વધુ દંડની રકમ વસુલ કરવામાં આવી હતી. આ ઉપરાંત ચેકીંગ દરમિયાન આરોગ્ય નિયમન અંગે જીપીએમસી એક્ટ હેઠળ જુદા વોર્ડમાં ૨૦૩ જેટલી ફરિયાદો કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. આ ઉપરાંત શહેરમાં વિવિધ વિસ્તારોમાં ગંદકી, બિન આરોગ્યપ્રદ પદાર્થો, પાણીની ટાંકીની સફાઈ અંગે ૨૧૧૦ જેટલી નોટીસો આપીને બિન આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થનો ૧૧૯૨૯ કિ.ગ્રા. જેટલો જથ્થો નાશ કર્યો હતો તેમજ વહીવટી ચાર્જ તરીકે રૂા.૧૨ લાખ ઉપરાંત દંડની વસુલાત કરવામાં આવી હતી. આ ઉપરાંત પાણીજન્ય રોગોના નિયંત્રણ માટે જુદા જુદા વિસ્તારોમાં બેક્ટોલોજીકલ તપાસ માટે ૩૦૬૦ પાણીના નમુના લેવામાં આવ્યા હતા. જો કે તેના રીપોર્ટ જાહેર થતા નથી પણ સંભવતઃ મ્યુ. કોર્પો. દ્વારા પગલાં ભરવામાં આવતા હોવાનું આરોગ્ય વિભાગના સુત્રોએ જણાવ્યું હતું. આ ઉપરાંજ બજારમાં વેચાતા ખાદ્યપદાર્થોના ૨૫ માર્ચ સુધીમાં ૧૨૫ ખાદ્યચીજોના નમુના લેવામાં આવ્યા હતા. તેમાંથી ૭ નમુના અપ્રમાણિત જાહેર થયેલ છે, તેમજ ૪૬ નમુના તપાસવાના બાકી છે, અપ્રમાણિત જાહેર થતા ખાદ્ય પદાર્થોના ધંધાર્થીઓ સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવતી હોવાનું હેલ્થ ઓફીસરે જણાવ્યું હતું. જ્યારે ગત ફેબ્રુઆરીમાં ૧૪૭ નમુના લેવામાં આવ્યા હતાં.

# અધિકૃત ટી સીરીઝ કંપની દ્વારા હિંમતનગરમાં યશસ્વી સ્ટુડીયોના માલિક પર કોપી રાઈટનો કેસ દાખલ

હિંમતનગર

હિંમતનગરના મહાવીર નગર ખાતે આવેલા નીલ ગગન કોમ્પલેક્સના પ્રથમ માળે આવેલ યશસ્વી સ્ટુડીયોના સંચાલક પંકજભાઈ કરસનભાઈ પટેલ (રહે. ચિત્રોડી, તા. ઈડર, જિલ્લો સાબરકાંઠા) એ પોતાના કબજા હેઠળના સ્ટુડીયોમાં સુપર કેસેટ ઈન્ડસ્ટ્રીઝની ટી સીટીઝની કંપનીના હક્કોવાળી ફિલ્મો તથા ગીતોની સીડીઓ અધિકૃત ટી સીરીઝ કંપનીનું લાયસન્સ કે પરવાના વિના પોતાના કોમ્પ્યુટરમાં તથા અન્ય ઉપકરણની મદદથી પ્રિવેન્ડીંગ આલ્બમ તથા લગ્ન ગીતોના વીડીયો શુટીંગમાં મિક્સીંગ તથા એડીટીંગ કરી વેપાર કરતા હોવાની જાણકારી સુપર કેસેટ ઈન્ડસ્ટ્રીઝના માલિકોને મળતા તેમના તરફથી આશીષ ગૌતમભાઈ ભટ્ટે હિંમતનગર આવી પોલીસનો સંપર્ક સાધી પોલીસ અને કંપનીના માણસોએ સદર ફોટો સ્ટુડીયોની દુકાનમાં તા. ૩૦/૩/૧૭ ના રોજ રેડ કરતાં ટી સીરીઝ કંપનીના હક્કો આવી ફિલ્મી ગીતોનો ડેટા મળી આવેલ. જેમાં કંપનીના હક્કો આપી ફિલ્મ એમ.એસ. ધોની ફિલ્મોના ગીતો જેવા કે 'તુ આતા હૈ સીને મેં'' વગેરે લગ્નપ્રસંગ પહેલા બનાવેલ પ્રિવેડીંગના શુટીંગના ડેટામાં મિક્સીંગ કરી હોવાનું જણાઈ આવતાં પોલીસે તમામ ડેટા, પ્રિવેડીંગ આલ્બમ તેમજ કોમ્પ્યુટર સેટ નંગ-૧, એલજી કંપનીનું મોનીટર, કિ- બોર્ડ તથા માઉસ એટેચ વાયરો મળી કુલ રૂા. ૫૫૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પંકજભાઈ કરસનભાઈ પટેલ ઉપર કોપીરાઈટ એક્ટ ૧૯૫૭ ની કલમ ૫૧,૬૩,૬૫,૬૯ એ મુજબ પોલીસે વધુ તપાસ ચલાવેલ છે.

# અમરપુરમાં ક્ષેત્રપાળ દાદાનો ઉત્સવ ઉજવાયો




પ્રતિનિધિ રાધનપુર

સાંતલપુર તાલુકાના અમરાપુર ગામે કોટક પરિવારના કુળદેવ ક્ષેત્રપાળ દાદાનું મંદિર આવેલું છે. જ્યાં ચૈત્ર માસની પાંચમે ઉત્સવ ઉજવવામાં આવે છે. શનિવારે પાંચમ હોવાથી અમદાવાદ, મહેસાણા, પાટણ, પાલનપુર સહિત ગુજરાતના દૂર- દુર વિસ્તારોમાં વસતા કોટક પરિવારના ભાવિકજનો દાદાના દર્શને આવ્યા હતા. રાધનપુરના જગદીશભાઈ કોટક પરિવાર દ્વારા ભોજન પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી હતી. આ પ્રસંગે ધર્મસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

# શંખલપુરની દેરાસર, મંદિર સહિત ૪ ચોરીનો મુખ્ય સૂત્રધાર ઝડપાયો

બહુચરાજી

બહુચરાજી તાલુકાના શંખલપુર ગામે દોઢ મહિના પહેલાં જૈન દેરાસર, રામજી મંદિર સહિત ૪ જગ્યાએ થયેલી ચોરીના મુખ્ય સૂત્રધારને બહુચરાજી પોલીસે પકડી ૫ દિવસના રિમાન્ડ પર લીધો છે. આ ચોરીમાં ૪ શખસો સંડોવાયેલા હોવાનું બહાર આવતાં પોલીસે તેમની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

પાલનપુર પોલીસે પકડેલા ડીસા તાલુકાના મુડેઠાના અમૃતજી ઉમાજી ઠાકોરે બહુચરાજીની વર્ષ ૨૦૧૧ની મંદિર ચોરીની કબૂલાત કરી હતી. આથી બહુચરાજી પીએસઆઈ એમ.જે. બારોટે ગુરુવારે આ શખસનો ભીલડી પોલીસ પાસેથી ટ્રાન્સફર વોરંટ આધારે કબજો લઈ હાથ ધરેલી ઉલટ તપાસમાં તેણે શંખલપુરમાં દેરાસર, મંદિર સહિતની ૪ ચોરી કબૂલી હતી.

પોલીસે આ અમૃતજી ઠાકોરના ૫ દિવસના રિમાન્ડ લઈ વધુ પૂછપરછ હાથ ધરી છે.પીએસઆઈ બારોટના જણાવ્યા મુજબ, શંખલપુરની મંદિર ચોરીમાં અમૃતજી ઠાકોર સાથે તેના ગામનો જ અને હાલ પાટણ સબજેલમાં રહેલો પ્રભાતસિંહ ઉર્ફે ભરતજી અભુજી રાઠોડ તેમજ અન્ય ૨ યુવકો પણ સંડોવાયેલા છે. જેમની ધરપકડ માટે તેમજ ચોરીમાં ગયેલો મુદ્દામાલ રિકવર કરવા તજવીજ હાથ ધરાઈ છે.

# દૂધની થેલી પર કૂલિંગ ચાર્જની ફરિયાદ મળશે તો કાર્યવાહી કરાશે : સહયોગ

મહેસાણા

મહેસાણામાં દૂધની થેલી પર રૂ.૧નો કૂલિંગ ચાર્જ લેતા ૩ વેપારીઓ વિરુદ્ધ કેસ દાખલ કરી રૂ.૬ હજારનો દંડ ફટકારાયો છે. બીજી બાજુ સહયોગના મેનેજર કહ્યું છે કે, ૬૦ રોડ વેન્ડરોમાંથી કોઈપણના કૂલિંગ ચાર્જ લેવા વિશે ફરિયાદ મળશે તો કાર્યવાહી કરીશું.

જિલ્લા તોલમાપ વિભાગના મદદનીશ નિયંત્રક એન.એમ. રાઠોડે છેલ્લા બે દિવસમાં શહેરમાં દૂધની થેલી પર રૂ.૧નો કૂલીંગ ચાર્જ વસુલતા ૩ વેપારીને ઝડપી લઈ તેમની વિરુદ્ધ પીસીઆરની કલમ ૧૮(૨) મુજબ કેસ કરી પ્રત્યેક વેપારીને રૂ.૨ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

સહયોગના મેનેજર ભરતભાઈ ચૌધરીએ જણાવ્યું કે, શહેરના ૧૨ પાર્લર પર દૂધની થેલીઓ પર કોઈ પણ પ્રકારનો કૂલિંગ ચાર્જ નથી લેવાતો તેમજ એમઆરપીની કિંમતે દૂધની થેલીઓ વેચાય છે. ૬૦ રોડ વેન્ડર દ્વારા કોઈ ગ્રાહક પાસે કૂલિંગ ચાર્જ લેવાતો હોય તો અમને ફરિયાદ કરશે તો ચોક્કસની કાર્યવાહી કરીશું. MRPથી વધુ રકમ લેનાર વિરુદ્ધ કાર્યવાહી થાય જોકોઈ પણ વેપારી કોઈપણ ચીજવસ્તુના પેકેટ પર છાપેલી એમઆરપી કરતાં વધુ નાણાં વસુલે તો તેની ફરીયાદ જિલ્લા તોલમાપ વિભાગને કરવાની હોય છે. ફરીયાદના આધારે વેપારી વિરુદ્ધ તોલમાપ વિભાગ દ્વારા પીસીઆરની કલમ ૧૮(૨) મુજબ પગલાં લેવાય છે. જેમાં વેપારીને રૂ.૨૦૦૦ નો દંડ વસુલવામાં આવે છે. મહેસાણામાં ૨ દિવસમાં ૩ વેપારી સામે કેસ, રૂ.૬ હજાર દંડ કરાયો

# બહુચરાજીમાં ચૌલક્રિયા સંસ્કાર માટે ભાવિકોનો ઘસારો

ચાણસ્મા

ભારતીય સંસ્કૃતિ તેની અનેકવિધ પરંપરાઓ ફૂલે મઢ્યા ગજરાની જેમ સાચવી રહી છે. આવી જ એક પરંપરા છે ચૌલક્રિયા બહુચરાજીમાં બાલા ત્રિપુરા સુંદરી બહુચર માતાજીના સાનિધ્યમાં આ ચૌલક્રિયા સંસ્કાર સંપન્ન થાય છે. સવિશેષ ચૈત્ર મહિનામાં ચૌલક્રિયાનું મહત્વ હોઈ આજે રવિવારે રાજ્યભરમાંથી હજારો શ્રદ્ધાળુઓ મા બહુચરના દર્શને ઉમટી પડ્યા હતા અને પેટના જણ્યાની ચૌલવિધિ કરાવી ધન્ય બન્યા હતા.



પ્રાચીન લોકકથા અનુસાર, સોલંકી રાજવીના પુત્રી બહુચરાજીના પાદરમાં આવેલા સરોવરમાં ન્હાવા પડતાં નારીમાંથી નર થયા હતા. માનો આ ચમત્કાર ચૈત્ર મહિનામાં થયો હતો. જ્યારે રાજવીના પુત્રી પૌરુષત્વ પામતાં તેમના લાંબા કેશ અહીં ઉતરાવવામાં આવ્યા હતા. તે પછી માઈભક્તો દ્વારા માના ચરણોમાં પરિવારમાં પ્રથમ પુત્ર જન્મ થાય ત્યારે તેની ચૌલવિધિ અચૂક કરાવે છે. ઉત્તર ગુજરાત સહિત રાજ્યભરમાં હજારો શ્રદ્ધાળુઓ દર વર્ષે આ વિધિ કરાવી ધન્ય બને છે. રવિવારે વહેલી સવારથી બહુચરાજી મંદિર પરિસરમાં ભક્તોની ભીડ જામી હતી. માતાજીની પાસે લટ લેવડાવવા માટે માન સરોવર પાસે ઉભા કરાયેલા મંડળમાં ચૌલવિધિ માટે આવેલા પરિવારોનો જમાવડો જામ્યો હતો. ટેમ્પલ ટ્રસ્ટના વહીવટદાર એચ.આર.મોદીના જણાવ્યા મુજબ, દર વર્ષે માતાજીના ચરણોમાં ૧૫ હજારથી વધુ બાળકોની ચૌલવિધિ થાય છે. એમાંય એકલા ચૈત્ર મહિનામાં જ સાતથી આઠ હજાર ચૌલવિધિનો આંકડો પહોંચી જાય છે. ઉલ્લેખનીય છે કે, માના ચરણે હિન્દુઓની સાથે મુસ્લિમ શ્રદ્ધાળુઓ પણ ચૌલવિધિ ઉતરાવવા માટે અહીં આવતા હોય છે.

# પ્રાંતિજ : વાંદરાના ટોળાએ આઠ વ્યક્તિને બચકા ભર્યા :વાંદરાઓના ભયના લીધે બાળકોમાં દહેશત

પ્રાંતિજ

સાબરકાંઠાના વદરાડમાં વાંદરોએ આઠ વ્યક્તિઓને બચકા ભરી ઘાયલ કરીને લોકોમાં ભય ફેલાવી દીધો છે તો બાળકોએ શાળામાં જવાનું પણ બંધ કરી દીધું છે. સુત્રોના જણાવ્યા અનુસાર વાનરોએ ગામના જે લોકોને બચકા ભરી ઘાયલ કર્યા છે. જેમાંથી ત્રણ બાળકો અને ત્રણ મહિલાઓનો સમાવેશ થાય છે. વાંદરોના બચકા ભરવાના કારણે બાળકો અને મહિલાઓમાં ભયનો માહોલ છવાયો છે સ્થાનિક લોકોનું કહેવું છે કે, પ્રાંતિજના વનવિભાગને જાણ કરવા છતાં પણ વનવિભાગે પણ માત્ર અત્યાર સુધી વાનરોને ગામથી દુર કરવા માટેના સામાન્ય ઉપાયો જ કર્યા છે. પણ વાનરોથી લોકોને સુરક્ષીત કરવાના જાણે કે કોઈ જ ચોક્કસ કાર્યવાહી હાથ ધરી નથી ના તો પાંજરા મુક્યા છે કે ના તો વાનરોને પકડવા માટે નેટ લગાવી છે. તો વળી આ વાનરોને હડકવા છે કે પછી વાનરો કોઈ બાબતે ગુસ્સે થઈને રસ્તે જતા લોકો પર કે ઘરના આંગણામાં રહેલા લોકો પર હુમલાઓ કરે છે તેવી પણ કોણ બાબતનું ચોક્કસ તારણ કર્યું નથી. વનવિભાગને સ્થાનિક ગ્રામજનોએ અનેકવારની રજુઆતો કરવા છતાં પણ કોઈ જ ચોક્કસ પગલા ભરવામાં નહી આવતા ગામના લોકો પણ પરેશાન થઈ ગયા છે. તો બીજી બાજુ વનવિભાગ પણ જાણ કે ગામલોકોની આ પીડાને ખોટી બુમાબુમ હોવાનું માને છે અને ગામના લોકો ખાટલે પડીને સારવાર ભોંગવી રહ્યા છે.

# પરા નજીકની ૪ સોસાયટીઓમાં પીવાના પાણીની વિકટ સમસ્યા

મહેસાણા

મહેસાણાનાપરા નજીક અંબાજીનગર સહિત ૪ સોસાયટીઓમાં પીવાનું પાણી ખુબ ઓછું મળતું હોઈ પાઈપલાઈન બદલવાની માંગ સાથે રહીશોએ પાલિકામાં રજૂઆત કરી હતી.

મનહર પાર્ક, નર્મદા કોલોની, અંબાજી નગર ૧ અને ૨માં એક લાઈનમાંથી પાણી પહોંચાડાય છે. પાણી પુરવઠો ઓછો મળતો હોઈ હવે ઉનાળામાં મુશ્કેલી વધવાની રાવ સાથે રહીશો પાલિકામાં દોડી આવ્યા હતા અને મોટી લાઈન નાખવાની માંગ કરી હતી. અંબાજીનગરના રહીશ પ્રતાપજી ઠાકોરે જણાવ્યું કે, અમારી સોસાયટી છેલ્લી હોવાથી પાણી ખૂબ ઓછું મળે છે, એક વખત પાલિકાએ પાઈપ બદલવા આવતાં પરાના કેટલાક લોકોએ તેમને ભગાડી મૂક્યા હતા. પ્રમુખે અમને એકબીજા સાથે વિવાદ ટાળી સમજીને સાથે રહીને લડ્યા વગર પાઈપ બદલાવો તો બદલી આપીએ તેવી હૈયાધારણા આપી છે.

# મીઠી ધારીયાલના સરપંચને હોદા પર ચાલુ રાખવા આદેશ

પ્રતિનિધિ ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના મીઠી ધારીયાલ ગામના મહિલા સરપંચને ગુજરાત પંચાયત ધારાની કલમ - ૫૭ (૩) ની જોગવાઈ મુજબ પાટણ જીલ્લા વિકાસ અધિકારીએ ગત તા.૨૧/૩/૨૦૧૭ ના રોજ હોદા ઉપરથી દૂર કરવાનો આદેશ કર્યો હતો. જે આદેશથી નારાજ થઈ જિલ્લા વિકાસ અધિકારીના આ હુકમ સામે અધિક વિકાસ કમિશ્નર, ગાંધીનગર સમક્ષ અપીલ દાખલ કરી મનાઈ હુકમની માંગણી કરતાં તા.૩૧/૩/૨૦૧૭ ના રોજ જિલ્લા વિકાસ અધિકારીનો હુકમ મોકૂફ રાખી મનાઈ હુકમ આપી આખરી નિર્ણય ના આવે ત્યાં સુધી મહિલા સરપંચને હોદા ઉપર ચાલુ રહેવા આદેશ કર્યો છે.

મીઠીધારીયાલ ગામે વર્ષ ૨૦૧૨ થી સરપંચ પદે મહિલા સરપંચ શ્રીમતી કિષ્નાબેન કાંતિલાલ પટેલ આરૂઢ થયા હતા પરંતુ મુદત પુરી થાય તે પહેલા પાટણ જિલ્લા વિકાસ અધિકારીએ તા.૨૧/૩/૨૦૧૭ ના રોજ સરપંચને આપેલ કારણ દર્શક નોટીસનો ખુલાસો કરવાની તક આપ્યા પહેલા હોદા પરથી તા.૨૧/૩/૨૦૧૭ ના રોજ દૂર કરવાનો આદેશ કર્યો હતો.જેનાથી નારાજ થઈ આ હુકમ સામે દાદ મેળવવા અધિક વિકાસ કમિશ્નર ગાંધીનગર સમક્ષ એક વિવાદ અરજી દાખલ કરી વચગાળાનો હુકમ મેળવવા દાદ માગી હતી. તા.૩૧/૩/૨૦૧૭ ના રોજ આ વિવાદ અરજી અન્વયે અરજદારના એડવોકેટ એલ.બી. આંતિયાએ ધારદાર રજુઆત કરી સસ્પેન્ડનો હુકમ ન્યાયિક કાર્યવાહીઓના સિધ્ધાંત અને કાર્ય પધ્ધતિ વિરુધ્ધ હોઈ તેમજ અરજદારને સાંભળ્યા વિના કરેલ હોઈ મનાઈ હુકમ માટેની વિવાદ અરજી ગ્રાહ્ય રાખી બીજો નિર્ણય ન થાય ત્યાં સુધી જિલ્લા વિકાસ અધિકારી, પાટણના હુકમને રદ કરી મનાઈ હુકમ આપી હાલના સરપંચને હોદા ઉપર ચાલુ રાખવા આદેશ આપ્યો હતો.

# સાંતલપુર તાલુકાની પાંચ ગ્રામ પંચાયતોની ચૂંટણીના પરિણામ જાહેર



વારાહી

સાંતલપુર તાલુકાની પાંચ ગ્રામ પંચાયતો મતદાન તા. ૩૦ માર્ચના રોજ યોજાયેલ. તેનું ૧ એપ્રિલના રોજ પરિણામ જાહેર થયેલ. તેઓ ગોખાંતર મલેક અંજુમા હનીફખાન સામે ભરવાડ ખોડાભાઈ સકતાભાઈ ૪૯ મતથી જીતેલ. જ્યારે કમાલપુર ગ્રામ પંચાયત કમીબેન બાબુભાઈ ઠાકોર સામે શંકુબેન ગોવિંદભાઈ ઠાકોરનો ૪૯ મતથી વિજય થયેલ. ઝાંઝણસરમાં હંસાબેન ચમનભાઈ ઠાકોર સામે પોનાબેન રમેશભાઈ ઠાકોરનો ૩૭ મતથી વિજય થયેલ. કોલીવાડમાં રબારી ભગવાનભાઈ કરશનભાઈ સામે ચૌધરી રમેશભાઈ કરશનભાઈનો ૬૫ મતથી જ્યારે વારાહી ગ્રામ પંચાયતમાં ત્રિપાંખીયો જંગ જામેલ. તેમાં મલેક રસીદાબેન અલેફભાઈનો જંગી બહુમતીથી વિજય થયેલ. વારાહી ગ્રામ પંચાયતો કુલ ૧૪ વોર્ડ છે. તેમાં ૭ વોર્ડ બિનહરીફ થયેલ અને ૭ વોર્ડની ચૂંટણી યોજાઈ હતી. ૬ વોર્ડના સભ્યો મલેક રસીદાબેન અલેફભાઈના જીત થયેલ વારાહી ગ્રામ પંચાયતમાં ત્રિપાંખીયા જંગમાં મલેક રસીદાબેન અલેફભાઈને ૨૬૨૨ મત મળેલ. મલેક સાબીરાબેન કરીમખાનને ૧૪૯૪ મત મળેલ. મલેક જીવાંબાઈ હાજીખાનને ૧૧૦૮ મત મળેલ. તેમાં મલેક રસીદાબેનને ૧૧૨૮ મતમાં ભારે વિજય થયેલ. જે વારાહી ગ્રામ પંચાયત એક ઈતિહાસ થયેલ. અલેફખાનની વિજય યાત્રા નીકળી હતી.

# રાધનપુરમાં વાદી સમાજના પ્રમુખનું દુઃખદ અવસાન



પ્રતિ. રાધનપુર

રાધનાપુરમાં જી.આઈ.ડી.સી પાસે આવેલી વાદી વસાહતના નિર્માણ માટે ધારાસભ્ય અને હાલના આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીના સહયોગથી સક્રિય પ્રયાસ કરનાર ભાજપના અગ્રણી અને વાદી સમાજના પ્રમુખ એવા ગેમરભાઈ માવજીભાઈનું શનિવારે બિમારી બાદ દુઃખદ અવસાન થતા વાદી સમાજના પરિવારો ઉપરાંત ભાજપમાં પણ શોકની લાગણી પ્રસરી જવા પામી છે. સ્વ. ગેમરભાઈ માવજીભાઈ વાદી નગરપાલિકાના સદસ્ય તરીકે ચુંટાઈને સેવા પણ કરી ચૂક્યા છે. તેઓ ભાજપના જબરદસ્ત હમર્દદ હતાં.

ટ્રાફિકની ભારે સમસ્યા વચ્ચે

# છાપી હાઈવે ઉપર કોમ્પલેક્ષમાં પાર્કિંગની જગ્યામાં નાસ્તા હાઉસ ઉભું કરાતાં વિરોધ



સુરેશ અગ્રવાલ

**દબાણકર્તા સામે પચાસથી વધુ સહી સાથે દબાણ હટાવવા કલેક્ટરને રજુઆત**

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકાના છાપી હાઈવે ઉપર છેલ્લા કેટલાક સમયથી રોડ તેમજ કોમ્પલેક્ષોની પાર્કીંગ તેમજ ખુલ્લી જગ્યામાં ભુમાફીયાઓ દ્વારા બાથોડીયા કબ્જાઓ કરી ટ્રાફિકની ભારે સમસ્યા સર્જે છે. આથી કોમ્પલેક્ષમાં ધંધા રોજગાર કરતાં પચાસ જેટલા વેપારીઓ દ્વારા લેખીત રજુઆત કરી દબાણ દુર કરવા દાદ માંગી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ છાપી હાઈવે ઉપર ડાયમંડ કોમ્પલેક્ષ આગળ ગ્રાહકો તેમજ દુકાનદારોના વાહન ઉભા રાખવા માટે ખુલ્લું પાર્કીંગ બનાવેલ છે. આ ખુલ્લા પાર્કીંગમાં રાતોરાત મસમોટું નાસ્તા હાઉસ ઉભું કરી દેવાતા ભારે વિવાદ થવા પામ્યો છે. આ નાસ્તા હાઉસના દબાણના કારણે ટ્રાફિકની

અનુસંધાન પાના નં.૬

# દાંતીવાડાના પાસવળમાં પાણી માટે જન આંદોલન

**બે મુખ્ય ડેમ હોવા છતાં ખેડૂતાને વર્ષોથી પાણી માટે વલખા**



ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા જીલ્લાના દાંતીવાડા અને ધાનેરા તાલુકામાં કે જયાં બનાસકાંઠા જીલ્લાના બે મુખ્ય ડેમ હોવા છતાં અહીના ખેડૂતો વર્ષોથી પાણી માટે વલખા મારી રહ્યા છે . જેને લઈ ખેડૂતોએ પાણી માટેનું આંદોલન શરૂ કર્યું છે. જેમાં મોટી સંખ્યામાં આ વિસ્તારના લોકો જોડાયા અને આંદોલન ઉગ્ર બનાવવાની ચીમકી ઉચ્ચારી છે.

બનાસકાંઠા જીલ્લામાં દાંતીવાડા અને સીપુ બે મુખ્ય ડેમ આવેલા છે. આ ડેમનો વિસ્તાર દાંતીવાડા, ધાનેરા અને ડીસા તાલુકાનો કેટલોક વિસ્તાર છે. જયારે ડેમ બન્યા ત્યારે આ વિસ્તારના લોકોએ જ પોતાની જમીન ડેમમાં આપી. લાખો હેક્ટર જમીન તો ડેમના ડૂબમાં ગઈ પરંતુ તેનો લાભ થશે તે આશાએ ખેડૂતોએ સરકારને જમીન આપી. પરંતુ આ ડેમ બાદ આજદિન સુધી અહીના ખેડૂતોને પાણી મળ્યું નથી.

અનુસંધાન પાના નં.૬

# દીઓદર તાલુકા પંચાયત બાંધકામ શાખા ગેરરિતીમાં ગરકાવ...?

**વિકાસના કામોમાં ૩૦ ટકા...? કોનો વિકાસ...પ્રજાનો કે અધિકારીનો...?**

તાલુકા પ્રતિનિધિ દીઓદર

ગુજરાત સરકાર પ્રજાકીય સુવિધાઓ પુરી પાડવા માટે કરોડો રૂપીયા વિકાસના કામો માટે ફાળવી રહી છે.કોઈપણ ગામ વિકાસના કામોથી વંચીત ન રહી જાય તે માટે સરકાર જે તે ગામની જનસંખ્યા મુજબ રકમ ડાયરેક પંચાયતોના ખાતામાં નાખી રહી છે.અને જીલ્લા તથા તાલુકા પંચાયતોની બાદબાકી કરી રહી છે.જેના કારણે અધિકારીઓને જાણે કે છુટો દોર મળી ગયો હોય તેવું અહેસાસ થઈ રહ્યું છે.

દીઓદર તાલુકામાં વિકાસના નામે ટકાવારીનો ગ્રાફ ઉંચકાઈ રહ્યો છે. દીઓદર તાલુકામાં બાંધકામ શાખામાં જાણે કે ભષ્ટાચાર આચરીમો માગી ટકાવારી ઉઘરાવવાનો છુટો દોર મળી ગયો હોય તેમ વિકાસના કામોમાં મોં માંગી ટકાવારી લેવાઈ રહી છે. તાલુકામાં વિકાસના કામોમાં હાલે ૩૦ ટકા જેટલી રકમ અધિકારી-પદાધિકારીઓની સરભરા કે ટકાવારીમાં જતી હોવાનું ચર્ચાસ્પદ બનવા પામેલ છે.આમ વિકાસના રૂા.૧ લાખના કામ સામે જો આમાંજ ૩૦ હજાર જેવી રકમ ચુકવાઈ જાય પછી કામની ગુણવત્તાની શી અપેક્ષા રાખવી.૩૦ ટકા જેટલી રકમ કહેવાય છે કે ટકાવારીમાં અટવાય છે પછી કોન્ટ્રાક્ટરનો વારો આવે તે પણ આટલું મોટુ કામ કરતો હોય પછી ૧૦-૨૦ ટકાની તે પણ અપેક્ષા રાખે.આમ વિકાસ માટે આવતા રકમના ૫૦ ટકાનો જાણે કે અધિકારી - પદાધિકારી-કોન્ટ્રાક્ટરો માટે જ સરકારે ફાળવ્યા હોય...? પછી કોને વિકાસ માનવો પ્રજાનો કે અધિકારીઓનો તાલુકામાં આટલા કરોડના વિકાસના કામો થયાના આંકડા જાહેર થાય પરંતુ વાસ્તવિક કામ કેટલું થયું તે કોણ જોવા જાય છે.અત્યારે તો સર્વ સર્વા તાલુકાની બાંધકામ શાખા પૈસા ફેંકો તમાશા

અનુસંધાન પાના નં.૬

# વડગામના પીરોજપુરાના ઈસમને જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ફરિયાદ

**આરોપીઓ દ્વારા ફરીયાદીને ખોટા કેસમાં ફસાવી દેવાની પણ આશંકા વ્યકત કરાઈ**

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકાના પીરોજપુરા ગામના વતની અને ડાયમંડ કોમ્પલેક્ષમાં તાજ ઝેરોક્ષની દુકાન ચલાવતા અબ્દુલ્લાહ હાસમ ભોરણીયાને અન્ય દુકાનદાર સહીત બે ઈસમોએ જાનથી મારી નાખવાની ધમકી આપતાં ડી. એસ.પી.બનાસકાંઠાને કાયદેસર પગલાં ભરવા માંગ કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ છાપી હાઈવે ઉપર કોર્નર બેકરી નામની

અનુસંધાન પાના નં.૬

# પાલનપુર પાલિકાની વોર્ડ નં.૭ ની પેટા ચૂંટણીમાં અંદાજે ૩૮ મતદાન



(સંજય જોષી)

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાની વોર્ડ નં.૭ ની ખાલી પડેલી એક બેઠક માટેની પેટા ચૂંટણી યોજાઈ હતી. ભાજપ-કૉંગ્રેસ વચ્ચેના પ્રતિષ્ઠાભર્યા ચૂંટણી જંગમાં અંદાજે ૩૮.૨૩% મતદાન થયું હોવાના અહેવાલ મળ્યા છે. ત્યારે મતદારોની નિરસતા વચ્ચે થયેલા પાંગળા મતદાનથી બંને ઉમેદવારોના જીવ તાળવે ચોટયા છે.

પાલનપુર પાલિકાની વોર્ડ નં.૭ ની પેટા ચૂંટણીમાં કૉંગ્રેસી ગોત્ર ધરાવતા અશોક પુરોહિત ભાજપમાંથી જયારે ભાજપી ગોત્ર ધરાવતા અમૃત દાઢીના પુત્ર કૌશલ જોશી કૉંગ્રેસના ઉમેદવાર તરીકે

**૧૧ બુથ પર થયું મતદાન**

વોર્ડ નં.૭ ની પેટા ચૂંટણીમાં ૯,૭૦૦ મતદારો હતા. જેઓ માટે ૪ બિલ્ડિંગમાં ૧૧ બુથ બનાવવામાં આવ્યા હતા. ત્યારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે અંદાજે ૩૮.૨૩% મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી બંને ઉમેદવારોનું ભાવિ ઈ.વી.એમ.માં કેદ કર્યું હતું. જોકે, મતદાન શાંતિપૂર્વક સંપન્ન થતા તંત્રે પણ હાશકારો અનુભવ્યો હતો.

**બંને ઉમેદવારોનું ભાવિ ઈ.વી.એમ.માં કેદ : પાંગળા મતદાન વચ્ચે બંને ઉમેદવારોના જીવ પડીકે બંધાયા**

ચૂંટણી જંગ લડી રહ્યા છે. ત્યારે ફાઈટ ટુ ફિનિશ સમા આ ચૂંટણી જંગમાં બંને પક્ષોએ મરણિયા પ્રયાસો કર્યા હતા. ભાજપે આ બેઠક કૉંગ્રેસ પાસેથી આંચકી લેવા કેસરિયા ફોજ ખડકી દીધી હતી. પાલિકા પ્રમુખ નિલમબેન જાની, ભાજપ અગ્રણી હરેશભાઈ જાની, પ્રતાપભાઈ જાની, પાલિકા ઉપપ્રમુખ અશોક ઠાકોર, બાંધકામ કમિટીના ચેરમેન દશરથસિંહ સોલંકી સહિતના નગરસેવકો તથા શહેર ભાજપ સંગઠન પણ ખડે પગે હાજર રહ્યું હતું.

જયારે સામા પક્ષે કૉંગ્રેસ અગ્રણી પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ ઝાકિર ચૌહાણ, વિપક્ષના નેતા અમૃતભાઈ જોશી, નગરસેવિકા અંકિતા ઠાકોર, જીતુ ઠાકોર સહિતના કૉંગી અગ્રણીઓ હાજર

અનુસંધાન પાના નં.૯

# શિહોરી જીઆઈડીસીમાં વિકાસના કામોમાં ગેરરિતી આચરાયાની ફરીયાદ



વિજય સિલ્વા

**પ્લોટ ધારકો દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરાઈ**

પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ તાલુકા મથક શિહોરી ખાતે આવેલ જીઆઈડીસીમાં ચાલતા વિકાસકામોમાં કોન્ટ્રાક્ટર દ્વારા ગેરરિતી આચરાઈ હોવાની ફરીયાદ ઉઠવા પામી છે. જે અંગે પ્લોટ ધારકો દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી તપાસની માંગ કરાઈ છે.

શિહોરી ખાતે જીઆઈડીસીમાં રાજય સરકાર દ્વારા પાંચ ટકા પ્લોટ ધારકોના લોક ફાળા થકી અંદાજે રૂા.૬૫ લાખના ખર્ચે રોડ, ગટર, વિજળી, દરવાજા તેમજ કંપાઉન્ડ વોલ જેવા વિકાસ કામો હાથ ધરાયા છે. જેનુ સંચાલન જીઆઈડીસીના પ્રાદેશિક મેનેજર અને કાર્યપાલક ઈજનેર મહેસાણા દ્વારા કરવામાં આવે છે. પરંતુ જીઆઈડીસીમાં શરૂ થયેલ વિકાસ કામગીરીમાં કોન્ટ્રાક્ટર દ્વારા ગેરરિતી આચરવામાં આવતી હોવાની ફરીયાદ ઉઠી છે. જેમાં કોન્ટ્રાક્ટર દ્વારા પોતાની મનમાની મુજબ હલકી ગુણવત્તાનો માલસામાન વાપરવામાં આવે છે. રોડના કામમાં કપચી-સિમેન્ટના બદલે આરએમએમની નાની ગ્રીટ રેતીનો ઉપયોગ પ્લોટની કામગીરીમાં હલકી કક્ષાના કપચી-સિમેન્ટ અને સ્ટીલનો ઉપયોગ કરી રોડના કામમાં તેમજ કમ્પાઉન્ડ વોલની ઉંડાઈ

અનુસંધાન પાના નં.૬

# દિયોદરથી છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

પાલનપુર

જિલ્લા પોલીસ વડા નીરજકુમર બડગુજરની સુચના અને માર્ગદર્શન હેઠળ પાલનપુર પેરોલ ફલો સ્કવોર્ડના પી.એસ.આઈ. આર.કે.પરમાર તથા તેમની ટીમના એએસઆઈ ખુમાજી, કિરણસિંહ, હે.કો. ગોવિંદભાઈ, કાનજીભાઈ તેમજ પો.કો. રમેશભાઈ વગેરેએ મળેલ હકીકતના આધારે દિયોદર ખાતે વોચ ગોઠવી હતી. જ્યાં દિયોદર પોલીસ સ્ટેશનના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા રબારી વેલાભાઈ જોરાભાઈ રહે. દિયોદર રબારીવાસને ઝડપી લઈ દિયોદર પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

હવે ગણતરીના દિવસો જ...
વર્ષોની પરંપરા... રખેવાળ વાર્ષિક લવાજમ યોજના...
એક નહિં... બે...બે... વિકલ્પો સાથે...
૧ વાર્ષિક લવાજમ ~~રૂા.૭૨૦/-~~ ના બદલે ચૂકવો રૂા.૬૦૦/- લવાજમ ભરતાની સાથે જ રૂા.૧૨૦/-નું રોકડ ફાયદો
૨ વાર્ષિક લવાજમ રૂા.૮૦૦/- ભરો અને મેળવો એક આકર્ષક ખુરશી (પ્લાસ્ટીક ચેર)
વિષ્ણુભાઇ પરમાર - વાવ ૯૪૨૭૦૬૪૪૬૦
કાશીરામભાઇ પુરોહીત - થરાદ ૯૪૨૭૩૨૭૦૧૨
કંચનજી ઠાકોર - ભીલડી ૯૪૨૬૭૫૨૩૬૪
વજેરામ સીલવા -શિહોરી ૯૪૨૮૬૫૨૨૮૯
સજ્જનસિંહ દરબાર - કંબોઇ ૯૪૨૬૭૫૯૩૬૬
માનસુંગભાઇ - ભીલડી ૯૭૨૭૯૮૧૩૨૮
એમ. મરડીયા - કાણોદર ૯૯૯૮૦૯૧૭૫૭
મહેન્દ્ર શાહ - રામપુરા ૯૯૪૭૨૯૯૮૧૭
નરસિંહભાઇ - ટેઢાલ ૯૬૨૪૮૩૨૨૨૦
મનુજી ઠાકોર - ચડોતર ૯૭૨૭૬૪૩૫૫૫
હરીભાઇ પટેલ - જસરા ૯૭૧૪૪૨૨૧૭૭
રમેશભાઇ રબારી - આગથળા ૭૫૬૭૩૯૯૧૧૯
હરીભાઇ ઠક્કર - કુચાવાડા ૯૯૭૯૯૯૦૬૮૦
સુરેશભાઇ મોદી - દાંતીવાડા ૯૯૨૪૫૨૩૬૯૮
ધીરાભાઇ પટેલ - ભીમગઢ ૯૮૨૫૯૪૮૯૫૨
બદસિંહ દરબાર - જેનાલ ૯૯૨૫૭૬૬૪૧૫
વધુ વિગતો માટે આપના નજીકના વિતરક અથવા રખેવાળ કાર્યાલય, ડીસા.
ફોન : (૦૨૭૪૪) ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ઉપર સંપર્ક કરો.

# ભીલડી પંથકમાં બિન આરોગ્યપ્રદ ઠંડા પીણાનું ધુમ વેચાણ

**આરોગ્ય ખાતુ કુંભકર્ણની નિંદ્રામાં**

પ્રતિનિધિ ભીલડી

છેલ્લા કેટલાક સમયથી ભીલડી પંથકમાં ઠેરઠેર બિન આરોગ્યપ્રદ ઠંડા પીણાનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. છતાં આરોગ્ય ખાતા દ્વારા કોઈ કાર્યવાહી હાથ ન ધરાતા વેપારીઓને ખુલ્લો દોર મળી ગયો છે.

મળતી માહિતી મુજબ ભીલડીમાં ઠંડાપીણાની બિનકાયદેસર ફેક્ટરીઓ ધમધમી રહી છે. અને બાટલીઓમાં પ્રદુષિત પાણીમાં કલર તથા એસેન્સ નાંખી પેકીંગ કરી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ અંગે આરોગ્ય ખાતા દ્વારા આકસ્મિક ચેકીંગ હાથ ધરવામાં આવે તેવી જાગૃત નાગરિકોની માંગ છે. બાટલીઓમાં જુદી જુદી માર્કાના નામો રાખી વેચાણ કરી રહ્યા છે. છતાં કોઈ કાર્યવાહી હાથ ધરાતી નથી. કેમીકલ તથા કલર મિશ્રિત બાટલીઓ ભરી ઠંડા પીણાનું વેચાણ કરી રહ્યા છે.

આરોગ્યતંત્ર દ્વારા ખાનગી રાહે ભીલડી પંથકમાં તપાસ કરી આવી બિન આરોગ્યપ્રદ ફેક્ટરીઓ સીલ કરવામાં આવે તેવી જાગૃત નાગરિકોની માંગ છે.

# ડીસા પંથકના બટાટાના વેપારીઓ, ખેડૂતો અને કોલ્ડ સ્ટોરેજના સંચાલકો પર આઈટીની નજર

**છેલ્લા ત્રણ વર્ષથી બટાટાના વ્યવસાયમાં મોટુ નુકશાન થયું હોવા છતાં ઈન્કમટેક્ષના અધિકારીઓ દ્વારા પજવણી થતી હોવાની રાવ**

પ્રતિનિધિ વડાવળ

સમગ્ર દેશભરમાં બટાટા ક્ષેત્રે ડીસાનું નામ જોવા મળી રહ્યું છે. ત્યારે છેલ્લા ત્રણ વર્ષથી બટાટામાં મંદીના માહોલના પગલે બટાટાના વ્યવસાય સાથે સંકળાયેલા ખેડૂત, વેપારી અને કોલ્ડ સ્ટોરેજ સંચાલકોને મોટું નુકશાન ભોગવવાનો વારો આવ્યો હતો.

ડીસામાં આવેલા અંદાજીત ૧૫૦ થી વધુ કોલ્ડ સ્ટોરેજમાંથી ૭૦ ટકા કોલ્ડ સ્ટોરેજના સંચાલકોએ બેન્કો દ્વારા અપાતી પ્લે લોન પણ બટાટાની મંદીના કારણે ભરપાઈ કરી શક્યા નથી. ગત વર્ષે નોટબંધી બાદ બટાટામાં મહામંદી જોવા મળી હતી. જેથી ઉંચા ભાવે ખરીદી કરેલા બટાટામાં મહામંદી જોવા મળી હતી. જેથી ઉંચા ભાવે ખરીદી કરેલા બટાટાને કોડીના ભાવે વેચવાનો વારો આવતા ખેડૂત વર્ગ સહિત વેપારીઓ અને કોલ્ડ સ્ટોરેજના માલિકોને મોટું નુકશાન થવા પામ્યું હતું. જેથી કોલ્ડ સ્ટોરેજના હપ્તા પણ ભરપાઈ થઈ શક્યા ન હતા. ચાલુ સિઝનમાં પણ બટાટાનો સામાન્ય ભાવ જોવા મળતા મુશ્કેલીઓમાં વધારો થયો હતો. જેથી ખેડુત વેપારી સહિત કોલ્ડ સ્ટોરેજના માલિકોને ચાલુ સિઝનમાં બટાટાના ભાવે ડુચકા ભરવાનો વારો આવ્યો હતો. જેના પગલે આ વર્ષે અનેક કોલ્ડ સ્ટોરેજના માલિકો દ્વારા બટાટા પર અપાતી પ્લે લોન પણ ભરપાઈ કરી શક્યા ન હતા. ત્યારે સરકારના નોટબંધી બાદ દેશના આઈ.ટી.વિભાગ અનેક સ્થળો પર તેની તપાસ આદરી હતી. જેમાં ડીસા પંથકમાં આવેલા અનેક કોલ્ડ સ્ટોરેજમાં પણ આઈટી

અનુસંધાન પાના નં.૬

# આજથી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સવારનો સમય

**સરહદી વિસ્તારના વિદ્યાર્થીઓને ગરમીથી મુક્તિ મળશે !**



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

બનાસકાંઠા જિલ્લામાં આવેલી પ્રાથમિક શાળા ઓનો સમય સોમવારથી સવારનો થઈ રહ્યો છે. આ વર્ષ માર્ચ મહિનાના અંતિમ સપ્તાહમાં રેકોર્ડ બ્રેક ગરમી પડવાના કારણે તેની અસર જનજીવન ઉપર જોવા મળી રહી છે. જેથી સરહદી વિસ્તાર ધરાવતા બનાસકાંઠા જિલ્લામાં આવેલી પ્રાથમીક શાળાઓના વિદ્યાર્થીઓ પણ ગરમીથી તોબા પોકારી ઉઠ્યા હતા. ત્યારે દર વર્ષની જેમ ૧ લી એપ્રિલથી પ્રાથમિક શાળાઓનો સમય સવારનો કરવા માટે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા દરેક શાળામાં પરિપત્ર દ્વારા જાણ કરવામાં આવતા ૧ લી એપ્રિલના રોજ શનિવાર હોવાથી શાળાનો

અનુસંધાન પાના નં.૬

કોઈજ પરિચય વગર ફેસબુકના માધ્યમથી

# સેવાકાર્યોથી પ્રેરાઈ અમેરિકાથી યુવાને પાણીની પરબ માટે ૫૧ હજારનું દાન મોકલ્યું

**પાણીની પરબનો ખર્ચ સદભાવના ગ્રુપજ ભોગવતું હોઈ આ નાણા સારા હેતુ માટે અનાથ આશ્રમમાં દાન કરવામાં આવ્યા**

પાલનપુર

છેલ્લા સાત વર્ષ થી પાલનપુર ગુરુનાનક ચોક પાલનપુર મુકામે સદભાવના ગ્રુપ દ્વારા મિનરલ પાણીની પરબ અવિરત પણે ચલાવવામાં આવે છે. જેને જોઈ અનુકરણ કરી છેલ્લા ૨ વર્ષથી પાલનપુરમાં અનેકવિધ સેવાકીય સંસ્થાઓ પાલનપુર તથા જીલ્લામાં અનેકો જગ્યાએ પાણીની પરબ ઉનાળાની ઋતુમાં શરૂ કરે છે.

સોશિયલ મીડિયા એટલે કે ફેસબુકના માધ્યમથી અમેરરીકામાં બેઠેલા મૂળ ભારતીય અને મહેસાણાના સચિન પટેલ નામના યુવાન કે જેઓ ન્યુયોર્ક સિટીમાં



પોતાના સ્ટોર અને પેટ્રોલપંપ ચલાવે છે જેઓ ઘણા સમયથી સદભાવના ગ્રુપની પ્રવૃતિ જોઈ રહ્યા હતા. તેઓ સદભાવના ગ્રુપના ચેરમેન હરેશ ચૌધરીને ઓળખતા નથી કે નથી કદી મળેલા પરંતુ સદભાવના ગ્રુપના કાર્યોથી પ્રભાવિત થઈ કહ્યા વગર તેમના નામે પાલનપુર પોસ્ટ ઓફિસમાં વેસ્ટર્ન યુનિયનના માધ્યમથી ૮૧૩ ડોલર એટલે કે ૫૧,૧૦૮/- (એક્કાવન હજાર એકસોને આઠ) રૂપિયા દાન ૩૧/૦૩ ના રોજ મોકલ્યું છે.પાણીની પરબ માટે સદભાવના ગ્રુપ કોઈ ફાળો ના સ્વીકારતું હોઈ દાતા સચીનભાઈ પટેલની લાગણીને ધ્યાને રાખતા મળેલ રકમ સદભાવના ગ્રુપના હરેશ ચૌધરી દ્વારા પાલનપુર અનાથ આશ્રમમાં આપવાનું નક્કી કરેલ છે. આમ નિયત જો તમારી સારી હોય તો લોકો તમને પાતાળમાંથી શોધી કાઢે છે આ ઉક્તિ આજે સાચી ઠરતી હોય એમ લાગે છે.અનેક સેવાના કાર્યો કરતું સદભાવના ગ્રુપ યુવાનો માટે પ્રેરણા દાઈ બન્યું છે અને એમાં પણ ખાસ કરી ને સોસીયલ મીડિયાનો સદ્ઉપયોગ યુવાનોમાં જાગૃતતા અને સકારાત્મક કાર્યો કરવા અને ફેસબુક વોટ્સપનો સદઉપયોગ કરવા માટે યુવાનોને પ્રેર્યા છે.

# ધાનેરા પોલીસે બોલેરો ગાડીમાંથી વિદેશી દારૂ ઝડપી લીધો



એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

જિલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરના માર્ગદર્શન તથા થરાદ નાયબ પોલીસ અધિક્ષક યુ.આર.પટેલની સુચનાથી ધાનેરા તાલુકામાં યોજાનાર ચૂંટણી શાંતિપૂર્વક થઈ શકે તે માટે પ્રોહીબીશનની બદી રોકવા ધાનેરા પોલીસે પેટ્રોલીંગ હાથ ધર્યુ છે જે દરમિયાન ગતરોજ ધાનેરા પી.આઈ.ને જી.એલ. ચૌધરીને મળેલી બાતમી હકીકતથી સ્ટાફ અ.હેડ.કો. દિલાવરખાન સીકંદરખાન, અ.હેડ.કો. રણછોડભાઈ બુચા ભાઈ, આ.પો.કો. ભેમજીભાઈ

અનુસંધાન પાના નં.૬

ISO 9001:2008
શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા
સંચાલિત
શ્રી મોરારજી દેસાઈ પેટાબજાર ભીલડી
તમાકુ ની હરાજીનો શુભારંભ
આથી તમાકુનું ઉત્પાદન કરતા ખેડુતભાઈઓ અને તેનુ ખરીદ-વેચાણ કરતા વેપારીભાઈઓને જણાવવાનું કે બજાર સમિતિ ડીસા સંચાલિત પેટાબજાર ભીલડીમાં ચાલુ સીઝનની તમાકુની કામગીરીનો શુભારંભ તા-૦૩/૦૪/૨૦૧૭ને સોમવારના રોજ કરવામાં આવનાર છે.તો તમાકુનુ ઉત્પાદન કરતા તમામ ખેડુતભાઈઓને પોતાનો ઉત્પાદીત જથ્થો લાવવા અનુરોધ છે.
અમૃતલાલ એન.જોષી ઈન.સેક્રેટરી
કરશનભાઈ એસ.પટેલ વા.ચેરમેન
માવજીભાઈ એમ.દેસાઈ ચેરમેન